શ્રી લબ્ધિસૂરીશ્વરજૈન ગ્રન્થમાલા દશમ મણિ [૧૦]

# મૂર્તિમંડન.

હિન્દી નિબંધનો ગુજરાતી અનુવાદ

મૂલ હિન્દી લેખક

જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ સૂરિસાર્વભૌમ જૈનાચાર્ય

**શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

ગુજરાતી અનુવાદક

**કેશવલાલ ડી. દેશાઇ**

વીર. ૨૪૬૬ વિક્રમ. ૧૯૯૬ આત્મ ૪૫

સન ૧૯૪૦ પ્રત ૭૫૦

મૂલ્ય ચાર આના.

## ધ....ન્ય....વા....દ.

બગડી( મારવાડ )વાલા.

શા. સાગરમલજી કાંઠેડના ધર્મપત્ની શ્રીમતી કેશરબાઇએ ઉપધાન તપની પૂર્ણાહુતિ નિમિત્તે આ પુસ્તકની ત્રણુસો નકલ વિના મૂલ્યે વ્હેંચવા માટે લીધી છે તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

મુદ્રકઃ—
શેઠ દેવચંદ દામજી
આનંદ પ્રેસ—ભાવનગર.

# યત્કિંચિત્

વર્તમાન તીર્થાધિપતિ ત્રિકાળવિદ્ સર્વજ્ઞ વીતરાગ પ્રભુ ચરમતીર્થપતિ શ્રી મહાવીર ભગવાનના નિર્વાણ પછી સેંકડો વર્ષ બાદ અનેક મતભેદોના બીજ રોપાયાં, જે મહાન વ્યક્તિઓના વિચારતત્ત્વોની સાથે સંઘર્ષણ પામતાં પણ નાશ ન પામ્યા, કિન્તુ વિશેષ વિશેષ તેના મૂળ મજબૂત થતા ગયા.

આજ જૈનોની સંખ્યામાં અગર તો જૈન ધર્મમાં જે કંઈ ન્યૂનતા છવાઈ હોય, તો તે મતભેદના ખોટા વિતંડાવાદને આભારી છે.અત એવ 'मुण्डे मुण्डे मतिर्मिन्ना' એ વાક્ય ચરિતાર્થ થવા લાગ્યું.

'धुवं दाउं' जिणवराणं એ રાયપસેણી સૂત્રના આધારે સ્થાપનાજિન અને ભાવજિન બન્ને ય પૂજ્ય તરીકે સમાન છે. અને જૈનાગમોમાં સ્થળે સ્થળે ચારે નિક્ષેપા માન્ય છે, તેની યુક્તિપુરસ્સર સિદ્ધિ પણ કરવામાં આવી છે. આથી પ્રભુનું નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ચારે પૂજનીય ઠરે છે; છતાં પણ ૧૬ મી શતાબ્દિમાં લોંકા નામની એક વ્યક્તિએ પ્રભુમૂર્તિના સનાતન સિદ્ધાન્તને ઉડાવવા તનતોડ પ્રયત્ન કર્યો. તે પછી અઢારમી શતાબ્દિમાં લવજીએ

પ્રભુપ્રતિમાના દર્શન અને પૂજનનો જોરશોરથી પ્રતિષેધ કર્યો. આંધળાઓને હૈયાફુટા મળે તેમ કલિકાળના ઝેરી પવનથી વ્યાપ્ત તેઓનો અનુયાયી વર્ગ પણ વૃદ્ધિંગત થવા લાગ્યો.

અહો ! પ્રભુમૂર્તિના અસલી સિદ્ધાન્તની જેના હૈયામાં અસર ન પહોંચી અને ઈસ્લામી મતની ઊંડી અસર થઈ, એવા ખોટા મતના અનુયાયીઓની કઈ કપરી દશા થશે ? તે જ્ઞાની મહારાજ જાણે. આ મતની સવિસ્તર કથા ન્યાયાંભોનિધિયુગપ્રધાનગુરૂદેવ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વરજી** ( આત્મારામજી ) મહારાજાએ '**સમ્યક્તિશલ્યોદ્ધાર**' માં કહી છે. એટલે વિશેષ જાણવાની જિજ્ઞાસાવાળાઓએ ત્યાંથી જાણી લેવી.

પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્ વિજય**લબ્ધિસૂરીશ્વરજી** મહારાજ જ્યારે ભરયુવાવસ્થામાં પાંચાલ દેશમાં વિચરી રહ્યા હતા ત્યારે ત્યાં આર્યસમાજીષ્ટો, સ્થાનકવાસીઓ આદિ મૂર્તિવિરોધક સમાજોનું બળ પુરજોશમાં હતું. તેવા સમયે પૂજ્ય ગુરુદેવને અનેક સ્થળોએ વાદવિવાદના પ્રસંગો ઉપસ્થિત થતા તે સમયે સિંહગર્જના સમ જોસીલી અને યુક્તિયુક્ત વાણીના શ્રવણથી શ્રોતાજનોના હૃદયો નાચી ઉઠતા અને મૂર્તિવિષયક શંકાઓથી ઘણા મધ્યસ્થ આત્માઓ મુક્ત પણ થતા, પરિશ્રમ સહી સારા પંજાબમાં વિચરી મૂર્તિવિરોધીઓની શ્રદ્ધાને દુરસ્ત કરી, એ સ્વાભાવિક અશક્ય નહિ તો કઠિન તો હતું જ. એ કઠિનતાને ધ્યાનમાં લઈ, મૂર્તિપૂજાના મંતવ્યને પુષ્ટ કરતું '**મૂર્તિમંડન**' નામનું આ પુસ્તક સોથી પ્રથમ

સં. ૧૯૬૬ માં ઉર્દૂ ભાષામાં રચ્યું. કેટલાક વર્ષ પછી તે પુસ્તકની હિન્દીમાં આવશ્યક્તા જણાતા સં. ૧૯૬૯ માં તે ભાષામાં બહાર પડયું અને તે પછી ગુજરાતી જનતાની માગણી થતાં આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ જ્યારે ૧૯૮૩ માં પૂ. ગુરુદેવ સુરત બિરાજતા હતા ત્યારે પ્રકાશનાર્થે તૈયાર થઈ ગયો હતો પરન્તુ અન્યાન્ય કાર્યોમાં રોકાઇ જવાથી તે ન બની શકયું. આજે ગુજરાતી જનતાની સમક્ષ બહાર મૂકાય છે. આ અનુવાદ ૧૩ વર્ષ ઉપર બનેલો હોવાથી આજની સંસ્કારી ભાષા તેમાંથી ન મળે તો તેને માટે અનુવાદક દોષિત ન ગણાવા જોઈએ.

આજે કયા કયા મતો મૂર્તિપૂજાનો નિષેધ કરનારા છે તે વાંચક વૃન્દથી અજાણ્યું નથી, પરન્તુ તેનો નિષેધ કરનારા પણ મૂર્તિપૂજાથી બચ્યા તો નથી જ એ વાત પણ પ્રસ્તુત પુસ્તકમાં સિદ્ધ કરવામાં આવી છે અને આબાલગોપાળ સમજી શકે તેવી સરળ પદ્ધતિથી પ્રશ્નોત્તરરૂપે રચાયેલ રચના એ પણ આ ગ્રન્થની વિશિષ્ટતા છે.

આ આવૃત્તિમાં મારા તરફથી પરિશિષ્ટનો ઉમેરો કરવામાં આવ્યો છે, જેમાં મૂળગ્રન્થમાં આવતા મૂર્તિપૂજાના પાઠો સિવાયના કેટલાક વિશેષ પાઠોનો સંગ્રહ કરવામાં આવેલ છે, જેથી જનતામાં સ્પષ્ટતયા મૂર્તિપૂજાની સિદ્ધિનો પ્રકાશ પથરાશે.


આશા રહે છે કે–મૂર્તિપૂજાવિષયક પારસ્પરિક જે વિરોધો–આન્દોલનો–ઝઘડાઓ જોવામાં આવે છે તે બધા ય

સમી જશે અને સહુ કોઈ આગમસિદ્ધ પ્રભુપૂજાના સાચા પૂજારી બની આત્મકલ્યાણ સાધશે.

આ પુસ્તકના સંશોધનમાં **મુનિશ્રી ભાસ્કરવિજયજીએ** જે સક્રિય મદદ આપી છે તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

અન્તમાં દૃષ્ટિદોષ યા પ્રેસદોષથી જે કંઈ ભૂલો રહી જવા પામી હોય તે સુધારી લેવા વાચકવર્ગને મારું નમ્ર સૂચન છે.

ફલોધી (મારવાડ)
વૈશાખ શુકલ પૂર્ણિમા. ૧૯૯૬
તા. ૨૧–૫–૪૦
} મુનિ વિક્રમવિજય



શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

આનંદ પ્રેસ-ભાવનગર.

# મૂર્તિમંડન

# मङ्गलाचरणम्

रागद्वेषपरित्यक्ता विज्ञाता विश्ववस्तुनः ।
सेव्यः सुधाशनेशानां गिरीशो ध्यायते मया ॥ १ ॥

सूरिं श्रीविजयानन्दं तं नमामि निरन्तरम् ।
यस्यातुलप्रसादेन बालोऽपि मुखरीकृतः ॥ २ ॥

प्रणम्य सद्गुरुं भक्त्या सूरिं श्रीकमलाह्वयं ।
क्रियते मूर्तिपूजाया मण्डनं दुःखखण्डनम् ॥ ३ ॥

આ સંસારમાં જેટલા જેટલા મતવાદીઓ છે તે બધા કહે છે કે ઇશ્વર કે, પરમાત્માનું ધ્યાન પ્રાણીને સંસારસાગરમાંથી તારે છે, પરંતુ તેમાં કેટલાક નિરાકારવાદી છે અને કેટલાક મૂર્તિને માનનારા છે. હવે જે નિરાકારવાદીઓ છે તેઓ એટલું કેમ નહિ સમજી શકતા હોય કે—નિરાકારનું ધ્યાન કેવી રીતે ધરી શકાય? જેનો આકાર નથી—તેનું ધ્યાન કોઇ પણ માણુસ ધરી શકે છે એમ માનવું એ કદાપિ યુક્તિ યુક્ત ન જ ગણાય. દૃષ્ટાંત તરીકે કોઈ માણુસને કહેવામાં આવે કે, શીતલદાસ નામના લાયક પુરુષ છે અને મુંબઇ શહેરમાં રહે છે, તેમનું ધ્યાન ધરો. અત્રે તે માણુસે કદિ તેમને જોયા નથી, તો તે તેમનું સ્વરૂપ કદાપિ પોતાની આગળ ખડું કરી શકશે નહિ—પરંતુ પ્રથમ તેને શીતલદાસની છબી બતાવી હોય તો પાછળથી તે તેમનું સ્વરૂપ પોતાની સન્મુખ જોઇ શકશે. આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજાય છે કે નામમાત્રથી કાર્ય સરતું નથી. જો નામ માત્રથી પૂર્ણાહુતિ થતી હોય તો આર્યસ્કૂલ ( પાઠશાલા ) અથવા ઇસાઇ સ્કૂલમાં ભણુતા છોકરાઓ અને છોકરીઓને વિવાહના સમયે એક બીજાના ફોટાઓ જોવાની જરૂરીયાત ન જ હોઇ શકે. છોકરો કન્યાનું નામ માત્ર જ પુછી લે એટલે સર્યું, પરંતુ તેમ બનતું નથી. એક બીજાના ફોટાઓ જોવાની તેમને જરૂરીયાત જણાય છે જ. તેઓ બિચારા તે વખતે નહિ જાણુતા હોય કે આપણા આ કાર્યથી આપણા જ ધર્મનો સિદ્ધાંત ઊડી જાય છે! છોકરા અને

છોકરીઓ તો નજરે દેખાતી વસ્તુઓ છે; અને જ્યારે તેમના ચિત્ર વગર નથી ચાલી શકતું ત્યારે પરમાત્મા કે જે નિરાકાર છે તેમનું સ્વરૂપ ચિત્ર વગર ઓળખવું તે દુ:સાધ્ય છે–અને તે જ સિદ્ધાંત અનુસારે તેમનું ધ્યાન કોઇ પણ જાતના સ્વરૂપ વગર કરવું એ તો ન જ બની શકે, એ રીતે સ્પષ્ટ જણાઇ આવે છે. અહીં કોઇ પ્રશ્ન ઉઠાવશે કે પુરૂષો તો સ્વરૂપવાલા છે માટે તેમના ચિત્રો બનાવી શકાય, પરંતુ કોઇ પણ મૂર્તિ ઇશ્વર કે પરમાત્માની છે જ નહિ, માટે તેમની મૂર્તિ હોઇ શકે જ નહિ; પરંતુ આથી અમારા ઢુંઢક ભાઇઓ છૂટી શકતા નથી; કારણ કે તેઓ અમારી માફક જ ચોવીસે અવતારો સાકાર માને છે. બતલાવો કે તેઓ મૂર્તિપૂજાથી કેવી રીતે છૂટી શકે છે? તે સિવાય બાકી રહેલા બીજાઓ પણ મૂર્તિપૂજાથી છૂટી શકતા નથી. મૂર્તિ નથી માનતા એવું તેમનું કથન ખરેખર મિથ્યા છે. યથાકથન રાજાના દૃષ્ટાંતથી આ વાત બરાબર સમજી શકાશે. ઇર્ષ્યા અને કુપદના ચશ્મા ઉતારીને જો બરાબર ધ્યાન દેશો તો જરૂર આ મૂર્તિપૂજાના સૂક્ષ્મ વિષયને આપ માની લેશો. હવે એકચિત્ત થઇને સાંભળો.

એક નગરમાં એક રાજા હતો. તે ધર્મિષ્ઠ, જિજ્ઞાસુ અને સમદર્શી હતો. તેને બે મંત્રીઓ હતા. તેમાં એક મૂર્તિ પૂજાને માનતો હતો, જ્યારે બીજો માનતો નહોતો. રાજા પોતે તો હંમેશાં મૂર્તિપૂજા કરતો. હંમેશાં સવારમાં ઇષ્ટદેવની પૂજા કરીને તે કચેરીમાં જતો, તેથી ઘણી વખત તેને મોડું થઇ જતું. એક દિવસ મૂર્તિપૂજા નહિ માનનાર મંત્રીએ હાથ જોડીને પૂછ્યું: "મહારાજ! આપ ઘણી વખત કચેરીમાં મોડા આવો છો તેનું શું કારણ છે?" મહારાજાએ જવાબ આપ્યો: "હું પ્રભુપૂજા કરીને આવું છું તેથી કોઇ કોઇ વખત મોડું થઇ જાય છે." મંત્રીએ કહ્યું–"મહારાજ! હું આપનું અપમાન તો નથી કરતો, ખોટું

લાગે તો માફ કરજો. આપ આવા બુદ્ધિમાન થઈને મૂર્તિપૂજા કરો છો! મૂર્તિપૂજાથી કંઈ પણ લાભ થતો નથી. જડ વસ્તુને ઇશ્વર માનીને પૂજવી એ બુદ્ધિમાનોનું કર્તવ્ય નથી." અંતમાં તે મંત્રીએ રાજાને એવી એવી વાતો કરી કે જેથી રાજાનો વિચાર બદલાઇ ગયો. ને તેણે પ્રભુપૂજા કરવી છોડી દીધી. આ વાતને બે ચાર દિવસ વ્યતીત થયા ત્યારે પેલા બીજા મંત્રીને તે સંબંધી ખબર પડી. તેણે રાજાને પુછ્યું: "હે સ્વામિન્! સંભળાય છે કે આપે પ્રભુપૂજા કરવી છોડી દીધી છે, તો શું તે વાત સત્ય છે?" રાજાએ જવાબ આપ્યો હા સત્ય છે: "જડની પૂજા ઇશ્વર તરીકે માનીને કરવી એ બુદ્ધિમાનોનું કર્તવ્ય નથી. જડ વસ્તુ આપણને કંઇ આપી શકતી નથી.' મંત્રીએ પૂછ્યું: "સ્વામિન્! જો એમ જ હતું તો આપ પ્રથમ કેમ પ્રભુપૂજા કરતા હતા?" જવાબ મળ્યો: "તે વખતે હું અજ્ઞાન હતો, હવે મંત્રીએ (પ્રથમ) મને સન્માર્ગે ચડાવ્યો છે, તેથી આ કાર્ય મેં છોડી દીધું છે." મંત્રીએ પૂછ્યું: "મહારાજ! ભૂતલ પર એવો કોઇપણ ધર્મ હયાત છે કે જે મૂર્તિપૂજાથી વંચિત હોય? અને કોઇ ને કોઇ પણ પ્રકારે મૂર્તિપૂજા કબૂલ ન રાખતો હોય?" રાજાએ કહ્યું: "આપનો આ પ્રશ્ન બરાબર નથી, કારણ કે આપણો મંત્રી (પ્રથમ) મૂર્તિને નથી માનતો. વળી ઢુંઢિયા—યવન—શિખ્ખ—આર્ય અને ઇસાઇ લોકો પણ મૂર્તિપૂજાને નથી માનતા." મંત્રીએ પૂછ્યું: "મહારાજ! આપને માલૂમ છે કે આપનો પ્રથમ મંત્રી કયા ધર્મનો છે?" રાજાએ જવાબ આપ્યો: "તે આર્ય છે." મન્ત્રીએ પૂછ્યું કે આપને ખાત્રી જ છે કે, આર્ય—ઢુંઢીયા—શિખ્ખ—યવન—ઇસાઇ વગેરે મતવાદીઓ મૂર્તિપૂજાને નથી માનતા." રાજાએ કહ્યું—"હા મને આપણા મંત્રીએ (પ્રથમ) કહ્યું હતું કે અમે મૂર્તિપૂજાને નથી માનતા." મન્ત્રીએ કહ્યું:" મહારાજ

આંખ અને કાનને ચાર આંગળનું અંતર છે. આપે તો માત્ર મંત્રીની પાસેથી સાંભળ્યું છે, પણ અવલોકન નથી કર્યું કે એ લોકો મૂર્તિપૂજાને નથી માનતા એ વાત સત્ય છે વા મિથ્યા છે, જો આપ જુઓ તો આપને પોતાને જણાઇ જશે કે તે લોકો શું શું કરે છે. હું તમને બરાબર બતાવી દઉં કે તેઓ મૂર્તિપૂજાથી અલગ ન જ હોઇ શકે." રાજાએ કહ્યું:" હા, તે ધર્મ-વાળાઓ મૂર્તિપૂજા માને છે એમ જો તમે યુક્તિપ્રમાણથી સિદ્ધ કરી બતાવો, તો તરત જ હું પ્રભુપૂજામાં લાગી જાઉં અને એ વાતનો તરત જ સ્વીકાર કરી લઉં." મન્ત્રીએ કહ્યું– "સ્વામિન્! આજથી ત્રીજે દિવસે આપ એક સભા ભરો. તેમાં ઢુંઢીયા–શિખ્ખ–યવન અને આર્યલોકોના ચાર લાયક પુરુષોને બોલાવો." રાજાએ આ વાત સ્વીકારી અને નક્કી કરેલા દિવસે સભા ભરાઈ. દરેક મતના સજ્જનોનો નાનકડો મેળો ભરાયો. પછી પેલા ચાર પુરુષોને બોલાવવામાં આવ્યા. તે પછી રાજાએ મૂર્તિપૂજક મન્ત્રીને આજ્ઞા આપી કે–" આ ચાર વ્યક્તિઓ સાથે પ્રશ્નોત્તર કરી મૂર્તિપૂજા સિદ્ધ કરો." મન્ત્રી પ્રથમ ઢુંઢિયા ભાઇને પુછવા લાગ્યા:" કેમ ભાઈ, આપ મૂર્તિપૂજાને નથી માનતા?"

ઢુંઢક—ના, મૂર્તિ જડ છે માટે અમે નથી માનતા. વળી તે યુક્તિથી સિદ્ધ થતી નથી, તેમજ તે સંબંધી અમારા સૂત્રોમાં તીર્થંકરમહારાજનું કથન પણ નથી.

મન્ત્રી—પ્રથમ તો, આપને યુક્તિથી સિદ્ધ કરી બતાવું છું. હાથી-ઘોડા-બળદ વગેરે ખાંડના રમકડાં તમે ખાઓ છો કે નહિ?

ઢુંઢક—જુઓ ભાઇ–સાચે સાચું કહું તો અમે કદાપિ

ખાંડના રમકડાં[૧] ખાતા નથી, પરંતુ જ્યારથી આ મૂર્તિપૂજાની બલા અમારે ગળે વળગી છે ત્યારથી કહીએ છીએ કે હા ખાઇએ છીએ.

મન્ત્રી—વાહ, વાહ, ત્યારે તો આપે ખૂબ કરી. મનુષ્યોના ભયને લઇને આપના વ્હાલા મન્તવ્યને પણ આપે દેશવટો દઇ દીધો. ઠીક હવે એ વાત જવા દો. કહો કે નવકારવાળીમાં કેટલા મણકા હોય છે ?

ઢુંઢક—એક સો આઠ ( ૧૦૮ ).

મન્ત્રી—ઓછાવત્તા કેમ નથી ? એક સો આઠની જ સંખ્યા કેમ નક્કી કરી છે ?

ઢુંઢક—અરિહંતભગવાનના બાર ગુણ, સિદ્ધભગવાનના આઠ ગુણ, આચાર્ય મહારાજના છત્રીસ ગુણ, ઉપાધ્યાય મહારાજના પચ્ચીશ ગુણ અને સાધુ મહારાજના સત્તાવીશ એમ કુલ્લે મળીને ૧૦૮ થયા. અને તે જ માટે માળામાં મણકા પણ ૧૦૮ જ છે.

મન્ત્રી—આથી આપ કંઇ સમજ્યા ?

ઢુંઢક—નહિજી, મને તો કંઇ સમજ પડતી નથી.

મન્ત્રી—ત્યારે તમને કહું તે ધ્યાન દઇને સાંભળો. પાંચ પરમેષ્ઠિના ગુણ ૧૦૮ છે અને તે જ કારણસર માળાના મણકા પણ ૧૦૮ જ રાખવામાં આવ્યા છે, તેથી સાફ સાફ

---

૧ નોટ — જે માણસને આ બાબતમાં શંકા હોય તે પોતાની સન્મુખજ ઢુંઢિયા ભાઇને ગાય ભેંસ આદિનું ખાંડનું રમકડું ખવરાવો તે કદાપિ નહિ ખાય. આથી સ્પષ્ટ થાય છે કે ખરી રીતે તેઓ મૂર્તિને માને છે, પરંતુ કેવળ ઈર્ષ્યાને લીધે હઠ પકડીને બેસે છે, અને કોઇ પણ જાતના પરમાર્થનો ખ્યાલ કરતા નથી.

જણાઇ આવે છે કે તેમાં મહાત્માઓના ગુણની સ્થાપના (મૂર્તિ) છે.

ઢુંઢક—એ તો ઠીક, હવે કોઈ વધારે યુક્તિ છે?

મન્ત્રી—હા, ઘણીયે છે. લો કહો, ત્યારે આપ આપના ગુરુ અને ગુરુણીઓની છબીઓ પડાવરાવો છો કે નહિ?

ઢુંઢક—હા સાહેબ, છબીઓ તો સેંકડો મલી આવે છે, તે છબીઓના અમે લોકો માત્ર દર્શન જ કરીએ છીએ, પણ ફળફૂલ, વગેરે ચઢાવીને તથા કાચા પાણીથી સ્નાન કરાવીને હિંસા તો નથી કરતા ને?

મન્ત્રી—ઠીક, તમે નહિ કરતા હો તો તમારા ગુરુ કરતા હશે.

ઢુંઢક— કેવી રીતે?

મન્ત્રી—જે વખતે છબી પાડવામાં આવે છે તે વખતે તેને કાચા પાણીથી ધોવામાં આવે છે, અને તેથી અસંખ્ય જીવો મરી જાય છે, તે છતાં પણ તમારા ગુરુઓ જાણીબુઝીને તેવી છબીઓ પડાવે છે. તેઓ પોતે આ બધું જાણે છે છતાં હિંસા કરાવે છે, તે માટે તમારા ગુરુઓ પણ હિંસાથી દૂર રહી શકતા નથી. આથી સ્પષ્ટ થાય છે કે પરમાત્માની મૂર્તિપૂજામાં હિંસા સમજીને દૂર ખસી જવું એ તમારી મોટી અજ્ઞાનતા છે. છબી પડાવવાથી મૂર્તિનો સ્વીકાર કર્યો. એમ સાફ સાફ માલમ પડી આવે છે.

તમે લોકો પરમાત્મા કે ઇશ્વરની મૂર્ત્તિઓ તૈયાર કરાવતા નથી, તેમજ તેમને નમન પણ કરતા નથી, પરંતુ ગુરુઓની છબીઓ આગળ ઝુકી પડો છો, એ ઘણા ખેદની વાત છે. જ્યારે તમે તમારા ગુરુઓની છબીઓની આગળ તમારા શિર ઝુકાવી દો છો, ત્યારે તે તમને મના કરતા નથી, પરંતુ બીજી બાજુ પરમાત્માની મૂર્તિનો નિષેધ કરે છે તો તેમને શું

પરમાત્મા સાથે શત્રુતા છે? અથવા તો તીર્થંકર મહારાજ જે જગદ્‌ગુરુ છે, તેમના કરતાં પણ તેઓ મોટા છે? આ પૂરેપૂરી બેસમજ નહિ તો બીજુ શું? જો તમે પક્ષપાત ત્યાગી દઇ ધ્યાન દેશો, તો મૂર્તિપૂજાથી કદાપિ અલગ નહિ રહી શકો. એક વાત હું આપને વધારે પૂછવા માંગું છું કે જે જગામાં સ્ત્રીઓના ચિત્રો હોય ત્યાં બ્રહ્મચારી સાધુ રહી શકે કે નહિ?

**ઢુંઢક**—કોઇ દિવસ ત્યાં ન રહે, કારણ કે જૈન શાસ્ત્રમાં લખેલું છે કે જે સ્થળમાં સ્રીઓનાં ચિત્રો હોય ત્યાં સાધુ-મહારાજ ન રહે, એ વાતનો અમે પણ સ્વીકાર કરીએ છીએ.

**મન્ત્રી**—હવે આપ જરા ધ્યાન દ્યો કે સૂત્રોમાં તેનો કેમ નિષેધ કર્યો છે?

" **प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि न प्रवर्तते।** "

અર્થાત્ મૂર્ખ પણ પ્રયોજન વગર કોઇપણ કાર્ય કરતો નથી. ત્યારે જે સૂત્રોમાં સર્વજ્ઞોનું જ્ઞાન ભરેલું છે તેમાં પ્રયોજન સિવાય નિષેધ કેવી રીતે હોઇ શકે?

**ઢુંઢક**—વારંવાર સ્રીઓના ચિત્રો જોવાથી માઠા ભાવો ઉત્પન્ન થાય છે માટે સૂત્રોમાં તેનો નિષેધ કરેલો છે.

**મન્ત્રી**—તો પછી વીતરાગ પરમાત્માની મૂર્તિથી શુભ ભાવો ઉત્પન્ન થવાનો સંભવ નથી? ચિત્રોને જોવાથી મૂળ વસ્તુ પર ધ્યાન જતું હોવાથી જ દિવાલ પરના સ્રીના ચિત્રો જોવાની સાધુપુરુષોને મનાઇ કરેલી છે, જેવી રીતે સૂર્યની સામેથી આપણે આપણી દૃષ્ટિ પાછી ખેંચી લઇએ છીએ, તેવી જ રીતે મુનિ પણ સ્રીના ચિત્રો જોતાં પોતાની દૃષ્ટિ પાછી ખેંચી લે; કારણ કે દિવાલ પરની સ્રીનું ચિત્ર જોઇને જે સ્રીનું ચિત્ર હોય છે.

તેનું સાક્ષાત્ સ્મરણ થાય છે અને ત્યારબાદ વિકાર ઉત્પન્ન થાય છે. જ્યારે તુચ્છ સ્ત્રીનું ચિત્ર જોતાં સાક્ષાત તે સ્ત્રીનું ભાન થાય છે, ત્યારે તીર્થંકર મહારાજની મૂર્તિના દર્શન કરવાથી શું તેમનું સ્મરણ નહિ થાય કે? જરૂર થશે. તમે તમારા ગુરુઓના ફોટાઓનું સન્માન કરો છો. જો તેમના ફોટાનું કોઇ અપમાન કરે તો તે સહન કરી શકતા નથી, તો શું માત્ર પરમાત્માની મૂર્તિ પ્રત્યે દ્વેષ છે કે? જો તમે એમ કહેતા હો કે અમારા ગુરુઓના ફોટાનું સન્માન અમે નથી કરતા તો તે આપનું કહેવું મિથ્યા છે. તે વાત તો ત્યારે જ સત્ય મનાય કે જ્યારે કોઇપણ અપવિત્ર સ્થાનમાં તમારા ગુરુની છબી પડી હોય ને તમે તે નજ ઉઠાવો પરંતુ તેને બદલે તમે તો તેને કાચથી મઢાવીને તમારા નિવાસસ્થાનમાં ઉચ્ચ સ્થાને લટકાવો છો.

તમારી ધાર્મિક યુક્તિથી તો મૂર્તિનું સન્માન કરવું કે તેને નમન કરવું તે વિરુધ્ધ ગણો છો તે છતાં સતી પાર્વતી, ઉદયચન્દજી અને સોહનલાલજી વગેરે તમારા ગુરુઓની છબીઓ કેમ પડાવો છો? કારણ કે તે પણ કાગળ અને શાહી વગર બીજી કોઇ વસ્તુ નથી. જેવી રીતે તીર્થંકર ભગવાનની મૂર્તિને તમે જડ કહો છો તેવી જ રીતે આ છબીઓ પણ જડ છે. વળી તમારા ગુરુઓને પણ આ કાર્ય કરવું યોગ્ય નથી, કારણ કે તેને બનાવવામાં અસંખ્ય જીવોનો નાશ થાય છે. તમારા ગુરુઓ ત્યાગનો ડોળ ઘાલી હિંસાને નામે રાત્રે પાણી પણ રાખતા નથી, પરંતુ છબીના કારણને લઇને અસંખ્ય જીવોની હિંસાના ભાગી થાય છે. એક તરફી વલણથી તમે મૂર્તિને નથી માનતા છતાં આવી છબીઓ પડાવાય છે, એ બધી બાબતો ઘણી જ વિચારણીય છે. હઠને છોડો, પક્ષપાતને દૂર કરો, અને સન્માર્ગ તરફ વળો.

ઢુંઢક—હા સાહેબ યુક્તિથી તો ખરેખર સિદ્ધ થઇ ગયું પરંતુ સૂત્રપાઠ વગર હું માની શકતો નથી.

મન્ત્રી—જો સૂત્રોથી મૂર્તિપૂજા સિદ્ધ થાય તો તમે માનશો ને ?

ઢુંઢક—હા સાહેબ-જરૂર માનીશ.

મન્ત્રી—લો ત્યારે જરા ધ્યાન આપો. આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં લખેલું છે કે ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત ઉપર જિનમન્દિરો તૈયાર કરાવ્યા, અને ચોવીશે તીર્થંકરની મૂર્તિઓ પધરાવી.

ઢુંઢક—શ્રીમાનજી, આપ જરા ધૈર્ય ધરો, અમે લોકો નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણી-ટીકા વગેરેને માનતા નથી. અમારે તો શાસ્ત્રોના મૂળપાઠોનો જ સ્વીકાર છે.

મન્ત્રી—તેથી આપ ગભરાઓ છો શા સારું ? લ્યો જરા સાંભળી લ્યો.

શ્રી ભગવતી સૂત્રમાં સ્પષ્ટ લખેલું છે કે નિર્યુક્તિને માનવી જોઇએ. જેઓ નથી માનતા તેઓ સૂત્રોના અર્થોના શત્રુ છે. જો આ વાતમાં સન્દેહ હોય તો શ્રી ભગવતી સૂત્રનો પાઠ સાંભળી લો. પાઠ આ પ્રમાણે છે.

**सुत्तत्थो खलु पढमो बीओ निज्जुत्ति मिस्सओ ।**
**भणिओ तइओ य णिरवसेसो । एस विही होइ अणुओगे ॥**

આ પાઠમાં ચોકખું દર્શાવેલું છે કે પ્રથમ સૂત્રાર્થનું કથન કરવું, ફરી નિર્યુક્તિ સાથે બીજી વાર તેનો અર્થ કરવો, અને

---

૧ ભગવતીસૂત્ર શતક ૨૫—ઉદ્દેશ ૩.

ત્રીજી વાર નિર્વિશેષ અર્થાત્ પૂરેપૂરો અર્થ કરવો. વિચાર કરો કે આ પાઠથી નિર્યુક્તિને માનવી એ બાબતની પૂરેપૂરી સિદ્ધિ થાય છે.

ઢુંઢક—ભરત મહારાજાએ ધર્મ જાણીને નહિ પણ પોતાના પિતા તરફના મોહને લઇને મન્દિર તથા મૂર્તિઓ બનાવરાવ્યાં હતાં.

**મંત્રી**—આપનું આ કથન મિથ્યા છે, કારણ કે ભરત મહારાજાએ એકલા આદીશ્વર ભગવાનની જ નહિ પરંતુ બીજા ત્રેવીસે તીર્થંકર ભગવાનોની મૂર્તિઓ પણ બનાવરાવી હતી. નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણી વગેરે જે પાંચ અંગો છે, તેમાંથી તમે માત્ર એક સૂત્રને માન્યું, ને બાકીના બધા છોડી દીધા, તેથી જ તમે શ્વેતામ્બર ધર્મના અનુયાયી નથી. વૈદિક ધર્મમાં સ્વામી દયાનન્દજીએ વેદના મૂળપાઠનો સ્વીકાર કર્યો, ટીકા અને ભાષ્ય ન માન્યા, અને નવો પંથ કાઢ્યો. ઇસ્લામ મતમાં કેટલાકે કુરાનને માન્યું, હદીસ આદિને ન માન્યાં, અને રાફજી મતવાળા કહેવાયા તેવીજ રીતે તમે લોકોએ ઠીક બાબતોને ન માની, ઊલટી બાબતોનો સ્વીકાર કર્યો, અને ઢુંઢિયા તરીકે પ્રસિદ્ધ થયા.

## બીજું પ્રમાણ.

શ્રી સુયગડાંગના બીજા શ્રુતસ્કન્ધની નિર્યુક્તિમાં લખેલું છે કે—આર્દ્ર કુમાર જિનમૂર્તિને જોઇ પ્રતિબોધ પામ્યા.

## ત્રીજું પ્રમાણ.

શ્રી મહાવીરસ્વામીની આગળ અંબડ પરિવ્રાજકે અરિહંત પ્રભુની મૂર્તિને નમસ્કાર કરવાનો સ્વીકાર કરેલો છે. તે પાઠ આ પ્રમાણે છે.

**अंबेडस्सणं परिवायगस्स नो कप्पइ अण्णउथ्थियएवा अण्णउथ्थियदेवयाणि वा अण्णउथ्थिय परिग्गाहियाइं अरिहंतचेइयाइं वा वंदित्तए वा नमंसित्तए वा णण्णथ्थ अरिहंते वा अरिहंतचेइआणि वा ॥**[1]

આ પાઠનો આશય એવો છે કે બીજા ધર્મના દેવોની મૂર્તિઓ તથા બીજા ધર્મવાળાઓએ આપણી મૂર્તિ લઇને પોતાના દેવ તરીકે સ્થાપી હોય, તેવી મૂર્તિઓને વંદન તથા નમસ્કાર કરવાનો મારે સ્વીકાર નથી, પરન્તુ અરિહન્તને કે અરહન્તની પ્રતિમાને વન્દન તથા નમસ્કાર કરવાનો હું સ્વીકાર કરૂં છું.

## ચોથું પ્રમાણ.

આનંદ શ્રાવકના પાઠથી પણ સ્પષ્ટ માલૂમ પડી આવે છે. તે શ્રી તીર્થંકર મહાવીરસ્વામીની પાસે ગયા. અને નિયમ લીધો કે મારે અન્ય મતની મૂર્તિ તેમજ અન્ય ધમીઓના કબજામાં ગએલી આપણા દેવની મૂર્તિને પણ નમસ્કાર કરવો નહિ, તે શ્રી ઉપાસકદશાંગ સૂત્રનો પાઠ પાઠકગણોની ખાત્રી માટે નીચે ટંકાય છે.

**नो[2] खलु मे भंते ! कप्पइ अज्जप्पमइणं अन्न उथ्थिया वा अन्नउथ्थिय देवयाणि वा अन्नउथ्थिय परिग्गहियाइं अरिहंतचेइयाइं वा वंदित्तए वा नमंसित्तए वा पुव्विं अणालित्तेणं आलवित्तए वा संलवित्तए वा तेसिं असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउं वा अणुप्पदाउं वा**

---

१ औपपातिक सूत्र. २ उपासकदशांग अ॰ १

मण्णथ्थ रायाभिओगेणं गणाभिओगेणं बलाभिओगेणं देवयाभिओगेणं गुरुनिग्गहेणं वित्तिकंतारेणं कप्पइ मे समणे निग्गंथे फासुएणं एसणिज्जेणं असणपाणखाइमसाइमेणं वथ्थपडिग्गहकंबलपायपुच्छणेण पाडिहारियपीढफलग-सेज्जासंथारएणं ओसहमेसज्जेणय पडिलामेमाणस्स विहरित्तए तिकट्टु इमं एयाणुरुवं अभिग्गहो अभिगिण्हइ ॥

## પાંચમું પ્રમાણ

શ્રી જ્ઞાતાસૂત્રમાં લખેલું છે કે જિનમન્દિરોમાં જઇને પ્રતિમાની દ્રૌપદીએ સત્તરભેદી પૂજા કરી અને નમુથ્થુણુંનો પાઠ ભણી. આ રહ્યો તે પાઠ—

तेएणं सा दोवइ रायवरकन्ना जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ मज्जणघरमणुप्पविसइ ण्हाया कयबलिकम्मा कयकोउयमंगलपायच्छित्ता सुद्धपावेसाइं वत्थाइं परिहियाइं मज्जणघराओ पडिणिक्खमइ जेणेव जिनघरे तेणेव उवाग-च्छइ जिनघरमणुपविसइ पविसइत्ता आलोए जिणपडिमाणं पणामं करेइ लोमहत्थयं परामुसइ एवं जहा सुरियाभो जिण-पडिमाओ अच्चेइ तहेव भाणियव्वं जाव धुवं डहइ धुवं डहइत्ता वामं जाणु अंचेइ अंचेइत्ता दाहिण जाणु धरणि तलंसि निहट्टु तिखुत्तो मुद्धाणं धरणी तलंसि निवेसेइ निवे-सइत्ता इसिं पच्चुणमइ करयल जावकट्टु एवं वयासि नमो-

१ ज्ञातासूत्र अध्ययन १६

नमुत्थुणं अरिहंताण भगवंताण जावसंपत्ताणं वंदइ नमंसइ जिनघराओ पडिणिक्खमइ ॥

## છઠ્ઠું પ્રમાણ.

શ્રી મહાનિશીથસૂત્રમાં લખેલું છે કે જે પુરુષ જિનમન્દિર તૈયાર કરાવશે તેને બારમા સ્વર્ગની ગતિ પ્રાપ્ત થશે. આથી જોઇ લ્યો કે જિનમન્દિર બનાવનારને બારમા દેવલોકની ગતિ મળે છે, તેની પ્રતીતિ થાય છે.

ઢુંઢક—અમે મહાનિશીથ સૂત્રને નથી માનતા.

મન્ત્રી—તો આપ નન્દીસૂત્રને તો માનો છો ને?

ઢુંઢક—હા સાહેબ, જરૂર.

મન્ત્રી—એ નન્દીસૂત્રમાં મહાનિશીથનું નામ લખેલું છે. જે નન્દીસૂત્રને તમે માનો છો તેના જ મૂળપાઠમાં મહાનિશીથનું નામ લખેલું છે, છતાં તમે નથી માનતા એમ કહો છો! તમને આમ ફાંફા મારતાં જોઇ અમને તો તમારી બહુ દયા આવે છે, અને તમારા આવા યુક્તિ વિનાના જવાબો સાંભળી હૈયું ખેદથી ભરાઇ જાય છે.

## સાતમું પ્રમાણ

શ્રી મહાકલ્પસૂત્રના પાઠથી પ્રત્યક્ષ સિદ્ધ થાય છે કે સાધુ અથવા શ્રાવક જિનમન્દિરમાં હમેશાં જાય. આ બાબત ઉપર જ ગૌતમસ્વામીએ ભગવાનને પૂછેલું કે કદાચ ન જાય તો શું પ્રાયશ્ચિત આવે. ભગવાને જવાબ આપ્યો—જો પ્રમાદના કારણે ન જાય તો બે ઉપવાસ અથવા દ્વાદશનો દંડ લાગે છે. પછી ગૌતમસ્વામીએ ફરી પૂછ્યું. ભગવાન્! પૌષધમાં રહેલો પૌષધ બ્રહ્મચારી શ્રાવક પણ જિનમન્દિરમાં દર્શન કરવા જાય કે?

ભગવાને કહ્યું-હા અવશ્ય જાય. પછી ત્રીજી વાર ગૌતમસ્વામીએ પૂછ્યું તે શા માટે મન્દિરમાં જાય? ભગવાને જવાબ આપ્યો, જ્ઞાન, દર્શન અને ચારિત્રને માટે જાય. તે મહાકલ્પ સૂત્રનો પાઠ આ પ્રમાણે છે.

से भयवं तहारूवे समणे वा माहणे वा चेइयघरे गच्छेज्जा ? हंता ! गोयमा ? दिणे दिणे गच्छेज्जा । से भयवं जत्थ दिणे ण गच्छेजा तओ किं पायच्छित्त हवेज्जा? गोयमा ! पमायं पडुच्च तहारूवे समणे वा माहणे वा जो जिणघरं न गच्छेज्जा तओ छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा । से भयवं समणोवासगस्स पोसहसालाए पोसहिए पोसह बंभयारी किं जिणहरं गच्छेज्जा ? हंता ! गोयमा ? गच्छेज्जा । से भयवं केणट्ठेणं गच्छेज्जा ? गोयमा ! णाण दंसणचरणट्ठाए गच्छेज्जा । जे केइ पोसहसालाए पोसह-बंभयारी जओ जिणहरे न गच्छेज्जा तओ पायच्छित्तं हवेज्जा ? गोयमा ! जहा साहू तहा भाणियव्वं छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा ॥

ઢુંઢક—અમે આ સૂત્રને પણ માનતા નથી, કારણ કે તે બત્રીશ સૂત્રોમાં નથી.

મન્ત્રી—રે ભાઈ! નન્દીસૂત્રના મૂળપાઠમાં તેનું નામ છે કે નહિ?

ઢુંઢક—હા નન્દીસૂત્રના મૂળપાઠમાં તો અવશ્ય તેનું નામ છે,

મન્ત્રી--તો પછી તમે નન્દીસૂત્રને માનો છો કે નહિ?

ઢુંઢક—હા, માનીએ છીએ.

મન્ત્રી--તો પછી મહાકલ્પસૂત્રને કેમ માનતા નથી? ખરેખર, આ તો ઘણા ખેદની વાત છે.

## આઠમું પ્રમાણ.

શ્રી ભગવતી સૂત્રમાં લખેલું છે કે-તુંગીયા નગરીના શ્રાવકોએ શ્રી જિનપ્રતિમાની પૂજા કરી છે.

## નવમું પ્રમાણ.

શ્રી રાયપસેણી સૂત્રમાં લખેલું છે કે-સૂર્યાભ દેવતાએ શ્રી જિનપ્રતિમાની પૂજા કરી છે.

## દશમું પ્રમાણ.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની નિર્યુક્તિ દશમા અધ્યયનમાં લખેલું છે કે-શ્રી ગૌતમસ્વામી અષ્ટાપદની જાત્રા કરવાને ગયા.

## અગીઆરમું પ્રમાણ.

શ્રી આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં લખેલું છે કે વગ્ગુર શ્રાવકે શ્રી મલ્લિનાથજીનું મન્દિર તૈયાર કરાવ્યું, તે જ સૂત્રમાં લખેલું છે કે જો પુષ્પોથી જિનપૂજા કરે તો સંસારમાં આવાગમન થાય નહિ, અર્થાત્ મોક્ષપ્રાપ્તિ થાય, તે જ સૂત્રમાં લખેલું છે કે ઉદાયન રાજાની રાણી પ્રભાવતી શ્રાવિકાએ જિનમન્દિર બનાવરાવ્યું અને શ્રી જિનપ્રતિમા આગળ નાટક કીધું વળી તે જ સૂત્રમાં લખેલું છે કે શ્રી શ્રેણિક રાજા રોજ સોનાના જવ બનાવરાવીને શ્રી જિનપ્રતિમાની આગળ સાથિયા કરતા હતા.

## બારમું પ્રમાણ.

શ્રી પ્રથમ અનુયોગમાં અનેક શ્રાવક અને શ્રાવિકાઓએ જિનમન્દિર બનાવરાવ્યા છે, અને જિનપ્રતિમાઓની પૂજા કરી છે એવું બયાન છે.

ઢુંઢક—મહોદયજી, પ્રમાણો તો આપે ઘણાં ઉત્તમ પ્રકારના આપ્યાં; પરંતુ ચૈત્ય શબ્દની બાબતમાં સન્દેહ છે. કારણ કે તેનો અર્થ મૂર્તિ કે ભગવાનની પ્રતિમા થતો નથી.

મંત્રી—તો બીજો કયો થઇ શકે છે ?

ઢુંઢક—એ શબ્દનો અર્થ સાધુ થાય છે.

મંત્રી—કોઈ પણ કોશમાં ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરેલો નથી, કોશમાં તો—

[1] " **चैत्यं जिनौकस्तद्बिम्बं चैत्यो जिनसभातरुः**"

જિનમન્દિર અને જિનપ્રતિમાને ચૈત્ય કહેલ છે. ચોતરાબંધ વૃક્ષનું નામ પણ ચૈત્ય કહેલ છે. તમે ચૈત્યનો અર્થ સાધુ કરો છો તે બીલકુલ ઠીક નથી, કારણ કે સૂત્રમાં કોઇ પણ જગ્યાએ સાધુ શબ્દને ચૈત્ય તરીકે ઓળખાવેલ નથી. સૂત્રોમાં તો

" **निग्गंथाण वा, निग्गंथीण वा " साहु वा साहुणी वा "**
" **भिक्खु वा भिक्खुणी वा** "

એવું લખેલું છે, પરંતુ " **चैत्यं वा चैत्यानि वा** " એવું કોઇ પણ જગ્યાએ લખેલું નથી. ધારો કે ચૈત્ય શબ્દનો અર્થ સાધુ થતો હોય, તો સાધ્વી માટે શું શબ્દ વાપરવો, કારણ કે ચૈત્ય શબ્દનું સ્ત્રીલિંગ થતું નથી. શ્રી મહાવીરસ્વામીજીના ૧૪૦૦૦ સાધુ કહ્યા છે પણ ચૈત્ય કહેલા નથી. આવી જ રીતે સૂત્રોમાં

---

૧ हैमअनेकार्थसङ्ग्रह का. २, श्लो. ३६२.

ઘણી જગ્યાએ આચાર્યોની સાથે આટલા આટલા સાધુઓ હતા એમ કહેલું છે, પરંતુ આટલા આટલા ચૈત્યો હતા એમ કહેલું નથી. માત્ર તમે તમારી ઇચ્છાથી જ ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કર્યો છે, તે ઠીક નથી. જ્યાં જ્યાં તમે ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરો છો, ત્યાં ત્યાં કોઇ પણ જગ્યાએ તમારો કરેલો અર્થ કોઈ રીતે ઘટી શકતો નથી. વળી જો તમે સર્વ ઠેકાણે "देवयं चेइयं" નો અર્થ સાધુ અથવા તીર્થંકર કરો છો તો ભગવતી સૂત્રમાં દાઢોના વર્ણનમાં ભગવાને ગૌતમસ્વામીજીને કહેલું છે કે જિનદાઢા દેવતાઓને પૂજવા યોગ્ય છે. ("देवयं चेइयं पज्जुवासामि") એ ઠેકાણે चेइय શબ્દનો શું અર્થ કરશો? જો સાધુ અર્થ કરશો તો આ દૃષ્ટાંત દાઢોની સાથે ઘટી શકતું નથી. જો તીર્થંકર એવો અર્થ કરશો તો દાઢો તીર્થંકર દેવના સમાન થઇ, અને તેથી પૂજા કરવાને યોગ્ય ગણાઇ; તો પછી તીર્થંકર ભગવાનની મૂર્તિ પૂજવાને શો વાંધો છે? અતઃ ચૈત્ય શબ્દનો અર્થ જે મૂર્ત્તિ કર્યો છે તે જ ઠીક છે, પૂર્વાચાર્યોએ પણ તેજ અર્થ કરેલો છે.

ઢુંઢક—ચૈત્ય શબ્દનો અર્થ જ્ઞાન પણ થઇ શકે છે. મૂર્તિ અથવા પ્રતિમા થતો નથી.

મન્ત્રી—આપનું એ કહેવું પણ સર્વ પ્રકારે મિથ્યા છે, કારણ કે સૂત્રોમાં જ્ઞાનને કોઇપણ જગ્યાએ ચૈત્ય કહેલ નથી. શ્રી નન્દીસૂત્ર તથા જે જે સૂત્રોમાં જ્ઞાનનું વર્ણન છે તે સર્વ જગ્યાએ જ્ઞાનનો અર્થ બતાવનાર "નાણ" શબ્દ લખેલો છે. અને સૂત્રોમાં જે જે ઠેકાણે જ્ઞાની મુનિમહારાજાઓના વર્ણન છે ત્યાં પણ "मईनाणी," "सुअनाणी," "ओहिनाणी," "मनपज्जवनाणी," "केवलनाणी" એવું કહેલું છે, પરંતુ "मति-

चैत्यी" श्रुतचैत्यी વગેરે કોઇપણ સ્થાન પર લખેલ નથી. અને જે જે સ્થાને ભગવન્તને અથવા સાધુને "अवधिज्ञान" "मनःपर्य्यवज्ञान" "परमावधिज्ञान" અને "केवलज्ञान" થવાનું વર્ણન છે ત્યાં પણ જ્ઞાન ઉત્પન્ન થયું એમ લખેલું છે પરંતુ "अवधिचैत्य" "मनःपर्य्यवचैत्य" અને "केवलचैत्य" વગેરે વગેરે શબ્દો કોઈપણ જગ્યાએ જોવામાં આવતા નથી. વળી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક વગેરેને "जातिस्मरण ज्ञान" અથવા "अवधिज्ञान" ઉત્પન્ન થયું એવું તો કહેલું છે પરંતુ "अवधिचैत्य" અથવા "जातिस्मरणचैत्य" ઉત્પન્ન થયું એવું કોઇપણ જગ્યાએ લખેલું નથી; માટે આપનું કહેવું દરેક પ્રકારે મિથ્યા છે.

વળી જુઓ ચમરેન્દ્રના વર્ણનમાં "अरिहन्ते वा" "चेइआइं वा" "अणगारिए वा" એવું લખેલું છે. આથી પણ "चेइयं"નો અર્થ "प्रतिमा" સિદ્ધ થાય છે, કારણ કે આ પાઠમાં अणगारिए वा થી સાધુ અને चेइयं પદથી જિનપ્રતિ- માનું જુદું વર્ણન છે, તેથી આ ઠેકાણે બીજો કોઇ અર્થ ઘટી શકતો નથી. આ ત્રણે ઠેકાણે તમે કેવળ अर्हन्त એવો અર્થ કરો છો તે ખરેખર શોચનીય છે. આપ પોતે જ તે વિચારી લો કારણ કે શબ્દાર્થ જાણનાર એક સાધારણ મનુષ્ય પણ કહી શકશે નહિ કે ત્રણે સ્થળે કેવલ "अर्हन्त" એવો જ અર્થ થઇ શકે.

ઢુંઢક—જો ઉપરના વર્ણનમાં ચૈત્ય શબ્દથી જિનપ્રતિમાનો બોધ થતો હોય અને ચમરેન્દ્ર જિનપ્રતિમાનું શરણ લઇને સુધર્મ દેવલોક સુધી પહોંચ્યો હોય તો પછી જે સમયે શક્રેન્દ્રે ચમરેન્દ્ર પર વજ્રપાત કર્યો તે સમયે અધોલોક અને દ્વીપમાં ઊર્ધ્વલોક અને મેરૂપર્વત ઉપર તથા નજીકમાં જ સુધર્મ દેવલોક

અને સિદ્ધાયતનમાં શાશ્વતી જિનપ્રતિમાઓ હતી, છતાં પણ તે જિનપ્રતિમાના શરણે ન જતાં મહાવીર સ્વામીના શરણે કેમ ગયો?

**મન્ત્રી**—આ આપની ચાલાકી ભોળા લોકોને જ ઠગવાને માટે છે. જરા એક ચિત્ત થઇ સાંભળો. જ્યારે કોઇ પણ માણસ કોઇનું શરણુ લઇને જાય, અને જે ભયના માટે શરણુ લીધું હતું તે ભય ઉપસ્થિત થતાં પાછો ફરીને તે જ પુરુષની પાસે આવે એ ચોકખી વાત છે. ચમરેન્દ્ર પ્રથમ મહાવીરસ્વામીનું શરણુ લઇને ગયો હતો ને તેથી જ જ્યારે શક્રેન્દ્રે તેના પર વજ્રપાત કીધો ત્યારે ચમરેન્દ્ર મહાવીરસ્વામીના ચરણે પાછો આવ્યો. કદાચ તમને એમ લાગતું હશે કે માર્ગમાં પાસે જ શાશ્વતી જિનપ્રતિમા અને સિદ્ધાયતન હતાં તો ચમરેન્દ્ર ત્યાં કેમ ન ગયો? પરંતુ આ વિચાર પણ આપની અજ્ઞાનતા દર્શાવે છે. શું માર્ગમાં સીમન્ધરસ્વામી અને બીજા વિચરતા તીર્થંકરો મોજુદ ન હતા? તેમના શરણે ચમરેન્દ્ર કેમ ન ગયો? તો પછી તમારી મતિ અનુસાર વિચરતા તીર્થંકરો શરણુ લેવાને યોગ્ય ન જ ગણાય. વાહ, વાહ, આપની બુદ્ધિને ખરેખર ધન્ય છે.

**ઢુંઢક**—વન વગેરેને ચૈત્ય કહેવામાં આવે છે.

**મન્ત્રી**—જે વનમાં યક્ષ વગેરેનું મન્દિર હોય છે, એ વનને સૂત્રોમાં ચૈત્ય કહેલ છે. બીજા કોઇ પણ વનને સૂત્રમાં ચૈત્ય કહેલ નથી. તેથી આપનું આ કહેવું પણ મિથ્યા છે.

**ઢુંઢક**—યક્ષને પણ ચૈત્ય કહેલ છે.

**મન્ત્રી**—તમારૂં આ કથન પણ અસત્ય જ છે, કારણ કે જૈન સૂત્રોમાં કોઇપણ ઠેકાણે યક્ષને ચૈત્ય કહેલ નથી. જો કદાચ કહ્યું હોય તો તમે સૂત્રનો પાઠ બતાવો. આવી બાબતો ઊભી કરવાથી કોઇ સમજી જતું નથી, વળી જો તમે લોકો મૂર્તિને નથી

માનતા તો તમારે પુસ્તકો પણ ન માનવાં જોઇએ, કારણ કે તે પણ માત્ર જ્ઞાનની જ સ્થાપના છે. જ્ઞાન એ એક અરૂપી પદાર્થ આત્માનો ગુણ છે. (क) (ख) (ग) અથવા (अ) (ब) (प) (त) વગેરે વગેરે અક્ષરોમાં સ્થાપના જ રહેલી છે. તેથી એને પણ જૈન શાસ્ત્રોમાં અક્ષરશ્રુતજ્ઞાન કહેલ છે, એ વાતનો તો તમે લોકો સ્વીકાર કરો છો. હવે વિશેષ ધ્યાન આપો. જ્યારે પત્ર અને શાહી જેવા જડ પદાર્થોને તમે અક્ષરજ્ઞાન માન્યું, ત્યાંરે ભગવાનની મૂર્તિને ભગવાન તરીકે કેમ ન મનાય? અને જેવી રીતે શાસ્ત્રની પૂજા ભક્તિ અને સન્માન કરાય છે, તેવી જ રીતે ભગવાનની મૂર્તિની પૂજા ભક્તિ અને સન્માન કેમ ન કરાય?

હવે જુઓ કે શાસ્ત્રનું અધ્યયન કરનારા તમે લોકો મૂર્તિ-પૂજાથી કેવી રીતે દૂર રહી શકો છો? કારણ કે બધા શાસ્ત્રો જડસ્વરૂપ છે, અને જ્ઞાનની સ્થાપના છે. જુદી જુદી ભાષાઓમાં અક્ષરોની બનાવટ જુદા જુદા પ્રકારની ભલેને હોય, પરન્તુ અક્ષરના આકારોને તો જ્ઞાનના કારણ તરીકે અવશ્ય સ્વીકાર કરવો પડશે. જેવી રીતે ઉર્દુ-નાગરી-અરબી આદિ ભાષાઓ છે, તેવી જ રીતે પરમાત્મા મહાવીરસ્વામી-ઋષભદેવજી વગેરે પ્રભુની મૂર્તિઓ ભલેને જુદી જુદી હોય, તો પણ મૂર્તિઓને, જેમની તે છે તેમના જ્ઞાનનું કારણ માનવું જ પડશે. અને તે જ્ઞાન કરવાને માટે મૂર્તિઓની ખાસ આવશ્યકતા રહી, કારણ કે આપણે ઇશ્વરની પ્રતિમા જોએલી નથી; તેથી તેમની મૂર્તિ વિના તેમના સ્વરૂપનો બોધ થવો કદાપિ સંભવિત નથી. જે લોકો મૂર્તિને માનતા નથી, તે લોકો ઇશ્વર કે પરમાત્માનું ધ્યાન કદાપિ ન જ ધરી શકે એમ કહેવું ખોટું નથી.

ઢુંઢક—અમે લોકો અમારા હૃદયમાં પરમાત્માની મૂર્તિની સ્થાપના કરી લઇએ છીએ.

**મન્ત્રી**—વાહ, વાહ આપની કેવી સુંદર સમજ છે? અરે, ભાઇ, તમે જો હૃદયમાં કલ્પના કરી લો છો તો બહાર કેમ કરતા નથી? મૂર્તિ વિના ધ્યાન ધરી શકીએ એ માત્ર કહેવાની વાતો છે. મૂર્તિ કંઇ કરી શકતી નથી એમ તો નહિ જ; નહિ તો પરમાત્માની મૂર્તિ જોઇને તમને કદાપિ દ્વેષભાવ પ્રગટ ન જ થાય! એથી સિદ્ધ થાય છે કે મૂર્તિ અસર તો જરૂર કરે છે.

તેમને જોઇને દ્વેષીઓને દ્વેષભાવ અને રાગીયોને રાગ થાય છે. જો કે તમને દ્વેષ થાય છે, પરંતુ અમને આનંદ થાય છે. જ્યારે પરમાત્માની મૂર્તિ અમને આ સંસારમાં આનંદ આપે છે ત્યારે પરલોકમાં પણ જરૂર આપશે. જો તમે આ સંસારમાં પ્રભુની મૂર્તિ દેખીને નારાજ થાઓ છો તો પરલોકમાં પણ અવસ્ય નારાજ થશો. જે લોકો આ સંસારમાં ધર્મધ્યાન કરવામાં ખુશી છે, તેઓ પરલોકમાં પણ અવશ્ય પ્રસન્ન રહેશે, અને સુખી થશે. અને જે લોકો ધર્મ કરવામાં અપ્રસન્ન છે તેઓ પરલોકમાં પણ અપ્રસન્ન રહેશે અને અવશ્ય દુઃખી થશે. આથી સિદ્ધ થાય છે કે પરમાત્માની મૂર્તિ બન્ને લોકમાં લાભદાયક છે અને ન માનનારાઓને દુઃખદાયક જ છે.

**ઢુંઢક**—જયારે ભગવાન સુખ અને દુઃખ આપે છે ત્યારે તો ભગવાન વીતરાગ સિદ્ધ ન થયા?

**મન્ત્રી**—પરમાત્માની મૂર્તિ તો એક પ્રકારનું સાધન છે. ખરી રીતે તારનારી તો આપણી આન્તરિક ભાવના છે. જે માણુસ પરમાત્માની મૂર્તિ જોઇને પરમાત્માનો ભાવ લાવશે, તેના જીવનની રૂપરેખા દોરશે, અને શુભ ભાવનાથી વિચાર કરશે, તો અવશ્ય તે સારૂં ફળ પામશે. અને જે પરમાત્માની મૂર્તિ

જોઇને દ્વેષ કરશે, અને અશુભ ભાવના પ્રગટાવશે. તે અવશ્ય ખરાબ ફળ મેળવશે.

ઢુંઢક—જડ વસ્તુથી સારો ખોટો ભાવ કેવી રીતે આવી શકે છે તે આપ દૃષ્ટાંતથી સમજાવો.

મન્ત્રી—એક સુંદર સ્ત્રી વનમાં એકલી જતી હતી. માર્ગમાં બિચારીને એક ઉગ્ર ઝેરી સર્પે ડંશ દીધો, તેથી તત્કાળ તે મરણ પામી. હવે થોડી વાર પછી તે જ માર્ગે થઇને એક વટેમાર્ગુ નીકળ્યો. મૃત સ્ત્રીના શરીરને જોઇને તેણે વિચાર કર્યો કે–અહો! આ કેવી સુંદર યુવતી છે? પરંતુ ખેદની વાત છે કે તે મરી ગઇ છે. જો જીવતી હોત તો નમ્રતાથી કે લોભથી સમજી જાત તો ઠીક નહિ તો હું હઠથી પણ તેને ન છોડત અને મારી ઇચ્છા અવશ્ય તેના વડે તૃપ્ત કરત. ભલેને પછી કેદખાનામાં જવું પડત તોયે શું? એવો દુષ્ટ ભાવ હૃદયમાં ધારણ કરીને આગળ ચાલી નીકળ્યો. થોડી વારે એક બીજો મુસાફર ત્યાં થઇને નીકળ્યો. તે સદાચારી અને ધર્માત્મા હતો. જ્યારે તેણે આ મૃત સ્ત્રીને જોઇ ત્યારે શોકથી ખિન્ન થઇ ગયો અને હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે असारोऽयं संसारः क्षणभंगुरा प्राणाः, धर्म विना नान्या गतिः। હા, આ સંસાર અસાર છે, પ્રાણો ક્ષણભંગુર છે, ધર્મ સિવાય બીજું શરણ નથી. કોણ ક્યારે મરી જશે તેની ખબર નથી, જન્મ–મરણ–રોગ–શોક વગેરે હમેશાં પ્રાણીઓને દુઃખ દઇ રહ્યા છે, એ સર્વમાં મૃત્યુનું દુઃખ સર્વથી વધારે છે. એ મહાત્મા પુરૂષોને ધન્ય છે કે જેમણે આ સંસારને અસાર માનીને ત્યાગી દીધો છે. આ તો કોઇ સદાચારિણી–સારા ભાવોવાળી–મધુરભાષિણી અને ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થએલી જણાય છે કે કોઇ જરૂરી કાર્યને માટે જતી હશે. विधिरहो बलवानिति मे मतिः। હા, કર્મ કેવું બળવાન છે!

આ બિચારી એકલી હોવાથી આ ભયાનક નિર્જન વનમાં સર્પના ડસવાથી મરણને શરણ થઇ. જો તે સમયે તેની પાસે હું હોત તો એ સદાચારિણીને બચાવવાને મારાથી બનતો પ્રયત્ન કરત, અને સંભવ હતો કે આ બિચારી મૃત્યુને વશ થઈ ન હોત અને પોતાનું નિત્યકૃત્ય કરીને જન્મ સફલ કરત. જુઓ કેવી સુંદર મૂર્તિ છે! જાણે કે કોઇ દેવી જ ન હોય! એવો વિચાર કરીને તે માણસ આગળ ચાલ્યો. આ ઉદાહરણથી સમજાય છે કે સ્ત્રીના મૃત જડ શરીરને જોઇને જુદી જુદી ભાવનાને વશ થવાથી એકને પાપ અને બીજાને પુણ્યનો બંધ પડયો. આથી સિદ્ધ થાય છે કે પાપ અને પુણ્યનું ફલ પોતાની જ આન્તરિક ભાવના પર નિર્ભર છે. વીતરાગ ભગવાન તો કોઇને સુખી વા દુ:ખી કરતા નથી, અને કોઇને પુણ્ય વા પાપ આપતા નથી. ભગવાન તો વીતરાગ જ છે. કોઇપણ વસ્તુને જોઇને આપણને સારો યા નરસો ભાવ ઉત્પન્ન થાય છે, ત્યાં વસ્તુ એ તો ભાવને ઉત્પન્ન કરવાને માત્ર નિમિત્ત કારણ જ છે. ખરી રીતે તારનાર તો આપણી આન્તરિક ભાવના છે. પરંતુ નિમિત્ત વિના ભાવના થઈ શકતી નથી, તેથી ભગવાનની મૂર્તિ પણ એક ઘણું મોટું નિમિત્ત કારણ છે. જેને જેવું નિમિત્ત પ્રાપ્ત થાય છે તેવા તેના ભાવો પ્રગટ થાય છે.

જયારે મૂર્તિપૂજક શુભ ભાવ દ્વારા પુણ્ય ઉત્પન્ન કરે છે, ત્યારે મૂર્તિ–નિન્દક વીતરાગ ભગવાનની મૂર્તિને દૂષીલી દૃષ્ટિથી જોતાં પોતાના હૃદયની દુષ્ટ ભાવનાથી પાપ ઉત્પન્ન કરે છે.

હવે આપ જરા સાંસારિક વહેવારની બાબતો પર ધ્યાન આપો તો પણ ખુલ્લું સમજાઇ જશે કે મૂર્તિ વિના ચાલી શકતું નથી.

ઢુંઢક—આ બાબત પર દાખલો આપીને સમજાવો, કારણ કે દ્રષ્ટાંતથી વાત હૃદયમાં બરાબર સમજાઇ જાય છે.

મન્ત્રી—જ્યારે કોઇ મકાન લીલામ કરવાનું હોય છે અથવા તો કોઇ ઘર ઉપર દાવો કરવાનો હોય છે, ત્યારે તેનો નકશો બનાવીને કોર્ટમાં લઈ જવો પડે છે. શું કોર્ટમાં વૃત્તાંત માત્રથી જ કાર્ય સરે છે કે? માન્યવર ત્યાં જઇને કદાચ કહો કે નકશા-ની કંઇ જરૂર નથી, હું બધો વૃત્તાંત મારે મોઢેથી સંભળાવી દઉં છું, તો તરતજ મોઢા પર લપડાક પડે છે અથવા તો ધક્કા ખાવા પડે છે, અને કહે છે કે જાઓ, નકશો બનાવી લાવો. નકશા વિના કાર્ય થવું અસંભવિત છે. જ્યારે કોઇને લાંબી જાત્રા કરવાની હોય છે ત્યારે પ્રાયઃ પ્રથમથી જ તે રેલ્વે લાઇનનો નકશો જોઇ લે છે, કે અમુક લાઇન કયાંથી જુદી પડે છે? અથવા અમુક શહેર કઇ જગ્યાએ છે? નકશા વિના આ કંઈ જાણી શકાતું નથી. સ્કુલોમાં પણ છોકરાઓ નકશાઓના આધારથી જ જુદા જુદા શહેરોના વૃત્તાંતો જાણી શકે છે. તમારે શુદ્ધચિત્ત થઇને વિચાર કરવો જોઇએ કે જ્યારે સાંસારિક કાર્યોમાં મૂર્તિ વિના નથી ચાલતું, તો તે પરોક્ષ પરમાત્માનું ધ્યાન મૂર્તિ વિના કેવી રીતે થઇ શકે? તમે તમારા ગુરૂઓની સમાધિઓ કે જેમાં પત્થર ને ચુના સિવાય બીજું કાંઇ જ હોતું નથી ત્યાં શિર ઝુકાવી દો છો, અને પ્રભુ વીતરાગની મૂર્તિ આગળ શિર ઝુકાવવું એ તમે ગેરવ્યાજબી ગણો છો, એ ખરેખર મહાખેદની વાત છે. જ્યારે પ્રભુ વીતરાગની મૂર્તિઓનો સત્કાર કરવો તે તમને યોગ્ય લાગતો નથી, ત્યારે બીજી બાજુ પર ગુરૂઓની સમાધિઓના સત્કાર માટે તૂટી મરો છો! કહો, છે કોઇની તાકાત કે સમાધિ આગળ બુટ પહેરીને જાય?

ઢુંઢક—કેમ સાહેબ. ગુરુની સમાધિ ઉપર બુટ શા માટે

લઇ જવા દઇએ ? અને તે સમાધિનું અપમાન અમે કેવી રીતે થવા દઇએ ?

**મન્ત્રી**—તો વીતરાગ પરમાત્માની મૂર્તિ કે જે જગત્ગુરૂની મૂર્તિ છે તેની સાથે જ તમને દ્વેષ છે કે ? તમે વીતરાગ પરમાત્માની મૂર્તિનું સન્માન કેમ નથી કરતા અને નિન્દા કેમ કરો છો ? આ તો માત્ર આપની અજ્ઞાનતા માલુમ પડે છે. આ ઉપરથી માલુમ પડે છે કે તમારા ગુરૂઓમાં પણ સમજ નથી.

**ઢુંઢક**—અમારા ગુરૂઓમાં સમજ નથી એ કેવી રીતે સિદ્ધ થાય છે ?

**મન્ત્રી**—તમારા ગુરૂઓ પોતાની છબીઓનો તો સત્કાર કરાવે છે, પોતાના ફોટાઓનું અપમાન કદી સહન કરી શકતા નથી. વળી તમે લોકો તમારા ગુરૂઓની *સમાધિઓની પૂજા પણ કરો છો, તો તેમના વિદ્યમાન શિષ્ય તમને આવી બુરી બાબતો કરતાં કેમ અટકાવતા નથી ? વળી સમાધિ તૈયાર કરાવતી વખતે પણ તમને ન રોકયા કે સમાધિ વગેરે જડ વસ્તુ બનાવો નહિ અને બીજી બાજુ નિહાળો તો વીતરાગ પરમાત્માની મૂર્તિની આગળ મસ્તક નમાવવાનો નિષેધ કરે છે અને જિનમન્દિરોમાં ન જવા માટે સોગન લેવરાવે છે તો તે બેસમજ નહિ તો બીજું શું છે ? હવે વિશેષ કયાં સુધી કહ્યા કરીએ ? પક્ષપાત છોડો, વિદ્યા ગ્રહણ કરો, પછી તમને સારી રીતે સમજાશે કે મૂર્તિપૂ-

---

* રાયકોટ અને જગરાવામાં રૂપચન્દજીની, ફરીદકોટમાં જીવણમલજીની અને અમ્બાલામાં લાલચન્દજીની સમાધિઓ વિદ્યમાન છે. ત્યાં જઈને ઢુંઢિયાભાઈઓ લાડુ ઉડાવે છે અને મસ્તક નમાવે છે. પાઠકગણો ! આ મૂર્તિપૂજા નહિ તો બીજું શું ? જેમને આ વાતમાં સંશય હોય તે પોતે જોઇ આવીને નિશ્ચય કરી શકે છે.

જાથી કોઇપણુ પ્રાણી અલગ નથી. જે લોકો કહે છે કે અમે મૂર્તિપૂજાને નથી માનતા તેઓ ખરેખર મિથ્યા વાતો કરનારા છે

ઢુંઢિયાભાઇ નિરુત્તર થઇને શાંત થઇ ગયા.

તે પછી મન્ત્રી મોલ્વીજી તરફ ફર્યા અને તેમને પૂછવા લાગ્યા.

**મન્ત્રી**—કેમ મૌલવી સાહેબ, તમે પણુ મૂર્તિને નથી માનતા' કે ?

**મૌલ્વી**—સાહેબ. અપરાધ ક્ષમા કીજીએ. આપને કોઇપણુ જાતની સમજણુ હોય એમ મને લાગતું નથી. માત્ર કંઇ નસીબના યોગથી જ આ મન્ત્રી પદ મળી ગયું જણાય છે. શું તમે એટલું પણુ જાણુતા નથી ? કે અમે લોકો હિંદુઓની માફક મૂર્તિપૂજા કરતા નથી. શું પત્થર તે કોઇ દિવસ ખુદા બની શકે ? કોઇપણુ બુદ્ધિગાન પત્થરમાં પરમાત્માની સ્થાપના કરી શકે જ નહિ. તમો આવી બાબતો અમને પૂછો છો તેમાં તમારી અક્કલની ઉણુપ જણુાઇ આવે છે.

**મન્ત્રી**—મૌલ્વી સાહેબ, આટલા બધા ગભરાઇ ન જાવ. જરા ધૈર્ય રાખીને સાંભળો, મારી પાસે આ કાગળનો ટુકડો છે. તેના પર ખુદા શબ્દ લખેલો છે. કહો, તમે તમારો પગ આ કાગળના ટુકડા પર મૂકી શકશો કે ?

**મૌલ્વી**—( લાલચોળ આંખો કરીને ) અફસોસની વાત છે કે આપ આવા નિર્ભય બનીને બુદ્ધિવિરૂદ્ધ સવાલો પૂછી રહ્યા છો. શું તમને પરમાત્માનો પણુ ભય નથી. ? મૃત્યુનો પણુ ભય નથી ? આપને મન્ત્રીપદ મળી ગયું તેથી આપે એમ તો ન જ ધારવું કે સર્વ સ્થળે આપની સત્તા ચાલી શકશે. ધર્મ માટે પ્રાણુ આપવા એ કોઇ મોટી વાત નથી.

**મન્ત્રી**—અરે, આ તો ઘણા ખેદની વાત છે, મૌલ્વીજી મેં પ્રથમ શું કહ્યું હતું અને હાલમાં શું કહું છું તે પર જરા ધ્યાન રાખો. અત્યારસુધી તો મેં તમને એક પણ કડવો શબ્દ કહ્યો નથી, માત્ર તમને એટલું જ પૂછ્યું છે કે તમે આ કાગળના ટુકડા પર તમારો પગ મૂકી શકો છો કે નહિ? એટલામાં તો આપ ઘણા જ ક્રોધમાં આવી ગયા છો. વળી જો તમે તમારા જવાબ પર ધ્યાન આપો તો તમે તમારા મોઢેથી જ જડ વસ્તુનું સન્માન કરવા લાગ્યા છો એ શું?

**મૌલ્વી**—તે કેવી રીતે? તેમ કદી બને જ નહિ.

**મન્ત્રી**—શું કાગળ અને શાહી બન્ને જડ વસ્તુઓ નથી?

**મૌલ્વી**—હા જડ નહિ તો બીજુ શું છે?

**મન્ત્રી**—મૌલ્વીજી, જો એમજ હોય તો "ખુદા" એ અક્ષર, કાગળ અને શાહી બન્નેના સંયોગથી જ બનેલો છે. તેમાં કોઇ ત્રીજી વસ્તુ નથી. તો પણ તમે આટલા બધા ક્રોધમાં કેમ આવી ગયા!

**મૌલ્વી**—પણ એમાં ખુદાનું નામ પ્રત્યક્ષ લખેલું છે તો તેના પર અમે કેવી રીતે પગ મૂકી શકીએ?

**મન્ત્રી**—જો તમે કાગળ અને શાહી એ જડ વસ્તુના સંયોગથી બનેલા ખુદા શબ્દ પર પ્રાણનું બલિદાન આપવાને તૈયાર થઇ જાઓ છો તો પરમાત્માની મૂર્તિ પર કેમ બલિદાન ન દઇ શકો? અને તમે કેવી રીતે કહી શકો છો કે અમે જડ વસ્તુને માનતા નથી. વળી મૌલ્વી સાહેબ! કહો કે આપ માળા ગણો છો કે નહિ?

**મૌલ્વી**—હા જી, જરૂર ગણીએ છીએ.

**મન્ત્રી**—માળાના મણકાઓની સંખ્યા નક્કી કરેલી છે તે પરથી ચોક્કસ જણાઇ આવે છે કે તેમાં કોઇ ને કોઇ વસ્તુની સ્થાપના રહેલી છે. કેટલાક લોકો કહે છે કે ખુદાના નામ ૧૦૧ છે તેને લીધે ૧૦૧ મણકા હોય છે. ટૂંકમાં એટલું કે કોઈ ને કોઇ કારણને લઇને સંખ્યા નક્કી કરેલી છે. બસ આ પ્રમાણે જે નક્કી કરી લેવું તેનું નામ સ્થાપના છે. અને જેણે સ્થાપનાનો સ્વીકાર કર્યો તેણે મૂર્તિ પણ અવશ્ય માની લીધી. માત્ર આકારનો જ ભેદ છે. કોઇ ને કોઇ પ્રકારે મૂર્તિ તો અવશ્ય દરેક માને જ છે, પરંતુ મૂર્તિ વિના કોઇને ચાલી શકતું નથી. તમે પણ કોઇ દિવસ મૂર્તિની માન્યતાથી દૂર રહી શકતા નથી. આ તો માત્ર આપની અજ્ઞાનતા છે. જો તમે લાકડાં કે પત્થરના ટુકડામાં પરમેશ્વરની સ્થાપના માનો છો તો મૂર્તિના આકારમાં કેમ માનતા નથી ?

**મૌલ્વી**—પણ પરમાત્માનો આકાર જ હોતો નથી તો તેમની મૂર્તિ કેવી રીતે બની શકે ?

**મન્ત્રી**—"કુરાને શરીફમાં" લખેલું છે કે "મેં પુરૂષને મારા આકાર પરથી ઉત્પન્ન કરેલો છે" અથવા તો "જેણે પુરૂષના આકારની પૂજા કરી તેણે પરમાત્માના આકારની પૂજા કરેલી છે." આ વગેરેથી પ્રત્યક્ષ સિદ્ધ થાય છે કે પરમાત્માનો આકાર જરૂર છે જ. "કુરાને શરીફમાં" કહેલું છે કે ખુદા ફરિસ્તોની કતારની ( હારની ) સાથે વિશાલ સ્થાનમાં આવશે તેને આઠ ફરિસ્તાઓએ ઉપાડેલ હશે. ઠીક, હવે જો અત્રે પરમાત્મા મૂર્તિમાન ન જ હોય તો તેમના સિંહાસનને આઠ દેવતાઓ ઉપાડી લાવશે તેમ કહેવાનો અર્થ શું હોઇ શકે ? અને વળી તમારા લોકોનું જ માનવું છે કે પરમાત્મા અગીઆરમા

અર્શ(દેવલોક જેવા સ્થાન)માં સિંહાસન પર બેઠેલા છે, ચાલો એ તો ઠીક પણ મૌલવી સાહેબ, આપે કદી હજ કરી છે?

**મૌલવી**—હજથી તો સ્વર્ગ મળે છે, તો પછી કાબા શરીફની હજ કેમ ન કરવી જોઇએ? મેં તો બે વાર કરી છે.

**મન્ત્રી**—ત્યાં શું શું વસ્તુઓ છે તેનું જરા વર્ણન તો કરો.

**મૌલવી**—હજ મક્કા શરીફમાં થાય છે. ત્યાં એક પત્થર છે, જેને અમે ચુમ્બન કરીએ છીએ, અને કાબાના કોટની પ્રદક્ષિણા ફરીએ છીએ.

**મન્ત્રી**—પાષાણને ચુંબન કરવું કે તેની આજુબાજુ પ્રદક્ષિણા ફરવી અથવા તો ત્યાં જઇને મસ્તક નમાવવું તે મૂર્તિપૂજા જ છે. મૌલવી સાહેબ, જો તમે આવી રીતે ખુદાના ઘરનો સત્કાર કરો છો-તો પરમાત્માની મૂર્તિનો સત્કાર કેમ કરતા નથી? અને તેમની મૂર્તિને કેમ માનતા નથી? વળી આ જે તાબુતો કાઢવામાં આવે છે તે મૂર્તિ નહિ તો બીજું શું છે? વળી તમે કાબાની તરફ મોઢું કરીને નિમાજ પઢો છો તે પણ એક મૂર્તિ-પૂજા જ છે.

**મૌલવી**—કાબા તો ખુદાનું ઘર છે, તેથી અમે તે બાજુ મોઢું કરીએ છીએ.

**મન્ત્રી**—ત્યારે શું બીજી જગાઓ ઇશ્વરથી ખાલી છે? તો ઈશ્વર સર્વવ્યાપક છે એવી તમારી માન્યતા ઉડી જશે!

**મૌલવી**—અમે કાબા તરફ મોઢું કરીએ છીએ તેનું કારણ એટલું જ છે કે કાબા ખુદાનું ઘર છે. તે તરફ મોઢું કરવાથી દિલ પ્રસન્ન થાય છે અને સ્થિર રહે છે.

**મન્ત્રી**—કાબા તો એક પરોક્ષ વસ્તુ છે, કે જે દૂર હોવાથી દષ્ટિગોચર થતું નથી. પણ ઇશ્વરની મૂર્તિ તો સન્મુખ હોવાથી અને દષ્ટિગોચર હોવાથી ધ્યાન વધારે પરોવાશે અને સ્થિર થશે. વળી જ્યારે તમે નમાજ પઢો છો ત્યારે ઘણેભાગે મધ્યમાં લોટો વગેરે પાણીથી ભરેલી વસ્તુ મુકો છો તે પણ એક જાતની સ્થાપના જ છે. કલ્પિત વસ્તુ છે. વળી એક વધારે મજબુત પ્રમાણ સાંભળો "મુઅલ્લિફ કિતાબ દિલ્બસ્તાન મુજાહિબ "પોતાના પુસ્તકમાં લખે છે કે "મુહમદ સાહેબ જોહરા અર્થાત્ શુક્ર (ગ્રહ) ની પૂજા કરતા હતા.'' અને તેથી જ તમે લોકો શુક્રવારને પવિત્ર જાણીને પ્રાર્થનાનો દિવસ માનતા હો એમ લાગે છે. અને મુહમદ સાહેબના પિતા પણ મૂર્તિની પૂજા કરતા હતા. વળી તમારામાંના કોઈ તાજીયાની–કોઇ કુરાનની—અને કોઈ કબરની પૂજા કરે છે. તમે જરા પક્ષપાત છોડીને ધ્યાન દો તો તમને સ્પષ્ટ માલમ પડી જાય કે તમારા લોકોને પણ મૂર્તિપૂજા વગર ચાલી શકે તેમ નથી.

મૌલ્વી સાહેબ આ સાંભળી નિરુત્તર થઇ ગયા. પછી મન્ત્રી સિક્ખ ભાઇ તરફ વળ્યા અને પૂછવા લાગ્યા

**મન્ત્રી**—કેમ ભાઇ, શું તમે પણ મૂર્તિને માનતા નથી કે?

**સીખ**—નહિજી, અમે જડ મૂર્તિને કોઇ પણ પ્રકારે માનતા નથી.

**મન્ત્રી**—કેમ ભાઈ, ગુરૂ નાનક સાહેબ-અને ગુરૂ ગોવિંદ. સિંહજીની મૂર્તિઓ જોઇ તમે પ્રસન્ન થાઓ છો કે નહિ?

**સીખ**—સાહેબ, ગુરૂની મૂર્તિ દેખીને પુરૂષ નારાજ કેવી રીતે હોઇ શકે? અમે તો જરૂર પ્રસન્ન થઇએ છીએ; કારણ કે તેમને ધર્મને માટે પ્રાણની પણ પરવા કરેલી નથી. વળી તેઓ બન્નેને ભવિષ્યપુરાણમાં અવતારો તરીકે ગણેલાં છે, તો કહો કે

તેમની છબીઓ જોઇ અમે નારાજ થઇએ એ કદાપિ સંભવિત છે? જો નારાજ જ થતા હોઇએ તો પૈસા બગાડીને તેમની છબીઓ મકાનમાં શા માટે રાખીએ? ચિત્રકારોને રૂપીઆ આપીને તેમના ચિત્રો શા માટે ચીતરાવીએ?

**મન્ત્રી**—તમારા ગુરૂઓની તે મૂર્તિઓ (અથવા તો છબીઓ) આગળ તમારા મસ્તક નમાવો છો કે નહિ? અને તેમનું સન્માન કરો છો કે નહિ?

**સીખ**—હા જી, જરૂર તેમ કરીએ છીએ.

**મન્ત્રી**—મૂર્તિની સન્મુખ શિર નમાવવું કે તેનું સન્માન કરવું, તે શું ચોકખી મૂર્તિપૂજા નથી? છે જ; કોઇ, કોઇ પ્રકારથી કરે છે, તો કોઇ કોઇ પ્રકારથી, પણ આ બધા મૂર્તિપૂજાના જ પ્રકાર છે. મૂર્તિને કોઇ, કોઇ આકારમાં માને છે, તો કોઇ, કોઇ આકારમાં માને છે પણ કોઇ મૂર્તિપૂજાથી છુટી શકતું નથી. તમે લોકો ગુરૂ ગ્રન્થસાહેબને ઉત્તમ કપડાઓમાં વીંટાળીને માંચી કે ચૌકી પર રાખો છો અને તેના વાંચનની સમાપ્તિ થયે નિવેદ ચઢાવો છો, તેની આગળ ધૂપ વગેરે પ્રગટાવીને ઘંટ વગાડો છો, જુદી જુદી જાતના ગીતો તેમની સન્મુખ ગાઓ છો અને વળી કંઇ કંઇ જુદા જુદા પ્રકારથી તેમની પૂજા કરો છો તો પછી મૂર્તિપૂજાથી તમે કેવી રીતે છૂટી શકો છો? વળી જો મૂર્તિ જડ વસ્તુ છે તો ગ્રન્થ સાહેબ પણ કોઇ ચૈતન્ય વસ્તુ નથી. તે પણ માત્ર કાગળ અને સાહી એના જ સંયોગવડે બનેલી વસ્તુ છે. જેના ઉપર તમે તેને મુકો છો તે ચારપાઇને (માંચીને) મંજા સાહેબના નામથી ઓળખો છો. હવે અત્ર ધ્યાન દો કે એક ચારપાઇ જેવી તુચ્છ વસ્તુને પવિત્ર પુસ્તકની સાથે સ્પર્શ કરવાથી

પવિત્ર મનાય અને તેની પદવી ચઢીઆતી ગણાય તો પરમાત્માની મૂર્તિની પદવી સૌથી અધિક કેમ ન મનાય? ને તેની પૂજા કેમ ન કરી શકાય?

**સીખ**—મહોદય! તે ગુરૂઓની વાણી છે માટે અમે તેનું સન્માન તથા પૂજા કરીએ છીએ.

**મન્ત્રી**—ભાઇશ્રી, જેવી રીતે તમે ગુરૂઓની વાણી કે ગુરૂસાહેબનું સન્માન કે પૂજા કરો છો, તેવી જ રીતે અમે પણ પ્રભુની મૂર્તિનું સન્માન અને પૂજા કરીએ છીએ. વળી ધ્યાન દો કે તમારે પરમાત્માની મૂર્તિ કે જે ગુરૂઓની વાણીથી પણ અધિક પવિત્ર છે તેની પૂજા અને સન્માન અવશ્ય કરવાં જોઇએ પણ તમે લોકો ઉપર કહ્યા મુજબ જડ વસ્તુઓની પૂજા કરવા છતાં ય મૂર્તિપૂજા પર આક્ષેપ કરો છો તે બીલકુલ અયોગ્ય અને બુદ્ધિ વિરુદ્ધ છે.

આટલુ સાંભળી સીખભાઈ પણ નિરૂત્તર થઇ ગયા.

## આર્ય પ્રકરણ

પછી મન્ત્રી આર્ય તરફ ફર્યા અને પૂછવા લાગ્યા: કેમ મહાશય! તમે મૂર્તિપૂજાને માનો છો કે નહિ?

**આર્ય**—નહિ, શ્રીમાન્, અમે તો મૂર્તિને કદાપિ માનતા નથી, કારણકે મૂર્તિ તો જડ છે અને જડથી કંઇ પણ લાભ થતો નથી.

**મન્ત્રી**—મૂર્તિને નથી માનતા એવું તમારૂં કથન મિથ્યા છે. પક્ષપાતને છોડી દઇ જરા ધ્યાન દઇને જોશો તો સમજાશે કે તમે તો શું, પણ કોઇ દર્શન મૂર્તિપૂજાથી છૂટી શકતું નથી. મહાશયજી, મને સન્દેહ છે કે તમે પણ ઇસાઇઓની માફક તો

કહેતા નથી ને ? કારણ—તેઓનું કહેવું છે કે અમે મૂર્તિને નથી માનતા પણ ખરી રીતે જોતાં તેમનો એક " રોમન કેથોલિક " નામનો મત સારી રીતે મૂર્તિપૂજાને માને છે. તે " **હજરત મસીહ** " અને " **મરિઅમના** " ચિત્રો ગીર્જા ઘરમાં રાખીને ફલફૂલ વગેરે ચડાવે છે અને તેની પૂજા કરે છે. વળી રૂસના સર્વે મતાનુયાયીઓ મૂર્તિપૂજક છે. તે સિવાય " મુઅલ્લિફ કિતાબ દિલ્લબસ્તાન મજાહિબ " પોતાના પુસ્તકમાં લખે છે કે હજરત ઇસામસીહ સૂર્યની પૂજા કરતા હતા અને તે જ કારણથી તે લોકો રવિવારને દિવસે સૂર્યની પૂજા કરે છે અને રવિવારને પુજા અને સન્માનનો દિવસ માને છે.

**આર્ય**—નહિ, સાહેબ નહિ. સ્વામી દયાનન્દના અનુયાયીઓ થઇને અમે કદાપિ જડ પૂજા કરીએ જ નહિ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળમાં એ વાત બનવી અસંભવિત છે.

**મન્ત્રી**—મહાશયજી મૂર્તિપૂજા જડ પૂજામાં મિશ્રિત નથી, કારણ કે મૂર્તિપૂજા એ જડની પૂજા નથી, ખરી રીતે જોતાં તે ચેતનની જ પૂજા છે.

**આર્ય**—શ્રીમન્ જો એમ જ હોય તો આપ કોઇ દૃષ્ટાંત આપીને સારી રીતે સમજાવશો ?

**મન્ત્રી**—હાં, સાવધાન થઇને સાંભળો. એક કોઇ આર્યસમાજી કોઇ પરમ વિદ્વાન સંન્યાસીની દરેક રીતે સેવા કરે છે અને જ્યારે સંન્યાસી બાવા આખા દિવસના જ્ઞાનધ્યાનના કારણને લઇને થાકી જાય છે ત્યારે તે તેમના પગ તથા શરીર અત્યન્ત દબાવે છે. તો મહાશયજી, હવે આપ બતલાવો, કે એ આર્યસમાજીને આવી રીતે રાતદિન પરમભક્તિ અને સેવા ઉઠાવાથી કદી પણ ફળની પ્રાપ્તિ થશે કે નહિ ?

**આર્ય**—જી, કેમ નહિ, અવશ્ય થશે. કારણ જો એવા મહાત્માની ચાકરી ઉઠાવવાથી ફળ પ્રાપ્ત ન થાય તો પછી કોની સેવાથી થાય ?

**મન્ત્રી**—વાહ જી વાહ, એ સેવા તો જડ શરીરની હતી અને જડની સેવા તો નિષ્ફળ થાય છે, તો પછી તમે આ સેવાનું ફળ કેવી રીતે માનો છો ?

**આર્ય**—શ્રીમન્ વિદ્વાનનું શરીર જડ હોતું નથી, કારણકે એમાં આત્મા તો વિદ્યમાન હોય છે.

**મન્ત્રી**—સત્ય છે, શરીરમાં આત્મા હોવાને કારણે ચેતનની સેવા માની લેવાય છે. જો કે ખરેખર સેવા તો જડ શરીરની જ થાય છે; આત્માની નહિ. આવી જ રીતે મૂર્તિપૂજાના સંબંધમાં વિચારવું જોઇએ. જેવી રીતે વિદ્વાનના શરીરમાં તમે આત્મા માની લો છો તેવી જ રીતે મૂર્તિમાં પણ તમારા મત પ્રમાણે તમારે ઇશ્વરને માની લેવો જોઇએ; કેમકે ઇશ્વર સર્વવ્યાપક છે એવું આપ કહો છો, તો તે મૂર્તિમાં પણ અવશ્ય છે જ. આથી સિદ્ધ થયું કે મૂર્તિપૂજા તે જડપૂજા નથી. મૂર્તિપૂજા કરતી વખતે કોઇપણ મતનો ભક્ત એ પ્રાર્થના કરે છે કે, હે સચ્ચિદાનન્દ ! જ્યોતિ સ્વરૂપ ! હે ઇશ્વર ! હે પરમાત્મન્ ! હે વીતરાગ ! હે દેવેશ ! હે પરબ્રહ્મભગવન્ ! અમને કૃપા કરીને આ સંસારસાગરથી પાર કરો. પણ એમ તો કોઇ કહેતું નથી કે હે જડ પત્થર ! અથવા અલી મૂર્તિ ! તું અમને આ સંસારથી પાર કર, અથવા અમારૂં કલ્યાણ કર. આથી સ્પષ્ટ માલૂમ પડી આવે છે કે પૂજા મૂર્તિની થતી નથી, પણ જેની તે હોય છે તેની થાય છે. મૂર્તિ તો તે જેની હોય છે તેનો અનુભવ કરાવે છે. વળી જેવી રીતે વિદ્વાનનું શરીર વિદ્વાનની સેવામાં કારણરૂપ છે તેવી જ રીતે

મૂર્તિ પણ જેની તે હોય છે તેની સેવામાં કારણરૂપ છે. જેવી રીતે શરીર વગરના એકલા આત્માની સેવા અસંભવિત છે, કારણ કે તે નિરાકાર વસ્તુ છે? તેવી જ રીતે ઇશ્વર કે પરમાત્માની સેવા કે પૂજા પણ કદાચિત્ મૂર્તિ વિના બની શકે જ નહિ.

આર્ય—ભલા, સચ્ચિદાનન્દની સેવામાં જડને કારણરૂપ માનવાની શું આવશ્યકતા છે? મૂર્તિ વિના શું વેદની શ્રુતિઓથી ઇશ્વરની પૂજા અને પ્રશંસા ન બની શકે?

મન્ત્રી—વાહ વાહ શું વેદની શ્રુતિઓ ચૈતન્ય છે? એ પણ જડ અક્ષરોનો સમૂહ છે. આથી પણ ઇશ્વરપૂજાનું કારણ જડ સિદ્ધ થયું.

આર્ય—શ્રીમન્, અમે એ જડ અક્ષરોથી ઇશ્વરનો જાપ કરીએ છીએ.

મન્ત્રી—મહાશયજી, તો અમે પણ મૂર્તિદ્વારા ઇશ્વરના સ્વરૂપનું સ્મરણ કરીએ છીએ. જેવી રીતે તમે જડ અક્ષરોમાં ઇશ્વરનો જાપ કીધો તેવી જ રીતે અમે ઇશ્વરની જડ મૂર્તિ દ્વારા ઇશ્વરના સ્વરૂપનું સ્મરણ કર્યું. ભાઇ સાહેબ, વાત તો એકની એક જ છે. તમારે પણ મૌલ્વી સાહેબ માફક ઠેકાણે આવવું જ પડશે, અને મૂર્તિપૂજાને કબૂલ રાખવી પડશે.

આર્યઃ—સાહેબ, એ તો ઠીક પણ અમે વેદની શ્રુતિઓ પણ ન ભણીએ, અને માત્ર મોઢેથી જ ઇશ્વરની સેવા અને પ્રશંસા કર્યા કરીએ કે હે પરમાત્મન્! તમે આવા છો, તેવા છો, અને વળી કહીએ કે હે પરમાત્મન્! અમને સંસારથી પાર કરો તો તેમાં શું વાંધો છે?

મન્ત્રી—વાહ સાહેબ, તમારા આ કથનથી તો સિદ્ધ થાય છે કે તમે વિદ્યા રહિત છો, કારણ કે કેવળ વિદ્યાના પ્રભાવથી

જે જે કાંઇ મુખથી બોલાય છે તેને શબ્દો કહેવામાં આવે છે. અને કેટલાક શબ્દોના મળવાથી પદ બને છે, તો પછી તમે જે કહ્યું કે તું આવો છે, તું તેવો છે, તમે અમને પાર કરો વગેરે વગેરે શું પદ નથી ? અને શું જડ નથી ? પદો ભલેને જુદી જુદી ભાષામાં હોય, પણ તે બધા જડ જ કહેવાશે. આથી સિદ્ધ થાય છે કે ઇશ્વરની પ્રશંસા અને ઉપાસના જડ વગર કરવી અસંભવિત છે. જો તમારે જડ વિના જ ઉપાસના કરવી હોય, તો "તમને" "હું" "હાં" "કોણ" અને "ક્યાં" વગેરે પદોનો ત્યાગ કરી મુંગા બનીને મોક્ષમાર્ગને સાધવો પડશે.

આર્ય—પદ જડ છે એ તો કબુલ, પરંતુ તેનાથી પ્રશંસા તો પ્રભુની જ થાય છે ને ?

મન્ત્રી—મહાશયજી, ખરેખર એમાં તો સંદેહ નથી. મૂર્તિ જડ પદાર્થ છે એમ તો અમે પણ માનીએ છીએ, પરંતુ તે દ્વારા અમે તે જેની હોય છે તે ઇશ્વરની જ પૂજા કરીએ છીએ, તથા પ્રાર્થના કરીએ છીએ. આથી મૂર્તિપુજાથી વિરૂદ્ધ જવું તમને યોગ્ય નથી. કારણ ? તત્ત્વ પદાર્થને પ્રાપ્ત કરવામાં જડ પણ સહાયરૂપ થઇ પડે છે. એ તો ઠીક, પણ કહો તો ખરા કે કોઇ મહર્ષિના શુદ્ધ ભાવથી દર્શન કરીએ તો તેથી સારૂં ફળ મળે કે નહિ ?

આર્ય—કેમ નહિ સાહેબ, જરૂર સારૂં ફળ મળે.

મન્ત્રી—હવે તમે એ બતલાવો, કે તમે મહાત્માના આત્માના દર્શન કર્યા કે તેના જડ શરીરના ? તો તેના ઉત્તરમાં તમારે જણાવવું પડશે કે અરૂપી આત્માના તો દર્શન થઇ શકતા નથી, મહાત્માજીના શરીરના જ દર્શન થયા. હવે અહીં ધ્યાન દેવું જોઇએ, કે માણુસ જડ શરીરને જોઇને પણ પુણ્ય

ઉપાર્જન કરી શકે છે, તો શું પરમાત્માની નિર્દોષ મૂર્તિથી પુણ્યોપાર્જન ન કરી શકે ? અવશ્ય કરી શકે.

**આર્ય**—શ્રીમન્ મહર્ષિનું દૃષ્ટાંત તો મૂર્તિની સાથે કદી સંબંધ રાખતું નથી. મહર્ષિના દર્શનથી તો એટલા માટે પુણ્ય થાય છે કે તે અમને શિખામણયુક્ત વાતોનો ઉપદેશ કરે છે અને તે પ્રમાણે વર્તવાથી અમને થોડો ઘણો લાભ થાય છે. પરંતુ મૂર્તિ અમને કંઇ પણ ઉપદેશ આપતી નથી, અને કોઇપણ જાતનો લાભ પણ કરતી નથી, તેથી મૂર્તિ માનવી ઠીક નથી.

**મન્ત્રી**—મહાશયજી આપનું કહેવું ઠીક છે, કે મહર્ષિ સારી સારી વાતો અને સુંદર ઉપદેશ સંભળાવે છે, પરંતુ મહર્ષિજીના કહેવા પ્રમાણે બીલકુલ વર્તન ન થાય તો શું મહર્ષિજીના દર્શનથી કોઇ લાભ અથવા ફળ આપણને મળી શકે ખરાં ? કદી પણ ન જ મળી શકે. માત્ર મહર્ષિજીનું મોઢું જોવાથી જ આપણું કલ્યાણ થઇ જતું નથી. કહે તે પર ધ્યાન દઇએ અને તે પ્રમાણે વર્તીએ તો જ કલ્યાણ થાય છે. આથી સિદ્ધ થયું કે ફળને પ્રાપ્ત કરવું વા ન કરવું તે આપણા જ આધીન છે, નિશ્ચય કરવાથી અને તે પ્રમાણે વર્તવાથી આપણને શિક્ષણ મળે છે, તો પછી તેમાં મહર્ષિજીની મોટાઇ શું છે કારણ ? ફળ પ્રાપ્ત કરવું, તે તો આપણા હાથમાં છે. આથી અમે પણ ભાવના ભાવીને મૂર્તિદ્વારા સારૂં ફળ પ્રાપ્ત કરી લઇએ છીએ. અમે વીતરાગ પરમાત્માની વીતરાગ મૂર્તિ જોઇ વીતરાગ બનવાની ઇચ્છા અથવા પ્રયત્ન કરીએ, તેમના ગુણોનું સ્મરણ કરીએ અને તેમના ગુણોનું સ્મરણ કરીને રાગદ્વેષને રોકીએ, તો નિઃસંદેહ તે મૂર્તિ અમને તારી દે છે. તમે પણ એ બાબત તો કબુલ કરી ચુકયા છો કે જો ઉપદેશ માન્ય રાખવામાં આવે અને તે પ્રમાણે વર્તન થાય તો જ જરૂર લાભ મળે. હવે હું એક દાખલો

આપીને આપને સિદ્ધ કરી બતાવું છું કે કેટલાક ચૈતન્યવન્ત પુરૂષોથી પણ જેટલો લાભ પ્રાપ્ત થતો નથી તેટલો જડથી થાય છે. એક માણસ ઘણોજ વિદ્વાન છે અને સારી સારી શિખામણો આપી રહ્યો છે. તેનું વર્ણન કરવું શક્તિ બહાર છે. કોઇ સાંભળનાર તેને પોતાના મતનો ન સમજી—અથવા પોતાના મતથી પ્રતિકુળ દેખીને તેના મુખથી નીકળેલા વર્ણન પર નિશ્ચય ન થવાથી તેના ઉપદેશ પ્રમાણે ન વર્તે ને વિચાર કરે કે આવા મૂર્ખાઓ તો ઘણા ભટકે છે, તો હવે બતલાવો કે આ ચૈતન્ય મૂર્તિથી તેનું કલ્યાણ કદાપિ થઇ શકે? કદી ન જ બની શકે; પરંતુ જો તેના કરતા ઘેર જ બેસી રહીને પોતાના મતના જડ પુસ્તકો ભણે ને તે પોતાનું ધર્મશાસ્ત્ર હોવાથી તેમાં લખેલી વાતો પર વિચાર કરી તેના પર નિશ્ચય લાવી તે પ્રમાણે વર્તે તો નિઃસંદેહ તે જડ પુસ્તકોથી સારો લાભ મેળવી શકે છે. હવે આપ નિષ્પક્ષપાતપણે કહો, કે અહીં ચૈતન્યથી લાભ થયો કે જડ શાસ્ત્રથી? આથી સિદ્ધ થયું કે જડથી કંઇપણ લાભ થતો નથી એવું આપનું કહેવું મિથ્યા અને ગેર-વ્યાજબી છે.

**આર્ય**—સાહેબ, આપની યુક્તિ તો ખરેખર સત્ય જ છે, પરંતુ તેમાં માત્ર એટલો સંદેહ છે કે નિરાકાર ઇશ્વરનો આકાર કેવી રીતે બની શકે?

**મંત્રી**—મહાશયજી, આપ જરા ધ્યાનથી વિચારો, તો તમને જરૂર સમજાઇ જશે કે નિરાકારનું પણ સાકારમાં ધ્યાન થઇ શકે છે. તમારા કહેવા પ્રમાણે ઇશ્વર નિરાકાર છે, પરંતુ સાકારવાલા ૐકાર શબ્દમાં પણ ઇશ્વરનો સમાવેશ થઇ જાય છે. વળી તમે હંમેશા ઈશ્વરને સર્વવ્યાપક માનીને કહો છો કે તે પરિચ્છિન્ન

( હદવાળી ) મૂર્તિમાં કદાપિ આવી શકતો નથી, તો ઓંકાર જેવડા નાનકડા શબ્દમાં કેવી રીતે સમાઇ શકયો ? અને જ્યારે ઓંકાર જેવો એક નાનકડો શબ્દ સર્વવ્યાપક ઇશ્વરનો બોધ કરાવે છે તો પછી મૂર્તિ કેમ ન કરાવી શકે ? જેવી રીતે નિરાકાર ઇશ્વર ઓંકારના સ્વરૂપમાં લખાય છે અથવા મનાય છે તેવી જ રીતે જો પત્થર કે ધાતુની મૂર્તિમાં પણ તેની સ્થાપના માની લઇએ તો તેથી શું ગેરલાભ છે ? ઇશ્વરનું જ્ઞાન અનન્ત અને નિરાકાર છે એવું તમે જરૂર માનો છો, અને તે જ જ્ઞાન પરિમિત ( હદવાળા ) સાકાર ( આકારવાળા ) જડ વેદોમાં પણ રહેલું છે એમ તમે માનો છો, એથી જ નિરાકારની સાકારમાં સ્થાપના સિદ્ધ થાય છે તો પછી નિરાકાર સર્વવ્યાપી ઇશ્વરની પરિચ્છિન્ન સાકાર મૂર્તિમાં સ્થાપના કેમ ન થઇ શકે ? આવી રીતે જ નિરાકાર ઇશ્વરની પ્રતિમા બનાવવામાં શું દોષ છે ? સાંભળો, પંજાબની આર્ય પ્રતિનિધિ સભાના બનાવેલા સ્વામી દયાનન્દજીના જીવનચરિત્રના પૃષ્ઠ ૩૫૯ મામાં લખેલું છે કે ઇશ્વરનું કોઇ રૂપ નથી, પરંતુ જે કાંઇ સંસારમાં દૃષ્ટિગોચર થાય છે તે જ તેનું રૂપ છે. આથી સ્પષ્ટ થાય છે કે મૂર્તિ પણ પરમાત્માનું જ રૂપ છે. સંસારની સર્વ સાકાર વસ્તુ પરમાત્માનું રૂપ છે, તો શું મૂર્તિ જ પરમાત્માના રૂપથી અલગ રહી ગઇ ?

આર્ય—આપની આ બાબત તો સત્ય છે, પરંતુ જડની પૂજા કરવાથી ચૈતન્ય-જ્ઞાન કદાપિ થઈ શકે જ નહિ.

મંત્રી—મહાશય, જો તેમજ માનતા હો તો તમારા કહેવા પ્રમાણે જડ વેદોથી ચૈતન્ય પરમાત્માનું જ્ઞાન કદાપિ થઇ શકે જ નહિ, પરંતુ તમને તો શ્રદ્ધા છે કે વેદોવડે પરમાત્મા કે ઇશ્વરનું

જ્ઞાન પ્રાપ્ત થાય છે, આથી સિદ્ધ થાય છે કે જડ પદાર્થથી ચૈતન્યનું જ્ઞાન થઈ શકે છે.

**આર્ય**—એ તો ઠીક, પરંતુ તમારી એ મૂર્તિના આભૂષણો કોઇ ચોરી જાય છે, અથવા તો તે મૂર્તિને કોઇ તોડી નાખે છે, અને તેનો નિરાદર કરે છે, તે પણ તો તેને કંઇ કરી શકતી નથી, તો પછી તે આપણને શું લાભ કરવાની હતી ?

**મંત્રી**—મહાશયજી, જો તમે તેમ જ માનો છો, તો પછી તમારે ઇશ્વરને પણ માનવો ન જોઇએ, કારણ કે ઘણા નાસ્તિક લોકો ઇશ્વરને માનતા નથી ને ગાળો પણ દે છે, અને કહે છે કે ઇશ્વર કોણ છે, અને શી વસ્તુ છે ? વગેરે વગેરે. પરંતુ ઇશ્વર એમને કંઇ કરી શકતો નથી. આથી તમારી શ્રદ્ધાનુસાર ઇશ્વરને પણ માનવો ન જોઇએ અને શું ઇશ્વર પ્રથમથી જ ન્હોતો જાણતો કે આ માણસ મારૂં માનશે નહિ, અને તેથી હું તેને ઉત્પન્ન નં કરૂં. જો જાણતો હોય તો માનો ઇશ્વર મોટો મૂર્ખ છે, કે તેણે જાણીબુઝીને પોતાનો શત્રુ ઉત્પન્ન કર્યો છે અને કદાચ ન જાણતો હોય તો ઇશ્વર સંપૂર્ણ જ્ઞાની ગણાશે નહિ. મહાશયજી, એમ માનવાથી તમારા ઇશ્વર પર જાતજાતના આક્ષેપો થઇ શકે છે, પરંતુ ખરેખર વાત તો એટલી જ છે કે જે કાંઇ થાય છે તે આપણી ભાવનાથી જ થાય છે. તેથી મૂર્તિના ભૂષણ ચોરનારને અથવા તો તેને તોડી નાખનારને તેની ભાવનાનુસાર આ ભવ યા પરભવમાં જરૂર બદલો મળે છે અને મળશે. તેવી જ રીતે ઇશ્વરની આજ્ઞા વિરૂદ્ધ વર્તન કરનાર અને તેને નહિ માનનારને પણ ભાવનાનુ ફળ મળે છે અને મળશે.

**આર્ય**—શ્રીમાન, મૂર્તિ તો પોતાના પર બેઠેલી માખને

પણ ઉડાડી શકતી નથી તો બીજાઓને તેની ભક્તિથી શું લાભ થવાનો હતો ?

મન્ત્રી—વાહ જી વાહ. ઠીક કહ્યું. તમારા વેદ પણ જડ છે, તે પણ મૂર્તિની માફક જ પોતાના પર બેઠેલી માખ ઉડાડી શકતા નથી. પણ તે જ દ્વારા તમે પરમપદ–મુક્તિનું ફળ પ્રાપ્ત કરવાનું માની રહ્યા છો. જો કદાચ કહેશો કે વેદોદ્વારા તો જ્ઞાન મળે છે, તો અમે એમ પૂછીએ છીએ કે શું વેદ પોતે જ જ્ઞાન કરાવવાને સમર્થ છે કે પુરૂષ પોતાની બુદ્ધિથી પ્રાપ્ત કરી શકે છે ? કદાચ કહો કે વેદ પોતે જ સમર્થ છે તો તમારૂં તે કથન કદાપિ સત્ય ગણાશે જ નહિ; કારણ કે જો કદાચ એમ જ હોય તો મૂર્ખ મનુષ્ય પણ પોતાના પાસે વેદ રાખીને વેદોના જ્ઞાનથી યુક્ત બની જાય, પરંતુ તેવું કદાપિ જોવામાં આવતું નથી. વેદોને પાસે રાખવાવાળા તો હજારો છે, પણ તેને સમજવાવાળા સેંકડોમાંથી એક કે બે જ નીકળી આવશે. અથવા તો કહો કે પોતાની બુદ્ધિથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, તો તેવું જ્ઞાન તો મૂર્તિથી પણ પ્રાપ્ત થાય છે. દાખલા તરીકે એક માણસે કદાપિ હાથીને જોયો નથી. તે જ માણસ હાથીનું ચિત્ર જોઇને હાથી સંબંધી જ્ઞાન પેદા કરે છે કે હાથી આવો હોય છે, પરંતુ જો તેને હાથી એટલો શબ્દ માત્ર જ સંભળાવવામાં આવે તો તેને હાથીનું જ્ઞાન કદાપિ થશે નહિ કે હાથી કેવો હોય છે. આથી પણ સિદ્ધ થાય છે કે મૂર્તિ અવશ્ય માનવી જોઇએ. તમારા ગુરૂ સ્વામી દયાનન્દજીના બનાવેલા "સત્યાર્થ પ્રકાશ"થી સિદ્ધ થાય છે કે મૂર્તિ અવશ્ય માનવી જોઇએ.

આર્ય—અરે, આ તો આપે નવાઈની વાત કરી, ભલા. અમારા ગુરૂજી મૂર્તિને માનવાનું લખે એ કદાપિ બની શકે ખરૂં કે ? કદાપિ ન જ બને.

**મન્ત્રી**—તમે ગભરાવ છો શા સારૂ ? જો મારા કહેવા પર તમને વિશ્વાસ ન આવતો હોય તો સત્યાર્થ પ્રકાશના પૃષ્ઠ ૩૭ મા પર જોઇ લો. ત્યાં અગ્નિહોમની વિધિ અને તેના સંબંધી આવશ્યક સામગ્રીઓનું વ્યાખ્યાન કરેલું છે. આટલી લાંબી પહોળી ચોરસ વેદી–આવું પોક્ષણીપાત્ર (જલ લેવાનું પાત્ર) આવા પ્રકારનું પ્રણીતાપાત્ર–આ પ્રકારની આજ્યસ્થાલી (ઘી ભરવાનું પાત્ર)–અને આ નમૂનાનો ચમચો બનાવવો જોઇએ. હવે જરા ધ્યાન દો કે જો સ્વામીજી મૂર્તિને માનતા ન હોય તો તે ચિત્ર વગર જ પોતાના સેવકોને ઉપરના સ્વરૂપો કેમ ન સમજાવી દે ?

**આર્ય**—શ્રીમન્ ! અમે લોકો તે ચિત્રોને ખરાં વેદી વિગેરે માનતા નથી. અમે તો કેવલ આ ચિત્રોને ખરી વેદી વિગેરેનું જ્ઞાન થવામાં નિમિત્ત માનીએ છીએ.

**મન્ત્રી**—અમે પણ તેમજ કહીએ છીએ. મૂર્તિ ઇશ્વર તો નથી પરંતુ ઇશ્વરના સ્વરૂપનું સ્મરણ કરાવવામાં નિમિત્ત છે.

**આર્ય**—વેદી વગેરે વસ્તુઓ તો સાકાર છે. તેના ચિત્ર બનાવવા તે યોગ્ય છે, પરન્તુ ઇશ્વર હૃદયમાં ચિન્તનીય છે, તેથી તેની મૂર્તિ કેવી રીતે બની શકે ?

**મન્ત્રી**—જો તમે ઇશ્વરને ચિન્તનીય અને અરૂપી માનો છો તો ઓમ્ પદનો સંબંધ ઇશ્વર સાથે રહી શકશે નહિ, કારણ કે ઓંમ્ પદ રૂપી છે જ્યારે ઇશ્વર અરૂપી છે. તો પછી ઓં પદનું ધ્યાન કરવાથી તથા તેના ઉચ્ચારણથી તમને શું ફાયદો છે ?

**આર્ય**—જે વખતે અમે ઓં પદનું ધ્યાન અને ઉચ્ચારણ કરીએ છીએ તે વખતે અમારો આન્તરિક ભાવ જડરૂપ ઓં શબ્દમાં નથી રહેતો પણ ખરેખર એ પદના "વાચ્ય" ઇશ્વરમાં રહે છે.

**મન્ત્રી**—જ્યારે તમારો ભાવ " વાચક " ઓં પદને છોડીને " વાચ્ય " ઇશ્વરમાં રહે છે તો પછી તમારે વાચકપદ ઓંની શું આવશ્યક્તા છે ?

**આર્ય**—શ્રીમન્ ! ઓં પદની આવશ્યકતા એટલા માટે છે કે ઓં શબ્દ વિના ઇશ્વરનું જ્ઞાન થઇ શકતું નથી.

**મન્ત્રી**—જેવી રીતે ઓં શબ્દની સ્થાપના વિના ઇશ્વરનું જ્ઞાન થઇ શકતું નથી, તેવી જ રીતે મૂર્તિ વિના ઇશ્વરનું જ્ઞાન પણ થઇ શકતુ નથી; કારણ કે જ્યાં સુધી માણસને કેવળજ્ઞાન થતું નથી ત્યાં સુધી તેને મૂર્તિના દર્શન વિના ઇશ્વરના સ્વરૂપનો બોધ થવો અસંભવિત છે. આ બાબતનું વર્ણન પાછળ પણ અપાઇ ગયું છે, કે એક માણસે તો હાથીને જોયેલો છે અને બીજાએ નામ માત્ર જ સાંભળ્યું છે પરંતુ ખરો હાથી કદાપિ જોયો નથી. હવે જુઓ કે બીજો માણસ કે જેણે માત્ર હાથીનું નામ જ સાંભળ્યું છે તેને જ્યાંસુધી હાથીનું ચિત્ર બતાવવામાં નહિ આવે ત્યાં સુધી ખરા હાથીનું જ્ઞાન તેને કદાપિ થશે નહિ. તેવી જ રીતે અમે ને તમે માત્ર ઇશ્વરનું નામ જ સાંભળ્યું છે પરંતુ તેમને જોયેલ નથી, માટે ઇશ્વરની મૂર્તિ સિવાય ઇશ્વરનું જ્ઞાન કદાપિ ન જ થઇ શકે. કદાચ તમે એમ કહેશો કે મૂર્તિ બનાવનારે ઇશ્વરને કયારે અને કયાં જોયેલો ? તો તમારૂં એ કથન પણ યોગ્ય નથી. કારણ? નકશો બનાવનારે શું સર્વ દેશ–શહેર–કસબા–ગામો–સમુદ્ર નદી વિગેરે જોએલું હોય છે ? જેવી રીતે તેણે આ બધું જોએલું નથી હોતું પરંતુ તેના બનાવેલા નકશા દ્વારા નકશાના જોવાવાળાઓને દેશ, ગામ, નગર વગેરેનું જ્ઞાન થઇ જાય છે, તેવીજ રીતે મૂર્તિની બાબતમાં પણ સમજવાનું છે. જો કે મૂર્તિ બનાવનારે ઇશ્વરને જોયેલ નથી, પરંતુ આ મૂર્તિને જોવાથી આપણને ઇશ્વરનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આર્ય—કેમ સાહેબ, જ્યારે શાસ્ત્રોથી જ ઇશ્વરનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે મૂર્તિની શું આવશ્યકતા છે ?

મન્ત્રી—મહાશયજી, આપનું આ કથન પણ વ્યર્થ છે. જુઓ એક આદમીને મુંબઇના વૃત્તાંતથી એવી રીતે સાવધાન કરવામાં આવે કે આ નગરનું અમુક દ્વાર તો પૂર્વ તરફ, અમુક દ્વાર પશ્ચિમ તરફ, અને અમુક ઘર સ્ટેશનથી અમુક દિશામાં છે વગેરે વગેરે અને બીજા માણસને મુંબઇ નગરનો નકશો પણ બનાવવામાં આવે અને વૃતાંત પણ કહેવામાં આવે, તો તમે જ કહો કે મુંબઇ નગરનું અતિજ્ઞાન કયા મનુષ્યને થાય ? જરૂર કહેવું પડશે કે વૃત્તાંત સાંભળીને નકશો જોનારને થાય.

આર્ય—ભાઇ સાહેબ, જો તમે પત્થરની મૂર્તિને દેખવાથી શુભ પરિણામનું આવવું માનો છો તો તેની જડતાના ભાવ પણ તમારામાં જરૂર આવશે. અને જ્યારે બુદ્ધિ પત્થર થઇ જશે તો તમે પણ પાષાણુવત્ જડ થઇ જશો.

મન્ત્રી—અહહહ ! તમારી બુદ્ધિ અને તર્કનું શું કહેવું ? જરા આંખો તો ઉઘાડો, એક અતિ મૂર્ખ પણ જાણે છે કે સ્ત્રીની મૂર્તિ જોવાથી કામ તો નિઃસંદેહ ઉત્પન્ન થાય છે પણ મનુષ્ય સ્ત્રી બની જતો નથી. આ જ પ્રમાણે વીતરાગ દેવની શાન્તદાન્ત મૂર્તિને જોઈ લોકો શાન્તદાન્ત તો થઇ શકે છે, પણ જડ બની જતા નથી. અને કદાચ જો તમારૂં માનવું ખરૂં હોય તો જડરૂપ ૐ શબ્દના દેખવાથી તમે પણ જડ બની જાઓ. તમે તો અનેક વાર ઓં શબ્દ દેખ્યો હશે પણ જડ બની ગયા નથી.

આર્ય:—નહિજી આપનું કથન અસત્ય છે, કારણ કે ઓં શબ્દના દેખવાથી તો અમને પરમાત્માનું સ્મરણ થાય છે.

મન્ત્રી:—મહાશયજી તેવી જ રીતે મૂર્તિને જોવાથી અમને

પણ પરમાત્માનું સ્મરણ થાય છે. અને આ પ્રસિદ્ધ નિયમ છે કે કોઇ કાર્ય કારણ સિવાય બની શકતું નથી, તેવી જ રીતે ભાવ પણ કારણ વગર ઉત્પન્ન ન જ થઇ શકે.

આર્યઃ—શ્રીમાન્! સાંભળો મૂર્તિના વિષયમાં હજી પણ એક ઘણો મોટો આક્ષેપ છે. મૂર્તિ જડ હોય છે, તો પછી તે જડ મૂર્તિદ્વારા ઇશ્વરનું જ્ઞાન કેવી રીતે થઇ શકે?

મન્ત્રીઃ—મહાશયજી, અમે જડમૂર્તિને ચેતન કહેતા નથી. કેવળ સારા ભાવોને ઉત્પન્ન કરવાવાળી માનીએ છીએ. શાસ્ત્રો અને મૂર્તિ આપસ આપસમાં ભૂગોળ અને નકશાની જેમ સંબંધ રાખે છે. કારણ? શાસ્ત્ર તે ભુગોળની માફક વૈરાગ્ય ભાવ અને ઇશ્વરના રૂપનું વર્ણન કરે છે. અને મૂર્તિ તો તેનો નકશો જ છે. શાસ્ત્રો જો કે જડ છે પરંતુ સારા ભાવોને ઉત્પન્ન કરનાર છે, તેમજ મૂર્તિ પણ નિઃસંદેહ જડ છે પરંતુ સારા ભાવો કે જેથી ઇશ્વરનું જ્ઞાન થાય છે તે ઉત્પન્ન કરે છે. સંસારમાં એવો કોઇ પણ મત નથી કે જે મૂર્તિ ને કોઇ ને કોઇ પ્રકારે પણ કબૂલ રાખતો ન હોય. જો કોઇ મતાનુયાયી પુરૂષ આકારવાળી મૂર્તિને નહિ માનતો હોય, અને તેનું સન્માન નહિ કરતો હોય, તો પણ તે વેદ, પુરાણ ઇંજીલ ઇત્યાદિ પોતાના પવિત્ર પુસ્તકો કે જે સાકાર અને જડ છે તેને તો અવશ્ય માનતો હશે, અને તેનું સન્માન કરતો હશે. *

આર્યઃ—શ્રીમાન્! મૂર્તિ જડ છે તેથી તેની ઉપાસના કરવાથી મનુષ્ય પણ જડ બની જશે.

---

* એ વાત વાંચકને માલુમ થાય કે આકારવાળી વસ્તુ મૂર્તિના નામથી પ્રખ્યાત થઇ શકે છે.

મંત્રી—ઘણા જ ખેદની વાત છે કે આ બાબત પર હું અનેક યુક્તિઓ વડે સમજાવી ગયો છું, અને તે દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે પરન્તુ તમે વારંવાર તેનો તે જ પ્રશ્ન કર્યા કરો છો ! ઠીક, બીજા બે ચાર દાખલા આપીને તમને સમજાવી દઉં કે જડની પુજાથી મનુષ્ય જડ બની જતો નથી. તમે કહો છો તેનાથી ઊલટું જડ પદાર્થોથી ઘણા લાભ પણ થાય છે. જુઓ બ્રાહ્મી નામની એક જાતની બુટી જડ પદાર્થ છે, પરંતુ તેને ખાવાથી ચેતના વધે છે, કેટલીક વખત જડ ચેતનથી પણ અધિક કામ આપે છે. આત્માનો ગુણ જ્ઞાન છે તેથી પદાર્થોને આત્મા જોઇ શકે છે, પરંતુ તે સિવાય પણ ચક્ષુ વગેરે ઇંદ્રિયોની સહાયતાની જરૂર તેને પડે છે, કારણ ? જ્યારે ચક્ષુ કોઇ પણ કારણથી નાશ પામી જાય છે, ત્યારે પદાર્થો દેખી શકાતા નથી. શું તે વખતે પણ દેખવાવાળો આત્મા વિદ્યમાન નથી, તો કહેવું પડશે કે આત્મા તો અવશ્ય વિદ્યમાન છે. પરંતુ સહાયક ચક્ષુઓનો નાશ થવાથી પદાર્થોનાં દર્શન થઇ શકતાં નથી. હવે તમે જ ન્યાયથી કહો કે જડનો કેટલો પ્રભાવ છે, કે જે ન હોવાને કારણે આત્મા પણ પદાર્થને દેખી શકતો નથી. લ્યો, હજી વધારે સાંભળો, આંખો સચેતન છે, તો પણ તે પોતે પોતાને જોઇ શકતી નથી, પરન્તુ જો દર્પણ સન્મુખ લાવવામાં આવે તો આંખો પોતાની જાતને નિહાળી લે છે. જુઓ, આ ઠેકાણે આપણને જડરૂપ દર્પણે કેટલો લાભ કર્યો ? આવી જ રીતે મૂર્તિ પણ ઇશ્વર કે પરમાત્માનો બોધ કરાવે છે. હજુ પણ જુઓ, મનુષ્ય પોતાની જોવાની પૂર્ણ શક્તિ હોય તો પણ અડધા માઇલથી વધારે દૂર કદાપિ જોઇ શકતો નથી, પરન્તુ દુરબીન લગાવીને જુએ તો દશ માઇલ કરતાં પણ વધારે દૂરની વસ્તુ જોઇ શકે છે. હવે ધ્યાન દો કે દુરબીન જડ પદાર્થ છે,

પરંતુ તેમાં કેટલી શક્તિ છે ? અને તે કેટલી લાભ આપનારી વસ્તુ છે, માટે ભલા ભાઈ, ન્યાયની દૃષ્ટિથી તો મારી આ યુક્તિઓ અને પ્રમાણોથી તમારે માની લેવું જોઇએ કે જડ પદાર્થોથી પણ ઘણા લાભ છે.

**આર્ય**—હા સાહેબ, હવે હું એટલું તો સ્વીકાર કરૂં છું કે મૂર્તિ જરૂર માનવી જોઇએ, અને નિરાકાર ઇશ્વરની મૂર્તિ બની શકે છે. આપે ઉપરની યુક્તિઓ આપીને તે તો બરાબર સિદ્ધ કરી બતાવ્યું છે. હવે પ્રશ્ન માત્ર એટલો જ રહે છે, કે તમે વેદોના મન્ત્રોથી આ બાબતને સિદ્ધ કરી બતાવો; કારણ કે વેદો પર અમારો અધિક વિશ્વાસ છે.

**મન્ત્રી**—ઠીક સાહેબ, તમારા કહેવા પ્રમાણે વેદની શ્રુતિઓથી જ સિદ્ધ કરી બતાવું છું. તમે જરા ધ્યાન દઇને સાંભળો યજુર્વેદના ૧૬મા અધ્યાયના ૪૯મા મન્ત્રમાં મૂર્તિપૂજા સિદ્ધ કરેલ છે તે જુઓઃ—

**याते रुद्र शिवा तनूरघोरापापकाशिनी**

**અર્થ**—હે રૂદ્ર ! તારૂં શરીર કલ્યાણ કરનાર, સૌમ્ય અને પુણ્યફળ આપનાર છે.

વળી યજુર્વેદના ત્રીજા અધ્યાયના ૬૦મા મન્ત્રમાં કહ્યું છે કેઃ—

**त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्द्धनम् ।**
**उर्वारुकमिव बन्धानान् मृत्योर्मुक्षीयमामृतात् ॥**

**तथा च निरुक्तम्—अ० १३, पा० ४ खण्ड—**

**त्रीणि अम्बकानि यस्य स त्र्यम्बको रुद्रस्तं त्र्यम्बकं यजामहे सुगन्धिं सुष्टुगन्धिम् पुष्टिवर्द्धनमपुष्टिकारक-**

**मिर्वारुकमिव फलं बन्धनाद्वाराधनात् मृत्योः सकाशात् मुञ्चस्व मां कस्मान्नित्येषामितरैषा पराभवति।**

**અર્થ**—આ અર્થનો મહીધરે પણ આ જ અર્થ કર્યો છે, તેનો સીધેસીધો અક્ષરાર્થ એવો છે કે ત્રણ નેત્રોવાળા શિવજીની અમે પૂજા કરીએ છીએ, સુગન્ધિત પુષ્ટિકારક, પાકું તરબુચ જેવી રીતે પોતાની લતાથી છુટું પડી જાય છે. તેવી રીતે અમને મૃત્યુથી બચાવીને મોક્ષપદની પ્રાપ્તિ કરાવો.

આ શ્રુતિથી ઇશ્વર શરીરધારી સિદ્ધ થાય છે. નેત્રોની ઉપાતિ શરીર વગર અસંભવિત છે. સ્વામી દયાનન્દજીએ ત્ર્યંબક પદનો અર્થ ત્રણ લોકની રક્ષા કરનાર એવો લખ્યો છે, પરંતુ તે પદનો આ અર્થ કોઇ પણ પ્રકારે થઇ શકતો નથી. મનુસ્મૃતિના ચોથા અધ્યાયમાં ૧૨મા શ્લોકમાં પણ લખેલું છે કે :—

**मैत्रं प्रसाधनं स्नानं दंतधावन मज्जनम् ।**
**पूर्वाण्ह एव कुर्वीत देवतानाञ्च पूजनम् ॥**

એટલે શૌચાદિ સ્નાન અને દાતણ કર્યા પછી દેવતાઓનું પૂજન પ્રાતઃકાળમાં જ કરવું જોઇએ. અહીં પણ દેવપૂજાથી મૂર્તિપૂજા સિદ્ધ થઇ. વળી–

**नित्यं स्नात्वा शुचि कुर्याद्देवर्षिपितृतर्पणम् ।**
**देवताऽभ्यर्चनं चैव समिदाधानमेव च ॥**

**અર્થ**—હંમેશા સ્નાન કરીને પ્રથમ દેવ, રૃષિ તથા પિતૃ તર્પણની વિધિ પોતાના ઘરના નિયમ પ્રમાણે કરે. પછી શિવાદિ દેવપ્રતિમાઓનું અભ્યર્ચન કરે. અહીં અભ્યર્ચન પદથી માતા, પિતા, ગુરૂ વગેરે કોઇ પણ મનુષ્યનો આદરસત્કાર એવો અર્થ લેવાનો નથી. કારણ કે આ મનુસ્મૃતિના જ બીજા અધ્યાયમાં માતા, પિતા, ગુરૂ આદિ માન્યવરોની પૂજા આદરસેવા વગેરે અલગ

કહે છે. અગ્નિ હોમનું વિધાન સ્ત્રીવાળા ગૃહસ્થોને માટે જ છે. બ્રહ્મચારીને માટે અગ્નિહોમને બદલે સમિદાધાન કર્મ છે. પાણિનીય અષ્ટાધ્યાયી અ૦ ૫, પા—૩, સૂ૦ ૯૯ ના અનુસારે વાસુદેવ તથા શિવની પ્રતિમાઓનાં નામ પણ " कन् " પ્રત્યયનો લોપ થઈ જવાથી વાસુદેવ તથા શિવ થાય છે. તે અનુસાર દેવતાઓની પ્રતિમાનું નામ પણ " कन् " પ્રત્યયનો લોપ થઈ જવાથી દેવતા એમ કહેવાશે.

**वासुदेवस्य प्रतिकृतिः= वासुदेवः**
**शिवस्य प्रतिकृतिः= शिवः**
**देवताया• प्रतिकृतिः= देवता**
**तस्या अभ्यर्चनं देवताभ्यर्चनम्**

મનુસ્મૃતિમાં કહેલ **देवताभ्यर्चन** પદનો સ્પષ્ટાર્થ વિષ્ણુ, શિવ. વગેરે દેવોની પ્રતિમાઓનું પૂજન બ્રહ્મચારીએ નિયમિત કરવું જોઈએ એવો થાય છે. મનુના ટીકાકારોની સંમતિ પણ દેવપ્રતિમા પુજવામાં ખુલ્લી જણાઈ આવે છે.

**गोविन्दराजः- देवतानां हराद्रीनां पुष्पाद्रिनाऽर्चनम् ।**
**मेधातिथिः अतः प्रतिमानामेवैतत्पूजनविधानम् ।**
**सर्वज्ञनारायणः—देवतानामर्चनं पुष्पाद्यैः ।**
**कुल्लूकः—प्रतिमादिषु हरिहरादिदेवपूजनम् ।**

મનુસ્મૃતિના ટીકાકાર ગોવિન્દરાજ કહે છે કે અહીં દેવતા શબ્દથી શિવ વગેરે દેવતાઓ ગણાય છે. પુષ્પ વગેરેથી પુજા કરવી, તેને **देवताभ्यर्चन** કહેવામાં આવે છે.

મેધાતિથિ કહે છે કે અહીં પ્રતિમાઓનું પુજન અભિમત છે. સર્વજ્ઞ નારાયણ અને કુલ્લુક ભટે પણ એ જ મત સ્વીકારેલો છે. આ પ્રમાણોથી મૂર્તિપુજા સિદ્ધ થાય છે.

**આર્ય:**—નહીં જી. આપનું કથન યુક્તિ-યુક્ત નથી. કારણ કે અમારા શાસ્ત્રોમાં તો દેવતાનો અર્થ વિદ્વાન કરેલો છે.

**મન્ત્રી:**—ઠીક, ત્યારે સાંભળો. શું દેવતાઓનો વિદ્વાન એવો અર્થ સિદ્ધ થાય છે? સવારમાં જ દેવતાઓનું પુજન કરવું જોઇએ એમ લખવાનું શું કારણ હશે? અને કદાચ એ વાતનો સ્વીકાર કરી લો કે દેવતાનો અર્થ વિદ્વાન થાય છે, તો પણ તમે જડપૂજાથી કોઇપણ રીતે અલગ રહી શકતા નથી. તમે જો કોઇ વિદ્વાનની સેવા કરશો તો આત્મા નિરાકાર હોવાથી તે વિદ્વાનના શરીરની જ પૂજા કરશો. હવે જુઓ કે શરીર જડ છે તેથી તે પણ જડની જ પૂજા થઇ. કદાચ તમે કહેશો કે શરીરમાં ચૈતન્ય આત્મા હોવાથી ચૈતન્ય શરીરના પૂજનથી અમે જડપૂજક સિદ્ધ થતા નથી, તો અમે મૂર્તિ પૂજનારાઓ પણ જડપૂજક તો નથી જ, કારણ? તમારા મન્તવ્ય પ્રમાણે ઇશ્વર સર્વવ્યાપક હોવાથી મૂર્તિમાં પણ તે રહેલો છે. મનુસ્મૃતિના નવમા અધ્યાયના ૨૮૦ મા શ્લોકમાં લખેલું છે કે—

**कोष्ठागार–युधागार–देवतागारभेदकान् ।**
**हस्त्यश्वरथहर्तृंश्च हन्यादेवाविचारयन् ॥**

આનો આશય એ છે કે કોશ-કારાગાર અને દેવતાઓના મન્દિરને તોડનારાઓ તથા ચોરી કરનાર ચોર એ સર્વેનો રાજા વગરવિચારે નાશ કરે.

વળી મનુસ્મૃતિના નવમા અધ્યાયના ૨૮૫ મા શ્લોકમાં લખેલું છે કે:—**सङ्क्रमध्वजयष्टीनां प्रतिमानां च भेदकः**

આ શ્લોકમાં મનુજીએ રાજાને માટે આદેશ કરેલો છે કે નાળા ઉતરવાને માટે જે પુલો હોય છે તથા ધ્વજયષ્ટિ કહેતાં તળાવના જળનું માપ લેવાને લાકડી હોય છે તેના તોડનારને

તથા દેવતાઓની પ્રતિમાઓને તોડનારને રાજા દંડ કરે. આ ઠેકાણે પણ દેવમન્દિરનું નામ હોવાથી પ્રત્યક્ષ છે કે મૂર્તિપૂજાનો પ્રચાર મનુજીના સમયમાં પણ હતો, અને મનુજીને પણ તે વાત કબૂલ હતી.

**આર્ય**—મહાશય, દેવમન્દિર શબ્દનો અર્થ વિદ્વાનોનું સ્થાન એવો થાય છે.

**મન્ત્રી**—તમને પ્રથમથી જ કહી દીધું છે કે દેવ શબ્દનો અર્થ વિદ્વાન ન જ થઇ શકે. **विद्वांसो वै देवाः** એ વાક્ય તમે "શતપથ બ્રાહ્મણભાગમાંથી" લીધું છે અને તે જ પ્રમાણથી દેવનો વિદ્વાન એવો અર્થ કરો છો, પરંતુ શતપથ બ્રાહ્મણભાગ નામના ગ્રન્થની છઠ્ઠી કંડિકામાં મત્સ્ય અવતાર વગેરેનું વર્ણન છે. જો તમે શતપથ બ્રાહ્મણના પ્રમાણથી દેવતાનો અર્થ વિદ્વાન કરો છો, તો તમારે છઠ્ઠી કંડિકાને પણ માનવી પડશે, જેમાં અવતારોની સિદ્ધિનું વર્ણન છે. જ્યારે અવતારોને માની લીધાં ત્યારે મૂર્તિનો સ્વીકાર તો આપોઆપ સિદ્ધ થઇ જશે.

મનુસ્મૃતિના અધ્યાય ૮ માં શ્લોક ૨૪૮ થી પ્રત્યક્ષ માલૂમ પડે છે કે દેવતા શબ્દનો અર્થ દરેક ઠેકાણે વિદ્વાન થતો નથી. શ્લોક આ પ્રમાણે છે.

**तडागान्युदपानानि वाप्यः प्रस्रवणानि च ।**
**सीमासन्धिषु कार्याणि देवतायतनानि च ॥**

વળી યજુર્વેદના ૧૬ મા અધ્યાયના આઠમા મન્ત્રમાં લખેલું છે કેઃ—

**नमस्ते नीलग्रीवाय सहस्राक्षाय मीढुषे ।**
**अथो ये अस्य सत्वानोहन्तेभ्यो करन्नमः ॥**

**मन्त्रार्थः—नीलग्रीवाय सहस्राक्षाय मीढुषे नमः अस्तु**

**अथो अस्य ये सत्वानः तेभ्यः अहम् नमः अकरम् इति मन्त्रार्थः ॥**

**ભાવાર્થ**—નીલકંઠ, સહસ્ર નેત્રથી આખા જગતને દેખનાર ઇંદ્રરૂપ, અથવા વિરાટરૂપ, સીંચવામાં સમર્થ પ્રજન્યરૂપ ( મેઘરૂપ ) અથવા વરૂણરૂપ એવા રૂદ્રના નિમિત્તે નમસ્કાર થાઓ. ધ્યાન દો કે ઉપલી શ્રુતિમાં હજાર નેત્રવાળા અને શ્યામ ગ્રીવાવાળા કહેવાથી ઇશ્વરનું શરીર સિદ્ધ થાય છે, કેમકે શરીર વિના નેત્ર ને કર્ણનું હોવું અસંભવિત છે.

**प्रमुञ्च धन्वनस्त्वमुभयो रात्न्योर्ज्याम् ।**
**याश्चते हस्त इषवः परा ता भगवो वप ॥**

**मन्त्रार्थः—भगवः धन्वनः उभयोः रात्न्यों ज्याम् त्वम् प्रमुञ्च च याः ते हस्ते इषवः ताः परावप ।**

**ભાવાર્થ**—હે **षडैश्वर्यसम्पन्न** ! ભગવન્ ! તમારા ધનુષ્યના બન્ને છેડાઓ પર રહેલી ધનુષ્ય દોરી દૂર કરો, તમારા હાથમાં બાણ છે તેનો ત્યાગ કરી દો, અને અમારે માટે સૌમ્ય મૂર્તિ બની જાઓ. આથી પણ ઇશ્વર શરીરધારી સિદ્ધ થાય છે, કારણ કે શરીર વિના હાથ પગનું હોવું અસંભવિત છે.

**नमः कपर्दिने च इत्यादि**

**અર્થ**—આ મન્ત્રમાં કપર્દી શબ્દ છે, તેનો અર્થ જટાજુટધારીને નમસ્કાર થાઓ એવો થાય છે. જટા મસ્તક વગર ન જ હોઇ શકે. આથી પણ ઇશ્વર શરીરધારી સિદ્ધ થાય છે.

યજુર્વેદના ૩૨ મા અધ્યાયમાં એ પ્રમાણે લખેલું છે કે—

**एषोहदेवः प्रदिशोऽनुसर्वाः पूर्वोहजातः सउगर्भे अन्तः ।**
**स एव जातः सजनिष्यमाणः प्रत्यङ्ग जनास्तिष्ठति सर्वतो मुखः ॥**

અર્થ—પૂર્વોક્ત પુરુષ ઇશ્વર[illegible] દિશાઓ અને ખુણાઓમાં જુદા જુદા રૂપ ધારણ કરી રહેલો છે. સૌથી પ્રથમ સૃષ્ટિના આરંભમાં હિરણ્યગર્ભરૂપથી ઉત્પન્ન થયો, અને તે જ ગર્ભની અંદર આવી ઉત્પન્ન થયો, જે સર્વના અંતઃકરણમાં રહેલો છે, અને વિવિધ રૂપો ધારણ કરી ચારે તરફ મુખવાળો થઇ રહ્યો છે. હજુ પણ જુઓઃ—

**आयो धर्माणि प्रथमः ससाद ततो वपूंषि कृणुषे पुरुणि, अथर्व० ૫।૧।૧।૨॥**

અર્થ—હે ઇશ્વર! જે આપે પ્રથમ સૃષ્ટિની શરૂઆતમાં ધર્મનું સ્થાપન કર્યું તે જ આપે ઘણા શરીર અવતારરૂપથી ધારણ કર્યાં છે.

**एह्यश्मानमातिष्ठाश्मा भवतु ते तनूः।**

અર્થ—હે ઇશ્વર! તમે આવો અને આ પત્થરની મૂર્તિમાં સ્થિત થાઓ, પત્થરની મૂર્તિ તમારૂં તનુ નામ શરીર બની જાય. શરીરમાં જીવાત્માની જેમ આ મૂર્તિમાં સ્થિત થાઓ, એની પુષ્ટિમાં ઉપનિષદ્ તથા બ્રાહ્મણભાગાદિના સેંકડો પ્રમાણો મળી શકે છે.

વળી યજુર્વેદના ૧૩ મા અધ્યાયના ૪૦ મા મન્ત્રમાં પણ લખેલું છે કેઃ—

**आदित्यं गर्भं पयसा समङ्धि सहस्रस्य प्रतिमां विश्वरूपम्। परिवृङ्धि हरसा माभिमं्ँस्थाः। शतायुषं कृणुहि चीयमानः॥**

આનો અર્થ એ થાય છે કે સહસ્ર નામવાળા પરમેશ્વરની સ્વર્ણાદિ ધાતુઓની બનાવેલી મૂર્તિને પ્રથમ અગ્નિમાં નાખીને

તેનો મળ દૂર કરવો જોઈએ. તે પછી દુધથી તે પરમાત્માની મૂર્તિ ધોવી જોઇએ, અને શુદ્ધ કરવી જોઇએ. કારણ? શુદ્ધ (અને) સ્થાપનાની મૂર્તિ પુરૂષને દીર્ધાયુ* અને મહાપ્રતાપી બનાવી શકે છે. આ વેદપાઠથી મૂર્તિપૂજા પ્રત્યક્ષ સિદ્ધ થાય છે. જો હજી પણ તમે ન માનો તો વિશેષ શું કહેવું? પછી તો કેવળ તમારો હઠવાદ જ સિદ્ધ થાય છે. લો હજી પણ સાંભળો. સામવેદના પાંચમા પ્રપાઠકના દશમા ખંડમાં લખેલું છે કેઃ—

" यदा देवतायतनानि कम्पन्ते दैवताः प्रतिमा हसन्ति रुदन्ति नृत्यन्ति स्फुटन्ति खिद्यन्ति उन्मीलन्ति निमीलन्ति ॥"

આ શ્રુતિનો આશય એ છે કે જે રાજાના રાજ્યમાં અથવા જે વખતે સ્વપ્નાવસ્થામાં કે જાગૃતાવસ્થામાં એવું માલૂમ પડે કે દેવમન્દિર હાલે છે તો દેખનાર ( અથવા રાજ્ય ) જરૂર કોઇ કષ્ટ પામે. અથવા દેવતાની મૂર્તિ રોતી–નાચતી-અંગહીન થતી–આંખોને ઉઘાડતી–બંધ કરતી દષ્ટિગોચર થાય તો સમજી લેવું જોઈએ કે શત્રુ તરફથી કોઇ આફત જરૂર આવી પડશે. આ શ્રુતિથી પણ સિદ્ધ થાય છે કે મૂર્તિપૂજન પૂર્વે પણ હતી અને વેદોમાં પણ છે, તેથી મૂર્તિપૂજાને તમે કોઇપણ રીતે અયોગ્ય કહી શકો નહિ. તમે લોકો વેદી વગેરે બનાવીને અગ્નિમાં ઘૃતાદિ ઉત્તમ ઉત્તમ વસ્તુઓ નાખીને જલાવી દો છો ( હોમ કરો છો ) તેથી અમે કહી શકીએ છીએ, કે તમે અગ્નિપૂજક છો, અથવા અગ્નિને ઇશ્વરની સ્થાપના માનીને પૂજો છો.

**આર્ય**—નહીંજી, અમે સ્થાપના તરીકે માનતા નથી. અમારો તો એમાં એવો ઉદ્દેશ છે કે હોમ કરવાથી વાયુ શુદ્ધ થાય છે, જેની વાસના જગતમાં દૂર દૂર સુધી પહોંચી જાય છે,

---

* આ વૈદિક ધર્મવાળાની માન્યતા છે.

અને અશુદ્ધ વાયુ પવિત્ર થઇ જાય છે, તેથી લોકો બીમારીથી બચી જાય છે.

**મન્ત્રી**—મહાશયજી, જો તેમજ હોય તો વેદી વગેરે બનાવવાની શું આવશ્યકતા છે? અને અમુક જાતનો જ રંગ હોવો જોઇએ, વેદી દ્વાદશાંગુલ પ્રમાણુ જ હોવી જોઇએ એ બધું કહેવાનો શું આશય છે? તે જ વસ્તુઓને ચુલામાં નાખવાથી પણુ તેમની સુગન્ધી આપોઆપ વિસ્તૃત થઇ જશે. અને કદાચ તમારી જ વાતનો સ્વીકાર કરી લઇએ, તો પણુ તમે અગ્નિહોમ કરતી વખતે શ્રુતિયો અને મન્ત્રો વગેરે શા સારૂ ભણો છો તે સવાલ ઊભો થાય છે. ધૃત વગેરે વસ્તુઓને નાખવા માત્રથી જ હવા તો આપોઆપ શુદ્ધ થઈ જાય છે. આથી જ માલૂમ પડી આવે છે કે જેવી રીતે અમે લોકો ઇશ્વરની પ્રશંસામાં શ્લોક ભણીએ છીએ અને મૂર્તિની પૂજા કરીએ છીએ તેવી જ રીતે તમે પણુ ઇશ્વરની પ્રશંસામાં શ્રુતિઓ ભણો છો અને અગ્નિપૂજા કરો છો આવી રીતની ક્રિયાઓ કરવાથી તો તમે અગ્નિપૂજક સિદ્ધ થાઓ છો. માત્ર ભેદ એટલો જ છે કે અમારી પૂજાની સામગ્રી તો પૂજારી વગેરે કોઇ મનુષ્યના કામમાં પણુ આવે છે, જ્યારે તમારી સામગ્રી ભસ્મ થઇને માટીમાં મળી જાય છે. મહાશયજી, મૂર્તિપૂજાથી તમે લોકો કદાપિ છૂટી શકતા નથી. સ્વામી દયાનન્દજીના બનાવેલા સત્યાર્થ પ્રકાશમાં લખેલું છે કે મનને દૃઢ કરવાને વાંસાના હાડકામાં ધ્યાન લગાવવું જોઇએ.

હવે અત્રે સભાને માલૂમ થાય કે પરમાત્માની મૂર્તિમાં ધ્યાન લગાવવાથી પરમાત્મામાં પ્રીતિ થાય છે અને તેમના ગુણોનું સ્મરણુ થાય છે, પરંતુ સત્યાર્થ પ્રકાશના સાતમા સમુલ્લાસમાં "**शौच सन्तोष तपः स्वाध्यायेश्वर**" એ યોગસૂત્રનો અર્થ

કરતી વખતે સ્વામી દયાનન્દજીએ લખેલું છે કે જ્યારે માણુસ ઉપાસના કરવા ચાહે ત્યારે એકાંતમાં આસન લગાવીને બેસે અને પ્રાણાયમની રીતે બાહ્ય ઈંદ્રિયોને રોકીને મનને નાભિદેશમાં રોકે અથવા હૃદય, કંઠ, નેત્ર, શિખા અને પીઠના મધ્ય હાડકામાં મનને સ્થિર કરે. તો કહો કે આ હાડકાની પૂજાથી તો મૂર્તિપૂજા સારી છે ને? વાંસાનું હાડકું જોનાર અથવા તેમાં ધ્યાન લગાવનારને શું ફાયદો થવાનો હતો? આથી સિદ્ધ થાય છે કે વાંસાના હાડકાને છોડી દઇ પરમાત્માની મૂર્તિમાં ધ્યાન પરોવવું જોઈએ. કારણ કે, તમારા વાંસાના હાડકા કરતાં પરમાત્માની મૂર્તિ હજારગુણા લાભને આપનારી છે.

આ બધા પ્રમાણોથી સ્પષ્ટ થાય છે કે મૂર્તિપૂજા સર્વથા વેદાનુકૂળ છે. તથા વૈદિક મતાનુયાયીઓનું આન્હિક કર્તવ્ય છે. હવે એક દાખલો આપી તમને સમજાવી દઉં કે તમારા પૂર્વજો મૂર્તિપૂજાને સારી રીતે માનતા હતા, અને તદનુકૂળ આચરણ પણ તેમણે કર્યું હતું. મહાભારતના આદિ પર્વમાં એક ઉપાખ્યાન એ સમયનું મળી આવે છે કે જ્યારે હસ્તિનાપુરમાં દ્રોણાચાર્યજી પાંડવ અને કૌરવોને અસ્ત્રશિક્ષા આપી રહ્યા હતા અને તેમની પ્રશંસા સાંભળીને હંમેશા અનેક ક્ષત્રિયપુત્રો તેમની પાસે ધનુર્વેદ વિદ્યા શીખવા આવતા હતા.

'ततो निषादराजस्य, हिरण्यधनुषः सुतः ।
एकलव्यो महाराज, द्रोणमभ्याजगामह ॥
न सतं प्रतिजग्राह, नैषादिरिति चिन्तयन् ।
शिष्यं धनुषि धर्मज्ञः, तेषामेवान्ववेक्षया ॥
स तु द्रोणस्य शिरसा, पादौ गृह्य परन्तपः ।
अरण्यमनुसम्प्राप्य, कृत्वा द्रोणं महीमयम् ॥
तस्मिन्नाचार्यवृत्तञ्च, परमामास्थितस्तदा ।

**इष्वस्त्रेयोगामतस्थे, परं नियममास्थितः ॥**
**परया श्रद्धयोपेतो; योगेन परमेण च ।**
**विमोक्षादानसन्धाने लघुत्वं परमाप सः ॥ ३५ ॥**

**महाभारत आदि पर्व अध्याय १३४**

આ અધ્યાયના ૩૦ મા શ્લોકમાં એકલવ્યના ચરિત્રનું વર્ણન છે. દ્રોણાચાર્યની પ્રશંસા દૂર દૂર સુધી ફેલાઇ ગઇ તે સાંભળીને નિષદરાજ હિરણધનુષ્યનો પુત્ર એકલવ્ય પણ તેમની પાસે વિદ્યા શીખવા આવ્યો. દ્રોણાચાર્યે તેને શુદ્ર માનીને ધનુર્વેદની શિક્ષા આપવાની ના કહી તો પણ તે દ્રોણાચાર્યનેજ ગુરૂ માનીને તેમના ચરણોમાં પડીને વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે દ્રોણાચાર્યનું એક માટીનું પુતળુ બનાવ્યું, અને તેની સન્મુખ ઊભો રહીને ધનુર્વિદ્યા શીખવા લાગ્યો. શ્રદ્ધાની અધિકતા અને ચિત્તની એકાગ્રતાને કારણે તે થોડા જ દિવસોમાં તેમાં ઘણો જ પ્રવીણ થઇ ગયો. એક વાર દ્રોણાચાર્યની સાથે કૌરવો અને પાંડવો મૃગયા ખેલવાને માટે વનમાં ગયા હતા. તે વખતે તેમની સાથે એક કુતરો પણ હતો. એ કુતરો તેમનાથી છૂટો પડીને આમતેમ ઘુમતો ઘુમતો જ્યાં એકલવ્ય ધનુર્વિદ્યા શીખતો હતો ત્યાં જઇ પહોંચ્યો ને તેને દેખીને ભસવા લાગ્યો. તે વખતે એકલવ્યે તેને સાત તીર એવી રીતે માર્યા કે જેથી કુતરાનું મોઢું બંધ થઈ ગયું. પછી ફરતો ફરતો તે કુતરો જ્યારે પાંડવો પાસે પાછો આવ્યો ત્યારે કોઇએ આવી અદ્દભુત રીતે તીરો મારેલા જોઇ તેઓ આશ્ચર્ય પામ્યા અને તીરો મારનારની શોધ કરવા લાગ્યા. અંતમાં જ્યાં એકલવ્ય પેલી માટીની બનાવેલી મૂર્તિ સન્મુખ ઊભો રહીને ધનુર્વિદ્યા શીખી રહ્યો હતો ત્યાં આવી પહોંચ્યા. તેઓની ખાત્રી થઇ કે તીર મારનાર તેજ હોવો જોઇએ તેથી અર્જુને પૂછ્યું, મહાશય તમે કોણ છો ? એકલવ્યે પોતાનું

નામ બતાવ્યું અને કહ્યું કે હું દ્રોણાચાર્યનો શિષ્ય છું. અર્જુન દ્રોણાચાર્યની પાસે ગયો, અને કહ્યું કે મહારાજ! તમે કહ્યું હતું કે મારા બધા શિષ્યોમાં ધનુર્વિદ્યામાં તું સર્વથી પ્રવીણ થઇશ પરંતુ એકલવ્યને તમે મારા કરતાં પણ સારી શિક્ષા આપી છે. દ્રોણાચાર્યે કહ્યું કે તે એકલવ્ય કોણ છે? હું તો તેને જાણતો પણ નથી. ચાલો, જોઇએ કે તે કોણ છે? તેઓ ત્યાં ગયા ત્યારે એકલવ્યે દ્રોણાચાર્યની ચરણરજ પોતાના મસ્તક પર ધારણ કરી, અને કહ્યું કે તમારી મૂર્તિની પુજાથી મને આ યોગ્યતા પ્રાપ્ત થઇ છે, તમે મારા ગુરૂ છો. દ્રોણાચાર્યે કહ્યું કે ત્યારે અમારી ગુરૂદક્ષિણા આપો. એકલવ્યે કહ્યું કે આપ જે માગોતે આપવા તૈયાર છું. ત્યારે દ્રોણાચાર્યે તેનો અંગુઠો દક્ષિણામાં માંગ્યો. અને એકલવ્યે તે આપી પણ દીધો.

અંગુઠો ન હોવાને કારણે એકલવ્યમાં પ્રથમ જેટલી પ્રવીણતા ન રહી, તેથી દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા પણ પુર્ણ થઇ. ભાઇઓ જુઓ, દ્રોણાચાર્યની મૂર્તિ પૂજવાથી પણ એકલવ્ય અર્જુનથી પણ ધનુર્વિદ્યામાં ઉત્કૃષ્ટ બની ગયો, તો પછી જે લોકો હંમેશા પવિત્ર દેવપૂજન કરે છે તેમના મનોરથો કેમ સફલ ન થાય?

હવે વાલ્મિકીય રામાયણ કે જેને વૈદિક લોકો પુરાણ માને છે તેમાં પણ જુઓ. જે વખતે પુરૂષોત્તમ રામચન્દ્રજી રાવણ વગેરેનો નાશ કરીને પુષ્પક વિમાનમાં બેસીને પાછા ફર્યા, ત્યારે સીતાજીના વિયોગમાં તેઓ જે જે સ્થળે જઇ ચડેલા તે તે સ્થળો તેમણે સીતાજીને બતાવ્યા. તે વખતે રામચંન્દ્રજી કહે છે કેઃ-

एतत्तु दृश्यते तीर्थं, सागरस्य महात्मनः ।
यत्र सागरमुत्तीर्य, तां रात्रिमुषिता वयम् ॥
एष सेतुर्मया बद्धः, सागरे लवणार्णवे ।
तव हेतोर्विशालाक्षि ! नलसेतुः सुदुष्करः ॥

पश्य सागरमक्षोभ्यं, वैदेहि ! वरुणालयम् ।
अपारमिव गर्जन्तं, शङ्खशुक्तिसमाकुलम् ॥
हिरण्यनाभं शैलेन्द्रं, काञ्चनं पश्य मैथिलि ! ।
विश्रामार्थं हनुमतो, भित्त्वा सागरमुत्थितम् ।
एतत्कुक्षौ समुद्रस्य, स्कन्धावारनिवेशनम् ॥
अत्र पूर्वं महादेवः, प्रसादमकरोद्विभुः ।
एतत्तु दृश्यते तीर्थं, सागरस्य महात्मनः ॥
सेतुबन्धं इतिख्यातं, त्रैलोक्येन च पूजितम् ।
एतत्पवित्रं परमं, महापातकनाशनम् ॥ इति

હે સીતા ! આ સમુદ્ર તીર્થ દેખાય છે, જ્યાં અમે એક રાત્રિ નિવાસ કીધો હતો આ જે સેતુ દેખાય છે તે તને પ્રાપ્ત કરવાને માટે નલની સહાયતાથી અમે બાંધ્યો હતો. વરૂણ દેવનું ઘર એવા આ સમુદ્રને તું જો. તેમાં મોજાઓ કેવા ઊંચા ઊંચા ઉછળી રહ્યા છે ! વિવિધ પ્રકારના જળચરોથી ભરેલો અને શંખ તથા છીપોથી યુક્ત આ સમુદ્રમાંથી નીકળેલો સુવર્ણમય આ પર્વત તો જો કે જે હનુમાનના વિશ્રામાર્થ સાગરના વક્ષઃ સ્થલને ફાડીને ઉત્પન્ન થએલો છે. આ જગ્યા પર વિભુ વ્યાપક મહાદેવજીએ અમને વરદાન દીધું હતું. આ જે મહાત્મા સમુદ્રનું તીર્થ દેખાય છે તેનું નામ સેતુબંધ છે, તે ત્રણે લોકમાં પૂજિત છે. તે ઘણો જ પવિત્ર છે. અને મહાપાતકોનો નાશ કરનાર છે. આ છેલ્લા બે શ્લોકો પર વાલ્મિકીય રામાયણનો ટીકાકાર લખે છે કેઃ—

"सेतोर्निर्विघ्नता सिद्ध्यै समुद्रप्रसादानन्तरं शिवस्थापनं रामेण कृतमिति गम्यते कूर्मपुराणे रामचरिते तु अत्रस्थाने स्पष्टमेव लिङ्गस्थापनमुक्तं त्वत्स्थापितलिङ्गदर्शनेन ब्रह्महत्यादिपापक्षयो भविष्यतीति महादेववरदानं च स्पष्टमेवोक्तं, सेतुं दृष्ट्वा समुद्रस्य ब्रह्महत्यां व्यपोहतीति स्मृतेः" ॥

**અર્થ**—સેતુ નિર્વિઘ્ન પૂર્ણ થાય તે માટે રામચંદ્રજીએ સમુદ્રના પ્રસાદ પછી અહીં શિવમૂર્તિનું સ્થાપન અને પૂજન કર્યું હતું. કૂર્મ પુરાણમાં તો આ પ્રકરણમાં રામચન્દ્રજીનું લિંગ સ્થાપનનું અને મહાદેવજીના વરદાનનું સ્પષ્ટ વર્ણન છે કે તમારી સ્થાપિત કરેલી શિવમૂર્તિના દર્શન કરવાથી બ્રહ્મહત્યાદિ પાપોનો ક્ષય થશે. સ્મૃતિમાં પણ લખેલું છે કે સમુદ્રનું સેતુદર્શન કરવાથી મહાપાતકોનો નાશ થાય છે.

મહારાજ દશરથ જે વખતે રામચન્દ્રજીના વિયોગમાં મૃત્યુગત થઇ ગયા ત્યારે ભરતજી પોતાના મોસાળમાં હતા. તેમને બોલાવવા દૂત મોકલવામાં આવ્યો હતો. જયારે ભરતજી અયોધ્યાની સમીપમાં આવી પહોંચ્યા ત્યારે તેમણે અનેક અશુભ ચિન્હો જોયાં, ને તે સંબંધે તેમણે ઉચ્ચારેલું છે કે—

**देवागाराणि शून्यानि, न भान्तीह यथा पुरा ।**
**देवतार्चाः प्रविद्धाश्च, यज्ञगोष्ठास्तथैव च ॥**

**અર્થ**—દેવતાઓનાં મન્દિર શૂન્ય દીસે છે, પ્રથમ જેવાં આજે શોભાયમાન્ નથી, પ્રતિમાઓ પૂજન વગરની પડી રહી છે, તેમની આગળ ધૂપદીપ પ્રગટાવવામાં આવતા હોય, તેમજ તેમના પર પુષ્પ ચઢાવવામાં આવતા હોય એમ દેખાતું નથી. યજ્ઞોનું સ્થાન પણ યજ્ઞકાર્યથી રહિત છે.

આ બધા પ્રમાણોથી સ્પષ્ટ જ છે કે મૂર્તિપૂજા સનાતન છે, ત્રેતા અને દ્વાપરનો જયાં સુધીનો વૃત્તાંત મલી શકે છે તે પરથી તો ખુલ્લું જણાઇ આવે છે કે અહીં મોટા મોટા દેવમન્દિરો હતા. જેમાં નિત્ય પૂજા થતી હતી અને મોટા મોટા પુરૂષો પણ પૂજા કરતા હતા. આથી તમારા પૂવજો પણ મૂર્તિપૂજા કરતા હતા એ વાત સિદ્ધ થઇ.

**આર્ય**—શ્રીમાન્ ! મૂર્તિથી ઇશ્વરના સ્વરૂપનું સ્મરણ થાય છે એ વાત તો માની લીધી, અને તેની આગળ શિર પણ ઝુકાવીએ, પરંતુ આ ફલ, ફૂલ, કેસર, ચંદન, ધૂપ, દીપ, અક્ષત નૈવેદ્ય વગેરે ચઢાવવાથી તમને શું લાભ થાય છે ?

**મન્ત્રી**—મહાશયજી, વસ્તુસ્થિતિએ તો વીતરાગ જિનેશ્વર ભગવાન જ પૂજ્ય હોવાથી તેમની જ મૂર્તિ પૂજ્ય હોઇ સકે અને તેમને ફુલાદિ ચઢાવવામાં કારણ એ છે કે વસ્તુ વિના ભાવ આવી શકતો નથી, તેથી ભગવાનની મૂર્તિ આગળ ઉપર કહેલી વસ્તુઓ ચઢાવવી આવશ્યક છે. અને તે વસ્તુઓ ચઢાવતી વખતે નીચે પ્રમાણે લખેલી ભાવના ભાવવામાં આવે છે.

## ફૂલ ( પુષ્પ ).

ફૂલ ચઢાવતી વખતે અમે એ ભાવના ભાવીએ છીએ કે હે ભગવન ! હે પ્રભો ! આ જે ફૂલો છે તે કામદેવના બાણ ( કામને વધારનાર ) છે. હું અનાદિકાળથી સાંસારિક વિષયોમાં મગ્ન છું. આપ વીતરાગ છો. આપે કામદેવનો પણ પરાજય કર્યો છે, તેથી આ ફૂલો તમને અર્પણ કરીને પ્રાર્થના કરૂં છું કે તે કામદેવનાં બાણ જે અનાદિકાળથી અમને દુઃખ આપી રહ્યાં છે તે તમારી ભક્તિના કારણે આગામી કાળમાં દુઃખ ન દે.

## ફળ.

સારા અને પવિત્ર ફળો ભગવાનની આગળ મૂકીને અમે એ ભાવના ભાવીએ છીએ કે હે ભગવન્ ! મને આપની ભક્તિનું મુક્તિરૂપી ફળ મળો.

## કેશર અથવા ચન્દન.

તે ચઢાવતી વખતે અમે એવી ભાવના ભાવીએ છીએ કે હે ભગવન્ ! જેવી રીતે આ સુગન્ધથી દુર્ગન્ધ નાશ પામે

છે તેવી જ રીતે તમારી ભક્તિએ કરીને અમારી દુષ્ટ અનાદિ વાસના દુર થઇ જાઓ.

## ધુપ.

ધૂપ પ્રગટાવીને અમે ભાવના ભાવીએ છીએ કે હે પ્રભો! જેવી રીતે ધૂપ અગ્નિથી બળે છે, તેવી જ રીતે આપની ભક્તિથી મારા બધા પાપ બળીને ભસ્મ થઇ જાઓ. જેવી રીતે ધુમાડો ઊંચે જાય છે. તેવી રીતે મારી પણ ઊંચ ગતિ થાઓ.

## દીપક.

ઘીનો દીવો પ્રગટાવીને ભાવીએ છીએ કે હે ભગવન્! જેવી રીતે દીપક પ્રકાશ થવાથી અંધકાર દુર થઇ જાય છે તેવી જ રીતે તમારી ભક્તિથી અમારો અજ્ઞાનરૂપી અંધકાર દુર થઇ જાઓ, અને કેવળજ્ઞાન (બ્રહ્મજ્ઞાન) પ્રગટ થાઓ.

## અક્ષત

અક્ષત ચઢાવતી વખતે અમે ભાવના ભાવીયે છીએ કે હે ભગવન્! હે પ્રભો! અક્ષત પૂજાથી મને પણ અક્ષત સુખની પ્રાપ્તિ થાઓ.

## મીઠાઇ પકવાન ઇત્યાદિ

આથી અમે એ ભાવના ભાવીએ છીએ કે હે ભગવન્! હું અનાદિકાળથી આ ચીજો ખાતો આવ્યો છું, પરંતુ હજુ મને તૃપ્તિ થઇ નથી, તેથી આ પકવાન આપને અર્પણ કરીને પ્રાર્થના કરૂં છું કે હું પણ તમારી ભક્તિના પ્રતાપદ્વારા આ પદાર્થોથી છૂટી જાઉં. અમે બીજા હિંદુભાઇઓની માફક ભોગ ધરાવતા નથી, પરંતુ ભાઇ, ઉપર લખેલી ચીજો (કે જેમાં સંસારની સર્વ પ્રકારની હર્ષની સામગ્રી આવી જાય છે, અને

જેને અમે અષ્ટ દ્રવ્યાદિ કહીએ છીએ )ભગવાનની મૂર્તિની આગળ અર્પણ કરીને ઉપર લખેલી ભાવના ભાવીએ છીએ અથવા આ પ્રાર્થના કરીએ છીએ કે, હે પરમાત્મન્! મને સંસારની આ વસ્તુઓએ મોહવશ કર્યો છે, અને તમે તો સર્વ વસ્તુનો ત્યાગ કરી વીતરાગ બની બેઠા છો, તેથી આપની ભક્તિથી મારી પણ તેમનાથી મુક્તિ હો, અને મને પણ આપના જેવી શાન્તિ અને વૈરાગ્યભાવ ઉત્પન્ન થાઓ. મહાશયજી! તમને માલૂમ થાય કે આ પકવાન વગેરે અમે ઇશ્વરને ખવરાવવાને ચડાવતા નથી.પણ ખરેખર; અમારા લાભ કે હિતને માટે બધું કરીએ છીએ અને ઇશ્વર સન્મુખ મુકીને કેવળ એ જ પ્રાર્થના કરીએ છીએ કે, હે ભગવન્! જેવી રીતે આપે તેનો ત્યાગ કર્યો છે, તેવીજ રીતે અમને પણ તેનાથી છોડાવો.

**આર્ય**—કેમ સાહેબ, આપનું તો એમ કહેવું છે કે ઇશ્વર કંઇ પણ કરી શકતો નથી, અને કંઇપણ આપી શકતો નથી, તો પછી આવી પ્રાર્થના કરવી કે હે ઇશ્વર! અમને મુક્તિ દે, અમારૂં દુ:ખ દૂર કર, વગેરે સર્વ વ્યર્થ છે.

**મન્ત્રી**—મહાશયજી! ઇશ્વર કે પરમાત્મા તો ખરેખર વીતરાગ જ છે. પ્રશંસા અને નિન્દા કરવાથી પ્રસન્ન કે ક્રોધિત થતા નથી. કોઇને કંઈ આપતા પણ નથી, કે કોઇની પાસેથી કંઇ લેતા પણ નથી. ખરેખરી રીતે જોતાં આ બધું આપણી જ ભાવનાનું ફળ છે. એ તો ખુલ્લું જ છે કે બુરી ભાવનાથી આપણો આત્મા મલીન થઇ જાય છે, અને શુભ ભાવનાઓથી નિર્મળ બને છે. ઇશ્વરની પ્રશંસા કરવાથી તથા તેનું ધ્યાન ધરવાથી અમારા હૃદયમાં (તેના ગુણોના સ્મરણને લઇને) શુદ્ધ પરિણામ આવે છે, અને તેનું ફળ સારૂં મળે છે. ઈશ્વરનું નિમિત્ત

મળવાથી આપણને સારાં ફળો આપનાર શુભ ભાવો ઉત્પન્ન થાય છે. એટલા માટે જ કહી શકીએ છીએ કે ઇશ્વરે અમને આ ફળ આપ્યું છે, તેથી એ પ્રમાણે તો ન જ કહેવાય કે આ ફળ સાક્ષાત્ ઇશ્વર, ભક્તોની ભક્તિથી ખુશ થઇ આપે છે. ઈશ્વર તો વીતરાગ છે. તેને લેવા-દેવાની કંઇ આવશ્યકતા છે જ નહિ. જો તેને તેવી જરૂરિયાત હોય તો તે ઇશ્વર ગણાય જ નહિ.

પાઠકગણ ! પુસ્તક વધી જવાના ભયથી આ વિષય પરત્વે વિશેષ લખાયેલ નથી. જો કદાચ સત્ય રીતે જ તમારે આ વિષયને નિહાળવાની ઇચ્છા હોય તો, તમે શ્રીમદ્ વિજયાનન્દ-સૂરિજીકૃત 'ચિકાગો પ્રશ્નોત્તર' લાહોર જસવંતરાય જૈનીને ત્યાંથી મંગાવીને વાંચી જુઓ.*

વહાલા ભાઇ, એક વાત આપને હજુ પણ કહેવા માંગું છું કે જે તરફ ધ્યાન દેવું યોગ્ય છે. લક્ષમાં રાખજો કે જિનેશ્વર દેવની મૂર્તિ હમેંશા રાગદ્વેષથી રહિત હોય છે, જ્યારે બીજા મતવાળાઓની મૂર્તિઓ સાંસારિક વિષયયુક્ત માલૂમ પડે છે. કોઇની મૂર્તિની સાથે સ્ત્રીની મૂર્તિ હોય છે, તો કોઇ મૂર્તિના હાથમાં હથિયાર કે શસ્ત્ર હોય છે, કોઇના હાથમાં જપમાલા હોય છે, તો કોઇના હાથમાં કમંડલુ હોય છે, કોઇ વૃષભ પર આરૂઢ હોય છે તો કોઇ ગરૂડ પર આરૂઢ હોય છે, વિગેરે વિવિધ પ્રકારો જોવામાં આવે છે. આ બધી અવસ્થાઓ સાંસારિકપણાની છે, જેમાં મનુષ્ય અનાદિકાળથી હંમેશા ફસાઇ રહેલો છે. મુક્તિનો માર્ગ સાંસારિક સુખોમાં પડી રહેવાથી મળતો નથી, પણ તેનો ત્યાગ કરવાથી જ પ્રાપ્ત થાય છે, તેથી મસ્જીદ અને મન્દિર

---

*આ પુસ્તક જીરા જિલ્લામાં આવેલા ફિરોજપુરના રહેવાસી લાલા રાધામલના પુત્ર લાલા નથુરામજીએ ઉર્દુમાં છપાવેલ છે. ઉર્દુ જાણનાર ભાઈઓ ત્યાંથી મંગાવીને વાંચી શકે છે.

વિગેરેમાં સાંસારિક દશાથી પ્રતિકૂળ સમજાવવાવાળા કારણોનું અસ્તિત્વ હોવું આવશ્યક છે. દાખલા તરીકે જિનેશ્વરોની મૂર્ત્તિઓ શાન્ત-દાન્ત-નિર્વિકારી-સ્ત્રીરહિત-નિઃસ્પૃહ-કોઇ પણ જાતના વાહન વગરની અને રાગદ્વેષથી રહિત હોય છે. એ વાત તો નિઃસંદેહ છે કે-જેવો કોઇ મનુષ્ય હોય છે તેવી જ તેની મૂર્તિ પણ હોય છે. જેની મૂર્તિની પાસે સ્ત્રીની મૂર્તિ હોય, તે જરૂર કામી હોવો જોઇએ. વર્તમાનકાળમાં કોઇ મનુષ્ય, ગુરુ વા પીર થઇને સ્ત્રીને રાખે તો તે સારું ગણાતું નથી, તો પછી જે પરમેશ્વર થઇને સ્ત્રીને પાસે રાખે તે વીતરાગ પરમાત્મા કેવી રીતે કહી શકાય? ન જ કહી શકાય. જેની પાસે ચક્ર-ત્રિશૂળ-ધનુષ્ય-બાણ તથા તરવાર વગેરે શસ્ત્ર હોય તેને માટે માનવું જ પડે કે, અવશ્ય તેને કોઇ તરફથી ભય હોવો જોઇએ, અથવા તો કોઇ શત્રુને મારવાનો સંકલ્પ હોવો જોઇએ, કારણ કે, આવશ્યકતા વિના શસ્ત્રોનું ગ્રહણ કદાપિ ન જ બની શકે. કદાચ કહેવામાં આવે કે પોતાના મહત્વને માટે શસ્ત્ર રાખે છે તો તે ઇશ્વર કે પરમાત્મા ન જ બની શકે; કારણ કે ઇશ્વરને દેખાવ અને મહત્ત્વતાની કાંઇ આવશ્યકતા નથી. તેથી જે મૂર્તિ પાસે શસ્ત્ર હોય તે પૂજવાને અયોગ્ય છે. જેના હાથમાં માળા હોય તે જરૂર બીજા કોઇનો જાપ કરતો હોવો જોઇએ. ઇશ્વર કે પરમાત્માને કોનો જાપ કરવાનો હોય? તેનાથી કોઇ બીજું મોટું નથી કે જેનો તે જાપ કરે. તેથા માળાવાળી મૂર્તિ પણ પૂજવાને યોગ્ય નથી. વળી જે મૂર્તિઓ વાહનવાળી છે તેઓ પણ બીજાને પોતાના વજનથી દુઃખદાતા છે. ઇશ્વર કે પરમાત્મા તો દયાળુ છે. ને કોઇને દુઃખ દેતા નથી, તેથી સ્વારીવાળી મૂર્તિ પણ પૂજવા યોગ્ય નથી. જેની પાસે કમંડલુ છે તે પણ કોઇ આવશ્યકતાને માટે જ

હોય, પરંતુ ઇશ્વર કે પરમાત્માને કોઈ પણ જાતની આવશ્યકતા નથી, તેથી કમંડલુવાળી મૂર્તિ પણ પૂજવા યોગ્ય નથી. અન્તમાં સભાએ વિચારવું જોઇએ કે શું ઉપરોક્ત મૂર્તિઓના દર્શન કરવાથી શુદ્ધ ધ્યાન અને શુદ્ધ ભાવ થઇ શકે? કદાપિ નહિ. મૂર્તિઓને જોઇને તેમનો ઇતિહાસ યાદ આવે છે કે તેઓએ આવાં આવાં કાર્યો કર્યાં હતા, તેથી એવી મૂર્તિઓની પૂજા કદી ન જ કરવી જોઇએ. પૂજાને માટે શાન્ત-દાન્ત-નિર્વિકાર મૂર્તિ હોવી જોઇએ. હવે નીચે એક શ્લોક આપ્યો છે તે તરફ આપ ધ્યાન દો. બુદ્ધિમાનો સર્વ પ્રકારે સાચી વસ્તુ સમજી શકે છે.

**" स्त्रीसंगः काममाचष्टे द्वेषं चायुधसंग्रहः ।**
**व्यामोहं चाक्षसूत्रादि, अशौचञ्च कमण्डलुः ॥**

આનો અર્થ એ છે કે સ્ત્રીની સંગતિ એ કામનું ચિહ્ન છે, શસ્ત્ર દ્વેષનું ચિહ્ન છે, કમણ્ડલુ અપવિત્રતાનું ચિહ્ન છે અને જપમાલા વ્યામોહનું ચિહ્ન છે. તેથી મૂર્તિ શાન્ત, દાન્ત અને નિર્વિકાર હોવી જોઇએ, અને તેવી જ સ્વીકારવાને યોગ્ય છે;

આવી સુંદર બાબતો શ્રવણ કરીને બધા નિરુત્તર બનીને ચૂપ થઇ ગયા. બાદ મન્ત્રી રાજાની તરફ ફરીને બોલ્યોઃ " મહારાજ ! હવે તો આપને સારી રીતે ખાત્રી થઇ હશે કે, મૂર્તિપૂજાથી કોઇ પણ મત ખાલી નથી." એટલે રાજા સાહેબે કહ્યુંઃ " હે મતિમન્ મન્ત્રિન્! એ વાત બીલકુલ સત્ય છે. મને સારી રીતે ખાત્રી થઇ ગઇ છે કે, બીજા મન્ત્રીએ મારો ખ્યાલ ખોટી રીતે જ બદલી નાખ્યો હતો. મુર્તિ કંઇ પણ લાભ કરતી નથી તે ખ્યાલ અસત્ય છે એમ મેં હવે ચોક્કસ જાણ્યુ છે. હું તમને ધન્યવાદ આપું છું કે સન્માર્ગથી ભૂલેલાને ઠેકાણે

લાવ્યા, સમય ઘણો વ્યતીત થયો છે, તેથી સભા વિસર્જન કરવામાં આવે છે."

રાત્રે જ્યારે રાજાજી સૂઇ ગયા ત્યારે નિદ્રામાં પણ મૂર્તિનાં સ્વપ્ન આવવા લાગ્યાં. જ્યારે જ્યારે નિદ્રામાંથી રાજાજી જાગતા ત્યારે ત્યારે તેમને એ જ ખ્યાલ આવતો કે—ક્યારે પ્રાતઃકાળ થાય અને હું જિનેશ્વર દેવની ઉપાસના કરું. પ્રાતઃકાળ થયો, રાજાજી પણ નિદ્રાથી મુક્ત થયા, પછી શૌચક્રિયા વગેરેથી નિવૃત્ત થઇને, સ્નાનાદિ કરીને, અષ્ટદ્રવ્ય લઇને, જિનેશ્વરદેવની પૂજાભક્તિમાં પ્રવૃત્ત થયા. સજ્જન પુરુષો ! આ દૃષ્ટાંત સાંભળીને આપને સારી રીતે જણાયું હશે કે મૂર્તિપૂજાથી કોઇ પણ મત છૂટી શકતો નથી. જિજ્ઞાસુ રાજાની માફક પોતાના આત્માનું કલ્યાણ કરવાવાળી જિનમૂર્તિનું પૂજન પ્રતિદિન નિશ્ચયપૂર્વક કરવું જોઇએ.

પાઠકગણ ! હવે હું મારું કહેવું સમાપ્ત કરું છું અને સાથે સાથે પ્રાર્થના કરું છું કે મારું આ કથન કોઇ મહાશયને ન રૂચે અથવા તો તેનાથી કંઇ અપ્રસન્નતા થાય તો તેમની પાસે હું ક્ષમા યાચું છું.

**खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणई ॥**

**ॐ शान्तिः ! शान्तिः ! शान्तिः !**

# અમારાં પ્રકાશનો.

| | | |
|---|---|---|
| ૧ | જૈનવ્રતવિધિસંગ્રહ. | ૦– ૮–૦ |
| ૨ | હીરપ્રશ્નોત્તરાણિ | ૦–૧૨–૦ |
| ૩ | શ્રીપાલચરિત્રમ્ | ૦– ૦–૦ |
| ૪ | તત્ત્વન્યાયવિભાકરઃ | ૦– ૮–૦ |
| ૫ | પંચસૂત્રમ્ | ૦– ૦–૦ |
| ૬ | હરિશ્ચન્દ્રકથાનકમ્ | ૦– ૦–૦ |
| ૭ | વૈરાગ્યરસમંજરી | ૦– ૦–૦ |
| ૮ | ચૈત્યવન્દનચતુર્વિંશતિઃ | ૦– ૨–૦ |
| ૯ | કવિકુલકિરીટ | ૦– ૮–૦ |
| ૧૦ | મૂર્તિમંડન | ૦– ૪–૦ |
| ૧૧ | આરંભસિદ્ધિઃ | (પ્રેસમાં) |
| ૧૨ | તત્ત્વન્યાયવિભાકરઃ [સ્વોપજ્ઞન્યાયપ્રકાશ ટીકા સહિત] | ,, |

લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાલા

છાણી (વડોદરા સ્ટેટ.)

## પરિશિષ્ટ

**जम्माभिसेयनिक्खमणचरणनाणुप्पपायनिव्वाणे ।**
**दियलोअभवणमंदरनंदीसरभोमनगरेसु ॥ ३३४ ॥**

**अट्ठावयमुज्जिते गयग्गपयए य धम्मचक्के य ।**
**पासं रहावत्तनगं चमरुप्पायं च वंदामि ॥ ३३५ ॥**

**ભાવાર્થ**:— તીર્થંકરોની જન્મભૂમિ, વિહાર, ચારિત્ર, જ્ઞાનોત્પત્તિ અને નિર્વાણ સ્થાનોમાં તથા દેવલોકોના ભવનોમાં, મેરૂપર્વતને વિષે, નંદીશ્વર દ્વીપના વિષે, પાતાલના વિષે તથા નગરના વિષે, અષ્ટાપદ, ગિરનાર, ગજાગ્રપદ અને ધર્મચક્રના સ્થાનોમાં તથા પાર્શ્વનાથ ભગવાનનો ધરણેન્દ્રે મહિમા કર્યો તે સ્થાનને વિષે તથા રથાવર્ત પર્વતના વિષે તથા ચમરેન્દ્રના ઉત્પાતના સ્થાનમાં રહેલા ચૈત્યોને હું વંદના કરૂં છું. ૩૩૪-૩૩૫.

**गुणमाहप्पं इसिनामकित्तण सुरनरिंदपूया य ।**
**पोराणचेइयाणि य इय एसा दंसणे होइ ॥ ३३७ ॥**

**ભાવાર્થ**:—આચાર્યાદિના ગુણ માહાત્મ્યનું વર્ણન, મહર્ષિઓના નામોનું કીર્તન, દેવતા અને ઇંદ્રોએ તીર્થંકરની કરેલી પૂજાનું કથન અને પુરાણા ચૈત્યો (પ્રભુમૂર્તિઓ)ની પૂજા આદિ કરવાથી દર્શન (સમકિત)ની શુદ્ધિ થાય છે.

આચારાંગ શ્રુ૰ ૨, ચૂ૰ ૩ ભાવનાખ્ય નિર્યુક્તિ દર્શનભાવના.

**पीतीय दोण्ह दूओ पुच्छणमभयस्स पत्थवे सोउ ।**

तेणावि सम्मदिट्ठित्ति होज्ज पडिमारहंमि गया ॥ दट्ठुं सबुंद्धो रक्खिअ्रओय ॥

व्याख्या—अन्यदाऽर्द्रकपित्रा जनहस्तेन राजगृहे श्रेणिकराज्ञः प्राभृतं प्रेषितं। आर्द्रकुमारेण श्रेणिकसुतायाभयकुमाराय स्नेहकरणार्थं प्राभृतं तस्यैव हस्तेन प्रेषितं जनो राजगृहे गत्वा श्रेणिकराज्ञः प्राभृतानि निवेदितवान् सम्मानितश्च राज्ञा आर्द्रकप्रहितानि चाभयकुमाराय दत्तवान् कथितानि स्नेहोत्पादकानि वचनानि अ्रभयेनाऽचिन्ति नूनमसौ भव्यः स्यादासन्नसिद्धिको यो मया सार्धं प्रीतिमिच्छतीति, ततोऽभयेन प्रथमजिनप्रतिमा बहुप्राभृतयुतार्द्रकुमाराय प्रहिता, इदं प्राभृतमेकान्ते निरुपणीयमित्युक्तं जनस्य सोऽप्यार्द्रकपुरं गत्वा यथोक्तं कथयित्वा प्राभृतमार्पयत् प्रतिमां निरुपयतः कुमारस्य जातिस्मरणमुत्पन्नं धर्मे प्रतिबुद्धमना अभयं स्मरन् वैराग्यात् कामभोगेष्वनासक्तस्तिष्ठति, पित्रा ज्ञातं मा क्वचिदसौ यायादिति पंचशतसुभटैर्नित्यं रक्ष्यत इत्यादि।

**ભાવાર્થ**:— એક દિવસ આર્દ્રકુમારના પિતાએ માણુસની સાથે શ્રેણિકરાજાને અને આર્દ્રકુમારે અભયકુમારને ભેટ મોકલી. અભયકુમારે વિચાર કર્યો કે આ જરૂર ભવ્ય અથવા નજીકમાં સિદ્ધિગતિને પામનારો હોવો જોઇએ તે કારણુથી અભયકુમારે જિનેશ્વર દેવની મૂર્તિ સાથે ઘણું ભેટણું મોકલ્યું. પ્રતિમા જોઇને આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, અને વૈરાગ્ય થવાથી કામભોગોમાં અનાસક્ત રહેવા લાગ્યો, તેથી તેનો પિતા તેની પાંચસો સુભટોદ્વારા રક્ષા કરે છે.

શ્રી સૂત્રકૃતાંગ, શ્રુતસ્કન્ધ ૨, અ. ૬.

तेसिणं पेच्छाघरमंडवाणं पुरओ चत्तारि मणिपेढिताओ पण्णत्ताओ तासिणं मणिपेढियाणं उवरि चत्तारि २ चेतितथूभा पण्णत्ता तासिणं चेतितथूभाणं पत्तेयं २ चउद्दिसिं चत्तारिमणिपेढियातो पण्ण० तासिणं मणिपेढिताणं उवरि चत्तारि जिणपडिमाओ सव्वरयणामईतो सपलियंकणिसन्नाओ थूभाभिमुहाओ चिट्ठंति तंजहा रिसभा, वद्धमाणा, चंदाणणा, वारिसेणा तेसिणं चेतितथूभाणं पुरतो चत्तारि मणिपेढिताओ पण्ण०तासिणं मणिपेढिताणं उवरि चत्तारि चेतितरुक्खा पण्ण०

ભાવાર્થ—તે પ્રેક્ષાગૃહ મંડપના આગળ ચાર મણિપીઠ કહ્યા છે. તે મણિપીઠ ઉપર ચૈત્યસ્તંભ કહ્યા છે. તે ચૈત્યસ્થંભ ઉપર પ્રત્યેક પ્રત્યેક ચાર દિશામાં ચાર મણિપીઠ કહ્યા છે. તે મણિપીઠ ઉપર ચાર જિનેશ્વર ભગવાનની પ્રતિમા (મૂર્તિઓ) છે. તે કેવી છે તે કહે છે. સર્વરત્નમય પર્યંકાસને નિસન્ન સ્તંભના અભિમુખ રહે છે તે આ પ્રમાણે (શાશ્વત જિન કયા છે તે કહે છે) ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, વારિષેણ.

ઇતિ સ્થાનાંગ સૂત્ર ૪, સ્થાનાધ્યયન ઉદ્દેશ ૨, સૂત્ર ૩૦૭

सोहम्मे कप्पे सुहम्माए सभाए माणवए चेइयक्खंभे हेट्ठा उवरिं च अद्धतेरस २ जोयणाणि वज्जेत्ता मज्झे पणतीस जोयणेसु वइरामएसु गोलवट्टसमुग्गएसु जिणसकहाओ पन्नताओ ॥ ५ ॥

ભાવાર્થ-સૌધર્મ દેવલોકની સુધર્મા સભામાં માણવક નામના ચૈત્યસ્તંભના ઉપર નીચે સાડાબાર યોજન વર્જીને મધ્યના પાંત્રીસ યોજનમાં વજ્રમય ગોળ—વર્તુલાકાર ડાબડાઓમાં જિનેશ્વર ભગવાનની દાઢાઓ છે.

ભગવાનના નિર્વાણ સમયે દેવતાઓ પૂજા કરવા માટે

લઇ જાય છે. આથી એમ સિદ્ધ થાય છે કે ભગવાનની દાઢા પણ જ્યારે પુજનીય ગણાય તો પછી મૂર્તિપૂજા માટે તો શી શંકા હોય?

સમવાયાંગ સૂત્ર ૩૫

**एवामेव असुरकुमारा वि देवाणणत्थ अरिहंते वा अरिहंतचेइआणि वा अणगारे वा भावियप्पणो णिस्साए उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पोत्ति ॥ सूत्र १४२ ॥**

**ભાવાર્થ**—હે ગૌતમ! કોઇ નિર્બળ પણ સબળનું શરણું લઇ ઇષ્ટ સિદ્ધિ કરી શકે છે. એવી રીતે અસુરકુમારના દેવો પણ અરિહંત-અરિહંત ભગવાનના ચૈત્યો મૂર્તિ (મંદિરો) ભાવિતાત્મા અણગાર(સાધુ)ની નિશ્રાએ ઊર્ધ્વ (વૈમાનિક દેવોના સ્થાનોમાં) જઇ શકે છે. નિશ્રા વગર નહિ.

ભગવતી સૂત્ર શતક ૩, ઉદ્દેશ ૨ સૂત્ર ૧૪૨

**नो खलुविसए चमरस्स असुरिंदस्स असुररन्नो अप्पणो णिस्साए उड्ढं उवयित्ता जाव सोहम्मो कप्पो। णण्णत्थ अरिहंते वा अरिहंतचेइयाणि वा अणगारे वा भावियप्पणो णिस्साए उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पो ॥ १४४ ॥**

સૌધર્મેન્દ્ર વિચાર કરે છે કે-ચમરેન્દ્ર, અસુરેન્દ્ર, અસુર રાજા પોતાની નિશ્રાએ ઉપર આવી શકવાને સમર્થ નથી... પણ અરિહંત-અરિહંતના ચૈત્યો અથવા ભાવિતાત્મા અણગારની સહાયતાથી જ ઉપર આવી શકે.

આથી જિનેશ્વર ભગવાનનાં મંદિર-મૂર્તિઓ સ્પષ્ટપણે માલૂમ પડે છે. તેનો નિષેધ કરવો તે નર્યો કદાગ્રહ જ કહેવાય.

ભગવતી શતક ૩, ઉદ્દેશ. ૨, સૂત્ર ૧૪૪

पभूणं भंते चमरे असुरिंदे....दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरित्तए ? णो इणट्ठे समट्ठे से केणट्ठेणं भंते एवं वुच्चइ णो पभू जाव विहरंत्तए ? गोयमा ! चमरस्सणं असुरिंदस्स... चमरचंचाए रायहाणिए सभाए सुहम्माए माणवए चेईय-खंभे वइरामएसु गोलवट्ट समुग्गएसु बहुइओ जिण सकहाओ सन्निक्खिताओ चिठ्ठंति जाओणं चमरस्स......अन्नेसिं च बहुणं असुरकुमाराणं देवाणं देवीणय अच्चणिज्जाओ वंदणिज्जाओ, नमंसणिज्जाओ पूयणिज्जाओ सक्कारणिज्जाओ सम्माणणिज्जाओ कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासणि-ज्जाओ भवंति से तेणट्ठेणं अज्जो एवं वुच्चइ णो पभू जाव विहरित्तए

भगवती शतक १०, उद्देश ५, सूत्र ४०५

( ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે. ) હે ભગવન્ ! ચમર અસુર દેવનો ઇંદ્ર દેવ સંબંધી ભોગો ભોગવતો વિચરવાને સમર્થ છે ? આ અર્થ સમર્થ ( ઠીક ) નથી એ કયા કારણથી કહો છો ? હે ગૌતમ ! ચમરેન્દ્ર, અસુરેન્દ્ર ચમરચંચાની રાજ-ધાનીમાં સુધર્મા નામની સભામાં માણવક ચૈત્ય સ્તંભમાં વજ્ર-મય ગોલ વર્તુલાકાર દાબડાઓમાં ઘણી જિનેશ્વરની દાઢાઓ સ્થાપન કરેલી છે. જે દાઢાઓ ચમરેન્દ્ર અન્ય અસુરકુમાર દેવો અને દેવીઓને અર્ચન યોગ્ય, વન્દનીય, નમસ્કાર યોગ્ય, પૂજા કરવા લાયક, સત્કાર કરવા યોગ્ય, સન્માન કરવા લાયક, કલ્યાણકારી, મંગલકારી દેવસંબંધી ચૈત્ય અર્થાત્ જિનપ્રતિમાની માફક સેવા કરવા યોગ્ય હોય છે. આ કારણથી હે આર્ય ! એમ કહેવાય છે.

ભગવતી શતક ૧૦, ઉદ્દેશ ૫, સૂત્ર ૪૦૫.

जंघाचारस्स णं भंते तिरियं केघईए गति विसए

पन्नत्ता ? गोयमा ! से णं इत्तो एगेणं उप्पाएणं रुअगवरे दीवे समोसरणं करेइ तहिं चेईआइं वंदइ वंदइत्ता तओ-पडि नियत्तमाणे बीइएणं उप्पाएणं णंदीसरे दीवे समोसरणं करेइ तहिं चेइआइं वदइ वंदइत्ता इहमागच्छइ इह चेईआई वंदइ जंघाचारस्सणं गोयमा ! तिरयं एवईए गतिविसए पन्नत्ता ॥

भगवती शतक २०, उद्देश ९, सूत्र ६८३

ભાવાર્થ—હે ભગવન્ત ! જંઘાચારણ મુનિઓની તિરછી ગતિનો વિષય કેટલો છે ? હે ગૌતમ ! તે મુનિઓ એક ઉત્પાત-વડે રૂચકવર દ્વીપમાં સમવસરણ કરે છે. ત્યાં ચૈત્યોને ( મંદિરમાં રહેલ જિનેશ્વર ભગવાનને ) વાંદે છે. વંદન કરી અહીં આવે છે અને અહીં આવીને ચૈત્યોને વાંદે છે. હે ગૌતમ ! જંઘાચારણ મુનિવરોની તીરછીગતિ આટલી છે.

આવી રીતે ઊર્ધ્વગતિ વિષયનો પ્રશ્ન ગૌતમસ્વામી કરે છે તે પાઠ પણ ત્યાં આ પાઠની સાથે જ આપેલ છે. તેમાં પણ જિનેશ્વર ભગવાનની મૂર્તિને વંદન કરે છે.

ભગવતી શતક ૨૦, ઉદ્દેશ ૯, સૂત્ર ૬૮૩

एहिइणं देवाणुप्पिया ! कल्लं इहं महामाहणे उप्पन्ननाण-दंसणधरे तीयपडुपन्नमणागयजाणए अरहा जिणे केवली सव्वण्णू सव्वदरिसि तेलोक्कवंदियमहियपूइए सदेवमणु-यासुरस्स लोगस्स अच्चणिज्जे वन्दणिज्जे सक्कारणिज्जे संमाणिज्जे कल्लाणं मङ्गलं देवयं चेइयं जाव पज्जुवासणिज्जे ।

उपासकदशा अध्य० ७, सूत्र २

ભાવાર્થ—હે દેવાનુપ્રિય ! આવતીકાલે, ઊત્પન્ન થએલા જ્ઞાન દર્શનને ધારણ કરનાર અતીત, વર્તમાન અને અનાગતને જાણનાર

અરિહંત, જિનકેવલી, સર્વજ્ઞ,સર્વદર્શી,અને ત્રણ લોકવડે પૂજાયેલા, લોકોને પૂજનીય, વન્દનીય, સત્કારણીય, સન્માન્ય ( વીર ભગવાન ) આવશે તેમની કલ્યાણકારી દેવતાની ( જિનેશ્વર ભગવાન ) ચૈત્યની જેમ પર્યૂપાસના—પૂજા કરવી.

ઉપાશક દશા. અધ્યયન ૭, સૂત્ર ૨,

**अह केरिसए पुण आराहए वयमिणं! जेसे उवहीभत्त-पाणे संगहदाणकुसले अच्चंत बाल १ दुब्बल २ गिलाण ३ वुड्ढ ४ खवगे ५ पवत्त ६ आयरिय ७ उवज्झाय ८ सेहे ९ साहम्मिए १० तवसी ११ कुल १२ गण १३ संघ १४ चेईयट्ठे १५ निज्जरट्ठीवेयावच्चं अणिस्सियं दसविहं बहुविहं पकरेइ ॥**

**प्रश्नव्याकरण ३ संवरद्वार ।**

હે ભગવન્ ! કેવો સાધુ ત્રીજા વ્રતને આરાધે ?

જવાબ—જે સાધુ ઉપધિ અને ભાતપાણીને લેવામાં ને આપવામાં કુશળ હોય, અત્યન્ત બાલ, દુર્બલ, ગ્લાન, વૃદ્ધ, ક્ષપક, પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાય, શક્ષક, સાધર્મિક, તપસ્વી, કુલ,ગણ, સંઘ, ચૈત્ય(જિનપ્રતિમા)ની અનિશ્રિતપણે વેયાવચ્ચ કરે.

આ પાઠમાં પણ એ જ બતાવે છે કે જિનેશ્વર ભગવાનની મૂર્તિને નહિ માનનારા શાસ્ત્રથી અજ્ઞાત છે અને ખોટા કદાગ્રહમાં પડેલા છે. તેમજ જિનેશ્વર સંબંધી ચૈત્યોને બનાવવા આદિ આશ્રવ નથી એ સ્પષ્ટ સિધ છે બસ હવે તો જીદ છોડો.

પ્રશ્નવ્યાકરણ, સંવરદ્વાર ૩

**सामिण्णा पुव्वं वागरियं भगवगोयमसामिम्मि जह जो महापव्वं विच्छिंदइ चेइयाणि य वंदई धरणिगोयरो**

सो तेणेव भवग्गहणेणं सिज्झति, तंच देवा अन्नमन्नस्स कहिंति जहाकिर धरणिगोयरो अट्ठावयं जो विलग्गति सो तेणेव भवेण सिज्झइ ततो गोयमसामि चिंतइ जह अट्ठावयं वच्चेज्जा ततो सामि तस्स हिययाकूतं जाणिउण तावसाय संबुज्झिहिन्तित्ति भगवया भणितो वच्च गोयम ! अट्ठावयं चेइयं वंदेउं ताहे भगवं गोयमो हट्ठतुट्ठो भगवं वंदित्ता गतो अट्ठावयं चेइयाणि वंदित्ता उत्तरपुरच्छिमे दिसिभाए पुढवी सीलावट्टए असोगवरपादवस्स अहे तं रयणि वासाए उवागतो ततो भगवं बिइयदिवसे चेइयाणि वंदित्ता पच्चोरुहइ

आवश्यक सूत्र, पत्र २८७

**ભાવાર્થ:**—સ્વામીએ ( મહાવીર ભગવાને ) ગૌતમસ્વામી નહિ આવેલા તે પૂર્વે કહેલું કે—

જે કોઇ ભૂમિચર (મનુષ્ય) અષ્ટાપદ પર્વત ઉપર ચઢે અને ચૈત્યોને (જિનપ્રતિમાઓને) વંદન કરે તે તેજ ભવમાં સિદ્ધ થાય અર્થાત્ મુક્તિ ગતિને પ્રાપ્ત કરે. તેજ વાતને દેવો પરસ્પર કહે છે કે જે ભૂમિચર અષ્ટાપદ પર્વત ઉપર ચઢે તે તેજ ભવમાં સિદ્ધ થાય તે વાત સાંભળી ગૌતમસ્વામી વિચારે છે કે હું અષ્ટાપદ ગિરિ ઉપર જાઉં, ત્યારે વીર ભગવાન તેમના હૃદયના વિચાર જાણીને તાપસો પણ બોધ પામશે એમ ધારી ભગવાને કહ્યું કે— અષ્ટાપદપર્વત ઉપર ચૈત્યના વંદનાર્થે જાઓ એટલે ખુશ થએલા ગૌતમસ્વામી, ભગવાન વીરસ્વામીને વાંદીને અષ્ટાપદ ગયા. ચૈત્યોને વંદન કરીને ઉત્તર પશ્ચિમ દિશાએ (ઇશાનખુણે) પૃથ્વી વિશાલા પટ્ટ ઉપર અશોકવૃક્ષના નીચે રાત્રિવાસો કરી બીજે દિવસે ચૈત્યોને વંદન કરી નીચે ઉતર્યા,

આવશ્યકસૂત્ર, પાનું ૨૮૭,

**थुभसयभाउआणं चउवीसं चेव जिणहरे कासी ।**
**सव्व जिणाणं पडिमा वण्णपमाणेहिं निअएहिं ॥ ६७ ॥**

**आवश्यक निर्युक्ति**

**ભાવાર્થ:**—સો (૧૦૦) ભ્રાતાઓના સ્તૂપ અને ચોવીશ જિનમંદિર કરાવ્યાં, સર્વ જિનેશ્વર ભગવાનની પોતપોતાના વર્ણ અને પ્રમાણવાલી પ્રતિમાઓ કરાવી.

**तत्तो य पुरिमताले वग्गुरईसाण अच्चए पडिमा ।**
**मल्लीजिणाण पडिमा उग्णापवंसी बहुगोट्ठी ॥ ४९० ॥**

**आव० नि०**

**ભાવાર્થ:**—ત્યારપછી સ્વામી પુરિમતાલ નામના નગરમાં આવે છે. ત્યાં વગ્ગુર નામનો શેઠીઓ છે. તેની ભદ્રા નામની ભાર્યા છે. એક દિવસ વગ્ગુર શેઠીઓ શકટમુખ નામના ઉદ્યાનમાં ઉજાણી માટે ગયો ત્યાં જીર્ણશીર્ણ મંદિર દેખે છે તેમાં મલ્લિનાથ ભગવાનની મૂર્તિ છે તેને નમસ્કાર કરે છે. તેનો જીર્ણોદ્ધાર શરૂ કરી હમેશાં ત્રિકાલ સેવા–પૂજા કરે છે. ત્રણ પર્વમાં વિશેષ આશ્રય કરે છે. એવી રીતે તે શ્રાવક થયો.

**ताहे संवेग मावन्नो भणाति संदिसह इयाणि किं करेमि ? भणति वद्धमाणसामिस्स पडिमं करेहि ततो ते सम्मत्तबीयं होहित्ति ।**

**आवश्यक सूत्र पृष्ठ २९७**

**ભાવાર્થ:**—વિદ્યુન્માલી અચ્યુતેંદ્રને પૂછે છે કે હવે શું શું કરૂં ? અચ્યુતેન્દ્ર કહે છે કે વર્ધમાનસ્વામીની પ્રતિમા બનાવ, તેનાથી તને સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે.

अंतेउरे चेईयघरं कारियं: पभावइ ण्हाया तिसंज्झं अच्चेई । आवश्यक पृ० २९८

**ભાવાર્થ**—વિદ્યુન્માલીએ બનાવેલી મૂર્તિ પ્રભાવતીને મળે છે. તેણીએ અંતેઉરમાં ચૈત્યઘર કરાવ્યું અને પ્રભાવતી સ્નાન કરીને ત્રણ કાળ વર્ધમાનસ્વામીની પૂજા કરે છે.

**इओय गंधारश्रो सावगो सव्वाश्रो जम्मभूमिओ वंदित्ता वेयड्ढ कणगपडिमाउ सुणेत्ता उववासेण ठिओ जई वा मओ दिठ्ठाओ वा देवयाए दंसियाश्रो तुठ्ठाय सव्वकामियाणं गुलियाणं सयं देति ततो णींतो सुणेइ वीतभए जिणपडिमा गोसीसचंदणमई तं वंदिउं एइ वंदति ।**

**आव. पृष्ट २९८**

**ભાવાર્થ:**—ત્યારપછી ગંધારક શ્રાવક સર્વ જન્મભૂમિઓને વંદન કરીને વૈતાઢ્ય પર્વત ઉપર કનક પ્રતિમાઓ સાંભળીને ઉપવાસ કરીને રહ્યો. તુષ્ટ થયેલા દેવતાએ તેને દર્શન કરાવ્યા, અને તેને સર્વ કામિતને કરનારી સો ગુટિકાઓ આપી. ત્યારપછી તે સાંભળે છે કે વીતભયપત્તનમાં ગોશીર્ષચંદનની જિનપ્રતિમા છે ને ત્યાં વાંદવા આવે છે અને વાંદે છે.

**सोय सेणियस्स सोवण्णियाणं जवाणमट्ठसतं करेइ चेइयरयणियाए परिवाडिए सेणिओ कारेइ तिसंज्झं**

**आवश्यक पृष्ठ, ३६८**

**ભાવાર્થ:**—તે સોનાર શ્રેણિક રાજાના સોનાના એકસો આઠ જવ કરે છે, અને ચૈત્યની પૂજામાં શ્રેણિક પ્રભુ આગળ સ્વસ્તિક કરવામાં વાપરતો હતો.

**सिज्जंभवं गणहरं जिणपडिमा दंसणेण पडिबुद्धं**

**दशवैकालिक निर्युक्ति ।**

અર્થ—શય્યંભવ આચાર્ય જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામ્યા.

तेणं कालेणं तेणं समएणं जाव तुंगीयानयरीए बहवे समणोवासगा परिवसंति संखे सयए सियप्पवाणे रिसी· दत्ते दमगे पुक्खली निबद्धे सुपइट्ठे भाणुदत्ते सोमिले नरवम्मे आणंदकामदेवाइणो अन्नत्थगामे परिवसंति अड्ढा- दित्ता विच्छिन्न विपुलवाहणा जाव लद्धट्ठा गहियट्ठा चाउदस- ट्ठमुदिट्ठ पुण्णमासिणीसु पडिपुण्णं पोसहपालेमाणा निग्गंथणा निग्गंथिणा य फासु एसणिज्जेणं असणादि ४ पडिलाभेमाणा चेइयालएसु तिसंझं चंदणपुप्फधूववत्थाईहिं अच्चणं कुणमाणा जाव जिणहरे विहरंति से तेणट्ठेणं गोयमा जो जिणपडिमं पुएइ सो नरो सम्मदिट्ठी जाणियव्वो जो जिणपडिमं न पुएइ सो मिच्छद्दिट्ठी जाणियव्वो मिच्छद्दिट्ठिस्स नाणं न हवइ चरणं न हवइ मुक्खं न हवइ सम्मदिट्ठिस्स नाणं चरणं मुक्खं च हवइ से तेणट्ठेण गोयमा सम्मदिट्ठिसड्ढेहिं जिणपडि- माणं सुगंधपुप्फचंदणविलेवणेहिं पूया कायव्वा ।

महाकल्पसूत्र.

ભાવાર્થ:—તે કાલમાં તે સમયમાં યાવત્ તુંગીયાનગ- રીમાં ઘણા શ્રમણોપાસક વસે છે. શંખ, શતક, સિતપ્રવાલ, ઋષિદત્ત, દમક, પુષ્કલી, નિબદ્ધ, સુપ્રતિષ્ઠ, ભાનુદત્ત, સોમિલ, નરવર્મ, આણંદ અને કામદેવ આદિ અન્ય અન્ય ગામોમાં વસતા હતા. ધનાઢ્ય તેજસ્વી એવં વિસ્તાર બલ—વાહનવાલા હતા તથા સૂત્રોના અર્થને પામેલા હતા. ચતુર્દશી, આઠમ, પૂર્ણિમા અને અમાવાસના દિવસે પરિપૂર્ણ પૌષધને પાલતા થકા

સાધુ-સાધ્વીઓને પ્રાસુ-દોષરહિત ભોજનાદિ વહોરાવતા, ભગવાનના મંદિરોમાં ત્રિકાળ ચન્દન, પુષ્પ, ધૂપ અને વસ્ત્રવડે પૂજા કરતા યાવત્ જિનમંદિરમાં વિચરે છે. તે માટે હે ગૌતમ! જે જિનપ્રતિમાને પૂજે છે તેને સમકિતદૃષ્ટિ જાણવો. જે નથી પૂજતો તે મિથ્યાદૃષ્ટિ જાણવો. મિથ્યાદૃષ્ટિને જ્ઞાન હોતું નથી, ચારિત્ર હોતું નથી તેમ મોક્ષ પણ હોતો નથી. સમકિતદૃષ્ટિને જ્ઞાન, ચારિત્ર અને મોક્ષ હોય છે. તે કારણથી હે ગૌતમ! સમ્યગ્દૃષ્ટિએ જિનપ્રતિમાની પૂજા સુગંધી ચંદન, ધૂપ, વિલેપન આદિવડે કરવી જોઇએ.

**काउंपि जिणायणेहिं मंडियं सयलमेइणीवट्टं । दाणाइ चउक्केण वि सुट्ठु विगच्छिज्ज अच्चुअयं ण परउ गोयम-गिहित्ति ।** **महानिशिथसूत्र, अ. ३**

**અર્થ**—જિનેશ્વર ભગવાનના મંદિરોથી સકળ પૃથ્વીને સુશોભિત કરી, તથા દાનાદિ ચાર ધર્મનું સારી રીતે સેવન કરી શ્રાવક બારમા દેવલોક સુધી જઇ શકે. હે ગૌતમ! તેનાથી ઉપર જઈ શકતો નથી.

**तिलोगमहियधम्मतित्थंकराणं जगगुरुणं भावच्चण दव्वच्चणभेदेण दुहच्चणं भणियं भावच्चणं चारित्ताणुठाण कठुग्गघोरतवचरणं दव्वच्चणविरहिया विरयसीलपूया-सक्कारदाणादी ता गोयमाणं पसत्थे परमत्थे तंजहा भाव-च्चणमुग्गविहारयाय दव्वच्चणं तु जिणपूया पढमा जइण दोन्निवि गिहीण पढमच्चिय पसत्था ।**

**महानिशिथ, अ. ३**

**ભાવાર્થ**—ત્રણ લોકથી પૂજિત, ત્રણ જગતના ગુરુ

એવા ધર્મતીર્થંકરનું દ્રવ્યપૂજન અને ભાવપૂજનના ભેદવડે બે પ્રકારે પૂજન કહ્યું છે. ચારિત્રના અનુષ્ઠાનનું કષ્ટ અને ઘોર તપાચરણ એ ભાવાર્ચન કહેવાય છે. દ્રવ્યાર્ચન જિનેશ્વર ભગવાનની પૂજા, સત્કાર અને દાનાદિ, તે માટે હે ગૌતમ ! એ અર્થ પરમાર્થને બતાવે છે. ભાવાર્ચન ઉગ્ર વિહારાદિ, દ્રવ્યાર્ચન જિનેશ્વર ભગવાનની મૂર્તિપૂજા, મુનિઓને ભાવપૂજા અને ગૃહસ્થોને દ્રવ્ય તથા ભાવ પૂજા પ્રશસ્ત છે.

**तस्स गां सिद्धाययणस्स णं बहु समरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए एत्थणं महं एगे देवच्छंदए पण्णत्ते पंचधणुसयाइ आयामविक्खंभेणं साइरेगाइ पंचधणुसयाइं उड्ढं उच्चत्तेणं सव्वरयणामए एत्थणं अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमित्ताणं संनिक्खित्तं चिट्ठइ ॥**

**जंबूद्वीपप्रज्ञप्ति, सूत्र १२**

**ભાવાર્થ**—બહુ રમણીય ભૂમિભાગ છે જેનો એવા સિદ્ધાયતનના બહુ મધ્ય દેશ ભાગમાં એક દેવચ્છંદો છે. તે દેવછંદો વિષ્કંભઆયામવડે પાંચસો ધનુષ લાંબો પહોળો અને સાતિરેક પાંચસો ધનુષ ઊંચો સર્વરત્નમય છે. અહીંયા એક સો આઠ જિનેશ્વર ભગવાનની પોતપોતના પ્રમાણવાળી પ્રતિમાઓ છે.

**तासिं उप्पिं पत्तेयं २ देवच्छंदया पण्णत्ता दो जोअणाइं आयामविक्खंभेणं साइरेगाइं दो जोअणाइं उड्ढं उच्चत्तेणं सव्वरयणामया जिणपडिमा वण्णाओ जाव धूवकडुच्छुगा ।** **जंबूद्वीपपन्नति, सूत्र ८८**

**ભાવાર્થ**—તેમની પીઠિકાના ઉપર પ્રત્યેક પ્રત્યેક દેવચ્છંદાઓ છે અને ત્યાં બે યોજન લાંબી પહોળી, કાંઇક અધિક બે

યોજન ઊંચી સર્વરત્નમય એવી જિનપ્રતિમાઓ છે. એ પ્રમાણે ધૂપધાણા સુધી વર્ણન કરવું.

**अरिहंतचेइय जणवइ विसण्णि विट्ठ बहुल ।**

**उववाइ, सूत्र १**

**અર્થ**—ચંપાપુરી નગરી, અરિહંતના ચૈત્યો અને માનવીઓ વડે વિશાલ છે.

**अंबडस्स परिवायगस्स नो कप्पइ अण्णउत्थियएवा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहियाइं अरिहंतचेइआइं वा वंदित्तए वा नमंसित्तए वा णण्णत्थ अरिहंते वा अरिहंतचेइआइं वा ।** **उववाइसूत्र ४०**

**અર્થ**—અંબડ સંન્યાસીએ પ્રભુ પાસે નિયમ લીધો હતો કે મારે સાક્ષાત્ અરિહંતદેવ તથા તેમની મૂર્તિઓ સિવાય અન્ય તીર્થીઓ અને તેમના દેવો તથા અન્ય તીર્થિકોએ પોતાના દેવ તરીકે માનેલ અરિહંતની મુર્તિઓને પણ નમસ્કાર–વંદન કરવું નહિ કલ્પે.

**तत्थणं देवच्छंदए अट्ठसतं जिणपडिमाणं जिणुस्सेह पमाणमेत्ताणं संणिखित्तं चिट्ठइ ।** **रायपसेणी, सूत्र ११९**

**ભાવાર્થ**–સૂર્યાભવિમાનના સિદ્ધાયતનમાં તીર્થંકરની સરખી ઉંચાઇવાળી એકસો આઠ જિનેશ્વરની મૂર્તિઓ છે તથા માણવક ચૈત્યમાં તીર્થંકરોની દાઢાઓ છે જે પૂજનીય છે. અને આ નિત્ય કર્મ છે, જે આગામી કલ્યાણરૂપ છે, હિતકર છે, સુખકર છે, છેવટે મોક્ષને આપનાર છે.

**तासिणं जिणपडिमाणं उभओ पासिं पत्तेयं पत्तेयं चामरधार पडिमाओ चंदप्पहवइरवेरुलियनाणामणिकणग**

रयण विमल महरिह तवणिज्जुज्जल विचित्त दंडाओ चिल्लियाओ संखंककुंददगरय अमतमथितफेणपुंज सण्णिकासाओ सुहुम मरयत दीहवालाओ धवलाओ चामराओ सलीलं आहारेमाणीओ चिट्ठंति। रायपसेणी, सूत्र ११९

**ભાવાર્થ**—તે જિનેશ્વર ભગવાનની બન્ને બાજુએ રહેલ ચંદ્રના જેવી કાન્તિવાલા, વજ્રમય વૈડૂર્ય આદિ નાના પ્રકારના મણીઓથી યુક્ત દંડ છે, જેના સૂક્ષ્મ રજતમય વાળવાળા શંખ, અંકરત્ન, કુંદનું પુષ્પ, જલકણ, અમૃત અને મથિત ફેણના પુંજ સદૃશ સફેદ એવા ચામરોને ગ્રહણ કરીને આનંદપુર્વક તે પ્રતિમાઓને (અધિષ્ઠાયક દેવો) વીંઝી રહ્યા છે.

तासिणं जिणपडिमाणं पुरतो अट्ठसतं घंटाणं अट्ठसतं चंदणकलसाणं एवं अट्ठसतं भिंगारगाणं.........जाव लोमहत्थ चंगेरीणं पुप्फपडलगाणं अट्ठसयं तेल्ल समुग्गाणं जाव धूवकडुच्छुयाणं संणिखित्तं चिट्ठति। रायपसेणी, सूत्र १३९

**ભાવાર્થ**—તે જિનેશ્વરની પ્રતિમાઓ આગળ એકસો આઠ ઘંટા એકસો આઠ ચંદનના કલશ અને ધાતુના કળશ છે ઇત્યાદિ વિવિધ વસ્તુઓ છે યાવત્ એકસોઆઠ મોરપીછી, ૧૦૮ પુષ્પની માળાઓ અને ૧૦૮ તેલના દાબડાઓ યાવત્ એકસો આઠ ધૂપધાણાં છે.

'ततेणं से विजयदेवे चउहिं सामाणियसाहस्सीहिं जाव अण्णेहिय बहूहिं वाणमंतरेहिं देवेहिय देवीहिय सिद्धिं संपरिवुडे सव्विड्ढीए सव्वजुत्तीए जाव निग्घोसणाइ खेणं जेणेव सिद्धाययणे तेणेव उवागच्छत्ति २त्ता सिद्धायतणं अप्पयाहिणी करेमाणे २ पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसति अणुपविसित्ता जेणेव देवच्छंदए तेणेव उवागच्छति उवाग-

च्छित्ता आलोए जिणपडिमाणं पणामं करेति करेत्ता लोम-हत्थगं गेण्हति लोमहत्थगं गेण्हित्ता जिणपडिमाओ लोमह-त्थएणं पमज्जति २त्ता सुरभिणा गंधोदएणं ण्हाणेति २त्ता दिव्वाइ सुरभिगंध कासाइए गाताइं लूहेति २त्ता सरसेणं गोसीसचंदणेण गाताणि अणुलिपइ अणुलिपेत्ता जिणपडि-माणं अहयाइं सेताइं दिव्वाइ देवदूसजुयलाइं णियंसेइ नियं-सेत्ता अग्गेहिं वरेहिय गंधेहिय मल्लेहिय अच्चेति २त्ता पुप्फा-रुहणं गंधारुहणं मल्लारुहणं वण्णारुहणं चुण्णारुहणं आभरणा-रुहणं* करेति। जिवाभिगम सूत्र, १४२

ભાવાર્થ—ત્યારપછી તે વિજય દેવ ચાર હજાર સામાનિક દેવતાઓની સાથે તથા અન્ય ઘણા વાણુવ્યંતર દેવો સાથે પરિવરેલો સર્વઋદ્ધિથી, સર્વ કાન્તિથી યાવત્ વાજીંત્રોના શબ્દો સાથે જે ઠેકાણે સિદ્ધાયતન છે ત્યાં આવે છે. આવીને સિદ્ધાયતનને ત્રણ પ્રદક્ષિણા કરતો થકો પૂર્વના દરવાજાથી પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને જ્યાં દેવચ્છંદો છે ત્યાં આવે છે. આવીને જિનપ્રતિમાને દેખતા પ્રણામ કરે છે. પ્રણામ કરીને મોરપીછી ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને જિનપ્રતિમાઓને મોરપીછીથી પ્રમાર્જે છે. પ્રમાર્જન કરીને સુગંધીદાર પાણીથી સ્નાન કરાવે છે. સ્નાન કરાવીને દિવ્ય અને સુરભિ વસ્ત્રથી ભગવાનના શરીરને લુંછે છે. લુંછીને સરસ ગોશીર્ષ ચંદનનું વિલેપન કરે છે. વિલેપન કરીને જિનેશ્વરની પ્રતિમાઓને નહિ વાપરેલા અને અખંડ શ્વેત એવા દેવદૂષ્યની જોડી ભગવાનના શરીર ઉપર ઓઢાડે છે અને ઓઢાડીને સુંદર સુગંધીદાર પ્રધાન માલાઓવડે ભગવાનની પૂજા કરે છે. પૂજા કરીને ફૂલ ચઢાવે છે. ઇત્યાદિ

* આ પ્રમાણે જ રાયપસેણી સૂત્ર ૪૮માં સૂર્યાભદેવના અધિકારમાં છે.

तत्थणं जेसे उवरिम विडिमं एत्थणं एगेमहं सिध्धायतणे कोसं आयामेणं अध्धकोसं विक्खंभेणं देसूणं कोसं उड्ढं उच्चतेणं अनेकखंभसतसन्निविट्ठे वण्णाओ। तिदिसितओ दारा पंचधणु सता अड्ढाइज्जं धणुसय विक्खंभा मणिपेढिया पंचधणुसत्तियादेवछंदो पंचधणुसतविक्खभो सातिरेग पंचधणुसउच्चत्ते तत्थणं देवच्छंदए अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेधपमाणाणं। एव सव्वासिध्धायतणवत्तव्वया भाणियव्वा जाव धूवकडुच्छुया। जीवाभिगम, १५२

ભાવાર્થ—ત્યાં જે ઉપરની શાખા છે ત્યાં એક સિદ્ધાયતન છે, એક કોશ લાંબું અને અર્ધો કોશના વિસ્તારવાળું છે, કંઇક કમ એક કોશ ઊંચું છે, અનેક સેંકડો સ્તંભ ઉપર રહેલું છે. ત્રણ દિશામાં ત્રણ દરવાજા છે અને પાંચસો ધનુષ ઊંચી, અઢીસો ધનુષના વિસ્તારવાળી મણિપીઠિકા છે. તેના ઉપર પાંચસો ધનુષનો દેવચ્છંદો છે. પાંચસો ધનુષ ઊંચા અને પાંચસો ધનુષ વિસ્તૃત તે દેવછંદામાં જિનેશ્વર ભગવાનની ઊંચાઇ પ્રમાણે જિનેશ્વરની એકસો આઠ મૂર્તિઓ છે. એવી રીતે સર્વ સિદ્ધાયતન કહેવાં જોઇએ યાવત્ ધૂપધાણાં સુધી સમજવું.

धणिट्ठाहि सयभिसा साइ सवणोय पुण्णवसु एएसु गुरु सुस्सा चेइआणं च पूयणं। गणिविज्जा

અર્થ—ધનિષ્ઠા, શતભિષક, સ્વાતિ, શ્રવણ, પુનર્વસુ આ નક્ષત્રોમાં ગુરૂની સેવા અને જિનમૂર્તિઓનું પૂજન કરવું.

नियदव्वमपुव्वजिणिंदभवण जिणबिंबवरपइट्ठासु।
विअरइ पसत्थ पुत्थय सुतित्थ तित्थयरपूआसु ॥ ३१ ॥

भत्तपइन्ना

**અર્થ**—પોતાનાં દ્રવ્યનો અપૂર્વ જિનેંદ્રના ભવનમાં, તેમના બિંબ ભરાવવામાં અને તેમની પ્રતિષ્ઠામાં, પ્રશસ્ત પુસ્તકમાં, ઊંચા તીર્થમાં તથા તીર્થંકરની પૂજામાં ઉપયોગ કરે.

**सोउण तं भगवओ गच्छइ तहि गोयमो पहिअकित्ती । आरुहइ तं नगवरं पडिमाओ वंदइ जिणाणं ॥**

**उत्तराध्ययननि० अ. १०, गाथा २९१**

**અર્થ**—ભગવાનથી તે વાત સાંભળીને વિસ્તૃતકીર્તિ ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત ઉપર જાય છે અને જિનેશ્વર ભગવાનની મૂર્તિઓને વંદન કરે છે.

**तिहिनक्खत्त मुहुत्तरविजोगाइय पसन्नदिवसे अप्पा वोसिरामि जिणभवणाइ पहाणखित्ते गुरु वंदित्ता भणइ इच्छकारी तुम्हे अम्हं पंचमहव्वयाइं रायभोअणवेरमणछट्ठाइ आरोवावणीया ॥**

**अंगचूलिया**

**ભાવાર્થ**—તિથિ, નક્ષત્ર, મુહૂર્ત રવિજોગ આદિ જે દિવસે આત્માને વોસિરાવે તે જિનભવન આદિ પ્રધાન ક્ષેત્રમાં ગુરૂને વંદના કરીને કહે કે–" હું ઇચ્છું છું, આપ અમોને પાંચ મહાવ્રત અને છઠું રાત્રિભોજનવિરમણ વ્રત આરોપણ કરો."

દીક્ષા જેવી પ્રધાન કરણી જ્યારે જિનમંદિરોમાં કરવાની શાસ્ત્રાજ્ઞા હોય તો પછી તેને માનવામાં શંકા કરવી તે કયી જાતની મનોદશા કહેવાય?

**तेसिट्ठमे भवे मज्झविसएसु सावयवाणीयकुलेसु पुढो पुढो समुप्पज्जिस्संति तएणं ते दुवीसवाणीयगा उम्मुक्क बालवस्था विण्णाय परिणयमित्ता दुट्ठा धिट्ठा कुसीला पर वंचना खलुंकापुव्वभवमिच्छतभावाओ जिणमग्ग पडिणीया**

देवगुरुनिंदणाया तहा रुवाणं समणाणं माहणाणं पडिदुट्ठ-कारिणा जिणपण्णत्तं तत्तमन्नहा परुविणो बहूणं नरनारी सहस्साणं पुरओ नियगंप्पा नियकप्पियं कुमग्गं आघेवमाण पण्णवेमाणा जिणपडिमाणं भंजयाणं हीलंता खिसंता निंदंता गरिहंता परिहवंता चेइयतीत्थाणि साहुसाहूणीय उद्दावइस्संति ॥ श्री वग्गचूलीया सूत्र

ભાવાર્થ—ત્રેસઠમે ભવે મધ્યખંડમાં શ્રાવક વાણીયા કુલોમાં પૃથક્ પૃથક્ ઉત્પન્ન થશે. ત્યારપછી તે બાવીસ શ્રાવક બાલ્યાવસ્થા છોડીને વિજ્ઞાનમાં પરિણત દુષ્ટ, ધીઠ, કુસીલીયા, ઠગ, અવિનીત, પૂર્વભવના મિથ્યાત્વથી જિનમાર્ગના પ્રત્યનીક, દેવગુરુના નિંદક તથારૂપ શ્રમણ બ્રાહ્મણની સાથે શત્રુતા કરનારા, જિનેશ્વરપ્રરૂપિત ધર્મના અજાણ, હજારો નરનારીના આગળ કપોલકલ્પિત વિચારોને બોલનારા, જિનપ્રતિમાના ભંજક, હેલના કરનારા ખિંસના કરનારા, નિંદક, ગર્હા કરનારા, પરિહરનારા ચૈત્ય ( જિનપ્રતિમા ) તીર્થ અને સાધુ સાધ્વીને ઉઠાવશે.

આ સૂત્રપાઠથી જિનપ્રતિમા શાસ્ત્રસિદ્ધ હોવા છતાં મૂર્તિ નહિ માનનારાઓનો ખોટો કદાગ્રહ નહિ તો બીજું શું છે ?

राया पुच्छइ किं मन्ने मया सम्मत्तं लद्धपुव्वं ? को अहं आसी ? ततो साहुणा आभोएउण भणिओ, सुणेहि—उस्सभस्सऽरहओ तित्थेसाकेए नगरे धणदत्तो सत्थवाहो सावगो, तस्स नंदा भारिया, तेसिं पुत्तो सुरिंददत्तो तस्स रुद्दत्तो बालवयंसो सो. छि सुरिंददत्तो वाहणेण समुद्दम-षतखिकामो बहुपवावाओ पवासोत्ति चिंतेउण रुद्दत्तस्स हत्थे तिन्नि कोडीओ जिणाययण पूयाए उवयोगं नेयव्वाओत्ति दाउणं गओ संवहारेणं दीवंतराणि........तेणेय जं सुरिंद-

दत्त निसिट्ठ चेइयट्ठाए दव्वं विणासियं तेण जिणबिंबपूया वेसणाणं दितहिपयाणं भवसिद्धिआणं सम्मदंसण सुयओहिमणपज्जवकेवलनाणनिव्वाणलाभा पडिसिद्धा इत्यादि ॥

प्रथम अनुयोग

**ભાવાર્થ**—રાજા પૂછે છે કે હું શું માનું? મેં સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે કરી હતી? હું કોણ હતો? ત્યારબાદ સાધુએ ઉપયોગ મૂકીને કહ્યું–સાંભળ, ઋષભદેવ ભગવાનના તીર્થમાં સાકેતનગરમાં સાર્થવાહ ધનદત્ત શ્રાવકની નન્દા નામની ભાર્યા હતી. તેણીનો સુરેન્દ્રદત્ત નામનો પુત્ર હતો. તેને રૂદ્રદત્ત નામનો બાલમિત્ર હતો. વાહનવડે સમુદ્ર પાર કરવાની ઇચ્છવાળો તે સુરેન્દ્રદત્ત બહુ વિઘ્નવાલા પ્રવાસને ચિન્તવીને રૂદ્રદત્તના હાથમાં ત્રણ કોડી જિનેશ્વર ભગવાનની પૂજા માટે ઉપયોગમાં લેવી એમ કહી આપીને વેપાર માટે દ્વીપાંતરમાં ગયો. સમુદ્રદત્તે ચૈત્યને માટે આપેલા સુરેન્દ્રદત્તના દ્રવ્યનો વિનાશ કર્યો તે કારણથી ભવસિદ્ધિઓને કર્યું છે હિત જેણે એવા જિનબિંબની પૂજા અને દર્શનના અંતરાયથી સમ્યગ્દર્શન, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન અને નિર્વાણના લાભોનો પ્રતિષેધ કર્યો. ઇત્યાદિ.

સમાપ્ત